


# ટાઈની સ્ટાર્સ પ્રિસ્કુલ દ્વારા હેલ્થી બેબી કોમ્પીટીશન : નાના ભૂલકાઓએ સુંદર કૃતિઓ રજુ કરી : શિલ્ડ - સર્ટીફીકેટ અર્પણ

રાજકોટઃ નિલકંઠ સિનેમા સામે આવેલ ટાઈની સ્ટાર્સ પ્રિ સ્કુલ દ્વારા હેમુ ગઢવી ઓડીટોરીયમમાં હેલ્થી બેબી કોમ્પીટીશનનું આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા નાના નાના ભુલકાઓએ સુંદર કૃતિઓ રજૂ કરી ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ભૂલકાઓને સર્ટિફિકેટ તથા ગીફ્ટ આપી તથા વિજેતાઓને શિલ્ડ તથા સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ટાઈની સ્ટાર્સ પ્રિ સ્કુલમાં આગામી દિવસોમા સમર કેમ્પનુ પણ આયોજન કરાશે. તેમ ટ્રસ્ટી આરતી ઝાટકિયાની યાદીમાં જણાવાયુ છે.(૨૩.૨)

# ગુજરાતમાં અધિકારીરાજને નાબૂદ કરોઃ બાકી સાથણીદારોને કબજો કયારે સોંપાશેઃ વડાપ્રધાનને ડાયરેકટ પત્ર પાઠવાયો

## લોધીકા તાલુકા અનુ. જાતિ અધિકારી મંચની માંગણીઃ કલેકટર તંત્રના અમૂક અધિકારીઓ મનમાની ચલાવે છે

રાજકોટ તા. ૧૪ :.. લોધીકા તાલુકા અનુ. જાતિ અધિકાર મંચે ભારતના વડાપ્રધાનને પત્ર પાઠવી ગુજરાતમાં અધિકારીરાજને કાબુ કરવા પગલા લેવા માંગણી કરી છે.

પત્રમાં ઉમેર્યુ છે કે, છેલ્લા ત્રીસ વર્ષથી પ્રજાએ તમારા નામે ભરી ભરીને મત આપ્યા છે. પણ તમો દિલ્હી ગયા પછી હાલ ગુજરાત કયારેય ન હોઈ તેવું લાચાર લાગી રહ્યું છે. પ્રજા ખુલ્લે આપ લૂંટાઈ રહી છે. રાવ ફરીયાદ સાંભળવાવાળું કોઈ નથી અધિકારી રાજમાં ગુજરાતની પ્રજા પિસાઈ રહી છે.

લોધીકા તાલુકાના પાળ ગામેના અરજદાર-સાથણી ધારકે તા. ૧૩-૬-૨૦૨૩ ના બાકી કબ્જો સોંપવા અરજી કરતા રેવન્યુ રેકર્ડમાં ૭-૧૨ ના પાનીયા ચાલુ ન હોય અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની થતી ન હોવાનું છ મહિના બાદ તા. ૨૪-૧૧-૨૦૨૩ ના રોજ પ્રત્યુતર આપે છે. આ અધિકારીને એટલું જ્ઞાન પણ નથી કે પ્રત્યક્ષ કબ્જો સોંપ્યા બાદ જ ૭/૧૨ ના પાનીયામાં નામ આવે. ૭/૧૨ માં નામ નથી આવતું એટલે તો બાકી કબ્જો સોંપવા અરજી કરેલ છે.

ખેતીની જમીનના સાંથણી સને ૧૯૬૧ થી ૧૯૭૫ ના સમયગાળામાં વધુ થયેલ છે. જે તે સમયે તલાટી મંત્રી સાહેબોનો યુગ હતો, સાંથણીનો હુકમ થવા છતાં કબ્જો ન સોંપાયો આ કોંગ્રેસ યુગ હતો.. આ ભુલ ભાજપની સરકારે સને ૨૦૧૮ માં સુધારી અને ઐતિહાસીક નિર્ણય કારેલ કે આવા બાકી સાથણીના પ્રત્યેક્ષ કબ્જા યુધ્ધના ધોરણે છ મહિનામાં સોંપી આપવા જણાવી પરિપત્ર તા. ૧૯-૨-૨૦૧૮ ના બહાર પાડેલ પરિપત્રમાં કયાંય છ મહિના ની ડેડલાઈન નથી. પણ અતિ સ્માર્ટ રાજકોટના મહેસુલ તંત્રના અમૂક અધિકારીઓએ બાકી કબ્જાના સાંથણીદારોને પરિપત્રથી અજાણમાં રાખ્યા એક પણ ગ્રામ પંચાયતની ચાવડીએ બહોળી પ્રસિધ્ધી કરાવેલ નહી જયારે અભણ, દલિત, ઓબીસી ખેડૂતોને મોડી મોડી પરિપત્રની જાણ થઈ અને સને ૨૦૨૩-૨૪ માં અરજીઓ કરતા છ મહિનાની મુદત પુરી થઈ ગઈ તેવું ગતકડું કાઢી અરજીઓ દફતરે કરી દીધી છ મહિનામાં કામગીરી પૂર્ણ કરવાના લક્ષ્યાંક હતો પણ બાકી રહી ગયા હોય કે જે તંત્રના પાપે કારણ કે આ પરિપત્ર ગ્રામ પંચાયતની ચાવડીએ બહોળો પ્રસિધ્ધી કરાવેલ નથી કે આવા બાકી પ્રત્યક્ષ કબ્જાવાળા નામ નામોનું રેકર્ડ તંત્ર પાસે હતું જ તેને નોટીસથી જાણ કરવાની તંત્રની ફરજ છે. જે ફરજ બજાવી નહિ. સામાન્ય અભણ ખેત મંજૂરને સરકારી પરિપત્રની જાણ કયાંથી હોય ? સરકારની નેમ બધાને ન્યાય કરવાનો હતો. પણ કલેકટર તંત્ર રાજકોટના અમુક અધિકારોએ પરિપત્રનો હાર્દ જ કચડી નાખ્યો સરકારના હેતુ આ નીર્ભર તંત્રને છ મહિનામાં બાકી પ્રત્યક્ષ કબ્જા સોંપવાનું કામ પુર્ણ કરે તેવો હતો છ મહિનામાં લક્ષ્યાંક મુજબ કામ પૂર્ણ ન થાય તો છ મહિના પછી અરજી ના લેવી તેવી પરિપત્રમાં આવી કોઈ જ સુચના નથી. પણ ખેતમજુરો ઓફીસના પગથીયા ઘસતો રહે અને થાકીને મજબૂર કરવાનો એકમાત્ર આશ્રય છે. સુરેન્દ્રનગર જીલ્લામાં સને ૨૦૨૩ માં બાકી કબ્જા સોંપી આપેલ. દરેક જિલ્લે અલગ અલગ કાયદા હોઈ જ ન શકે.

લોકોને કોઈ અસુવિધા ન થાય તે માટે કાયદા નિયમો બન્યા છે. અને કાયદા મુજબ ન્યાય આપવાનો હોય છે. પણ અહી અધિકારીઓ જ પોતાને કાયદાથી ઉપર માનવા લાગ્યા છે. મોદી સાહેબ ગરીબો માટે તેમજ એકમાત્ર આશા છો. અને અધિકારરાજમાંથી મુકિત અપાવો અને ખેત મજૂરો સાથે ન્યાય થાય તેવી માંગણી છે. (૫-૧૨)

# ગોંડલની દર્શન હોટલવાળા મનસુખભાઇ વઘાસીયાનું અવસાનઃ ચક્ષુદાન




ધોરાજી તા.૧૪: ગોંડલના સેવભાવી અને દર્શન હોટલવાળા મનસુખભાઈ (નાદાભાઈ) જાદવભાઈ વઘાસીયાનું અવસાન થતા પરીવારજનોએ ધોરાજી માનવ સેવા યુવક મંડળના ધર્મેન્દ્ર બાબરીયા અને સાગર સોલંકીને ચક્ષુદાન કરવા અંગે જાણ કરી હતી. સરકારી હોસ્પિટલ- ધોરાજીના ચક્ષુદાન સેન્ટરના અધીક્ષક ડો.જયેશ વેસેટીયન અને મેડીકલ ટીમના રોહીત સોંદરવા અને નીતીન ચુડાસમા સહીતનાઓએ ગોંડલ ખાતે ચક્ષુદાન પ્રક્રિયા કરેલ હતી. આ તકે હરીભાઈ વઘાસીયા, મગનભાઈ વભાસીયા, ગોવીંદભાઈ વઘાસીયા, પ્રકાશભાઈ વઘાસીયા, હિરેનભાઈ વઘાસીયા, સાગરકુમાર સારોડીયા, મયુરભાઈ વઘાસીયા, હર્ષ વઘાસીયા, હાર્દિક વઘાસીયા, ચંદુભાઈ ગીણોયા, રમેશભાઈ ગીણોયા, અક્ષયભાઈ ગીણોયા, સહિતના હાજર રહેલ. સ્વ.મનસુભાઈ વઘાસીયાની વિશાળ સ્મશાન યાત્રા નીકળી હતી. જેમાં રાજકીય , સામાજીક સંસ્થાના હોદેદારો, ડોકટરશ્રીઓ સહિતના જોડાયા હતા. આ તકે માનવ સેવા યુવક મંડળના ધર્મેન્દ્ર બાબરીયા અને ભોલાભાઈ સોલંકીએ ગોંડલના વઘાસીયા પરીવારની સેવાઓને બીરદાવી. સ્વ.મનસુખભાઈ (ભાયાભાઈને) શ્રધ્ધા સુમન અર્પણ કરેલ હતા.

બેસણું તા.૧૬ ને ગુરૂવારે ૪ થી ૬ કે. અમારા નિવાસ સ્થાન ભોજરાજ શેરી નં.૪ હવેલીની બાજુમાં ગોંડલ ખાતે. રાખેલ છે. માનવસેવા યુવક મંડળ ધોરાજી અને સરકારી હોસ્પિટલને ૨૬૫ મું ચક્ષુદાન મળેલ છે.(૨.૮)

# અવસાન નોંધ

### ઇન્દુબેન નિઘાટે

રાજકોટઃ ઈન્દુબેન મોતીલાલ નિઘાટે (ઉ.વ.૮૨) તેઓ પ્રવીણભાઈ(ધુલિયા), નરેન્દ્રભાઈ(બી.એસ.એન.એલ.રાજકોટ), હિતેશભાઈના માતૃશ્રી તથા પુજા, કૃણાલ, મિત, વિધા, મનના દાદીનું તા.૧૨ના દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું ગુરૂવાર તા.૧૬ ના તેમના નિવાસ સ્થાન ''પુજા'' બ્લોક બીબી ૪, શાસ્ત્રીનગર (અજમેરા) નાનામવા મેઈન રોડ, રાજકોટ ખાતે સાંજે ૫ થી ૭ દરમ્યાન રાખેલ છે.

### દિવ્યેશભાઇ કુંડલીયા

જુનાગઢઃ સોરઠીયા વાણંદ દિવ્યેશભાઈ ભગવાનજીભાઈ કુંડલીયા(ઉ.વ.૫૭) તે કિશનભાઈ, નૈમિષભાઈના પિતા તેમજ ચંદુભાઈ, રમેશભાઈના નાનાભાઈનું તા.૧૩નાં અવસાન થયેલ છે.(૨.૫)


દુઃખદ અવસાન શ્રદ્ધાંજલી

ઉઠમણું બેસણું ની જાહેરાતનો દર

રૂા.૪૦૦/- (અંદરના પાને)

સાઇઝ ૫ સે.મી.×૨ કોલમ
અથવા ૧૦ સે.મી. ×૧ કોલમ
વધારાના પ્રત્યેક
એક કોલમ સે.મી.ના રૂા.૧૨૦
+ 5 % GST EXTRA

અકિલાના રાજકોટ અને પ્રત્યેક ગામ-શહેરના તમામ એજન્ટ ભાઈઓને શ્રદ્ધાંજલી-ઉઠમણું-બેસણું-અવસાનની જાહેરાત આપી શકો છો. તકલીફ પડે તો ૦૨૮૧-૨૪૪૫૧૧૧ ઉપર સંપર્ક સાધી શકો છો.


## રાજકોટ માર્કેટીંગ યાર્ડ

| અનાજ | ન્યુનતમ | મહત્તમ | અનાજ | ન્યુનતમ | મહત્તમ |
|---|---|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૩૪ | ૧૫૫૯ | તલી | ૨૫૦૦ | ૨૯૦૦ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૪૦ | એરંડા | ૧૦૦૦ | ૧૦૯૪ |
| ઘઉં ટુકડા | ૪૮૬ | ૬૦૫ | અજમો | ૧૦૦૦ | ૨૬૦૦ |
| જુવાર સફેદ | ૬૯૦ | ૭૯૦ | સુવા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| જુવાર લાલ | ૮૩૦ | ૯૦૦ | સોયાબીન | ૮૩૧ | ૮૮૮ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૬૦ | સીંગફાડા | ૧૧૮૦ | ૧૫૪૫ |
| બાજરી | ૩૮૦ | ૫૦૦ | કાળા તલ | ૨૮૬૦ | ૩૨૦૧ |
| તુવેર | ૧૮૩૫ | ૨૩૫૨ | લસણ | ૧૩૦૦ | ૩૧૦૦ |
| ચણા પીળા | ૧૧૬૦ | ૧૨૩૦ | ધાણા | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ચણા દેશી | ૧૪૦૦ | ૨૨૦૦ | મરચા સુકા | ૧૦૫૦ | ૨૬૦૦ |
| અડદ | ૧૭૬૦ | ૧૯૫૦ | ધાણી | ૧૩૫૦ | ૧૮૦૦ |
| મગ | ૧૬૦૦ | ૨૧૨૨ | વરીયાળી | ૧૧૫૦ | ૧૮૮૦ |
| વાલ દેશી | ૧૦૫૦ | ૨૦૦૦ | જીરૂ | ૪૬૫૦ | ૫૬૧૫ |
| વાલ પાપડી | ૧૧૭૫ | ૧૯૯૦ | રાય | ૧૧૩૦ | ૧૩૩૮ |
| ચોળી | ૨૬૫૦ | ૩૧૦૦ | મેથી | ૧૦૧૦ | ૧૩૯૦ |
| મઠ | ૧૦૦૦ | ૧૨૦૧ | ઈસબગુલ | ૨૦૦૦ | ૨૭૯૦ |
| વટાણા | ૧૧૩૦ | ૧૬૬૦ | કલોંજી | ૩૭૭૦ | ૩૯૯૪ |
| સીંગદાણા | ૧૫૭૫ | ૧૬૬૦ | રાયડો | ૯૦૦ | ૧૦૧૦ |
| મગફળી જાડી | ૧૧૪૧ | ૧૩૫૭ | રજકાનું બી | ૩૮૦૦ | ૪૫૩૦ |
| મગફળી જીણી | ૧૧૧૧ | ૧૩૦૪ | ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૧૮ |




# આટકોટની પરવાડીયા હોસ્પિટલમાં એક પગલું ડિજિટલાઈઝેશન તરફ

આટકોટઃ ખાતે આવેલ શ્રી કે.ડી. પરવાડિયા હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓની સુવિધામાં વધારો કરવાના પાવન ધ્યેય સાથે ડોકટર દ્વારા આપવામાં આવતી ઓનલાઈન પ્રિસ્ક્રિપ્શનની ડિજિટલ સેવાનો પ્રારંભ કરવામા આવ્યો હતો. આ તકે હોસ્પિટલના ટ્રસ્ટી ડો. ભરતભાઈ બોઘરા તેમજ ડોકટર ભરત માંડલિક સાહેબ તેમજ હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.(તસવીરઃ વિજય વસાણી આટકોટ)(૨૩.૧૦)

# અવસાન નોંધ

### પુષ્પાબેન વિઠ્ઠલાપરા

રાજકોટ : પુષ્પાબેન બાલકૃષ્ણભાઈ વિઠ્ઠલાપરા તે રમણીકભાઈ કાનજીભાઈ માંડવિયા, રસીકભાઈ કાનજીભાઈ માંડવીયા, પ્રફુલભાઈ કાનજીભાઈ માંડવીયાના બેનનું તા.૧૧ના રામચરણ પામેલ છે. સદગતનું બેસણું રાજકોટ બેડીપરા ખાતે તા.૧૬ના ગુરૂવારે સાંજે ૪ થી ૬, બેડીપરા, વાંઢાપીપર ખાતે રાખેલ છે. (૬.૧૪)

### સ્નેહલતાબેન દોશી

રાજકોટ : કાલાવડ નિવાસી હાલ રાજકોટ ગં.સ્વ. સ્નેહલતાબેન જયંતીલાલ દોશી (ઉ.વ.૮૪) (દોશી બ્રધર્સવાળા) તે વિરેન્દ્રભાઈ તથા હિતેન્દ્રભાઈ તથા ચંદ્રિકાબેન ના માતુશ્રી તથા જય દોશીના દાદીનું તા. ૧૨ને રવિવારના રોજ અવસાન થયેલ છે. જેમનું ઉઠમણું તા. ૧૬ ગુરૂવારના સવારે ૧૦ કલાકે કોઠારી ઉપાશ્રય, ભકિતનગર સર્કલ, એચડીએફસી બેન્ક ની પાછળ, રાજકોટ રાખેલ છે. (૯.૧૭)

### ઇવનીંગ પોસ્ટના સભ્યો માટે ગુરૂ થી રવિ દર રોજ સંગીત સંધ્યા

રાજકોટ : સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનીંગ પોસ્ટ માં તા.૧૫/૦૫/૨૪ને બુધવારના રોજ ૫ઃ૩૦ કલાકે સુરસંગમ મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા વન મેન શો દ્વારા સંગીતસંધ્યા નું આયોજન કરવામાં આવેલ છે. તા.૧૭/૦૫/૨૪ને શનિવારે સાંજે ૫ઃ૩૦ કલાકે સુરીલી સાંજ ના અને તા.૧૯/૦૫/૨૪ ને રવિવારે સાંજે ૫ઃ૩૦ કલાકે દિલ સુંદર મ્યુઝિકલ ગૃપ દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. ઈવનીંગ પોસ્ટના સભ્યોને આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળા, મનસુખભાઈ મકવાણા, જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, સુરેશભાઈ વ્યાસ, જગદીશભાઈ સુરાણી, મનસુખભાઈ વાવેચા, અને મુકેશભાઈ માહી, દિલીપભાઈ સોની વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.(૩૯.૩)

# કન્નડ અભિનેતા ચેતન ચંદ્રા પર બેંગલુરૂમાં ટોળાનો હુમલો

## માને લઇ મંદિરે ગયેલ ત્યારે ઘટનાઃ સોશિયલ મિડીયા પર કહ્યું-ખુબ ખરાબ અનુભવ, મારે ન્યાય જોઇએ છે





બેંગલુરૂ તા. ૪: કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા એકટર ચેતન ચંદ્રા પર તાજેતરમાં બેંગલુરૂમાં ટોળાએ હુમલો કરી દીધો હતો. તેનો વિડીયો ખુબ વાયરલ થયો છે. જેમાં તેના ચહેરા પર લોહી વહેતુ દેખાય છે. અભિનેતા પોતાની મા સાથે મંદિરે ગયા ત્યારે આ ઘટના બની હતી. ચર્ચા છે કે એક નશાખોર અને તેની સાથેના બીજા વીસ જેટલા લોકોએ કથીત રીતે આ અભિનેતા પર હુમલો કરી મારકુટ કરતાં નાક તુટી ગયું હતું. ચેતન ચંદ્રાએ આ દર્દનાક ઘટનાની જાણ એક વિડીયો દ્વારા પોતાના ચાહકોને આપી હતી. તેણે કેપ્શનમાં લખ્યુ હતું કે-ખુબ ખરાબ અનુભવ થયો, મારે ન્યાય જોઈએ છે. સાથે હાથ જોડતી ઈમોજી પણ શેર કરી છે. (૧૪.૯)


બીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી

સ્વ.શેઠ શ્રી જેન્તીભાઈ ભીખાભાઈ દોમડીયા

સ્વ.તા.૧૪-૦૫-૨૦૨૨ સંવત ૨૦૭૮ વૈશાખ સુદ-૧૩



સારા કર્મોની સુગંધ સદાયે રહેશે, મીઠી વાણી હંમેશા યાદ રહેશે, ભલે અદ્રશ્ય થઈ ગયા પરંતુ તમારી યાદ સદાય અમારી સાથ રહેશે...

લી. ભાવનાબેન શેઠ શ્રી જેન્તીભાઈ દોમડીયા
નિલેષભાઈ શેઠ શ્રી જેન્તીભાઈ દોમડીયા
જીજ્ઞેશભાઈ શેઠ શ્રી જેન્તીભાઈ દોમડીયા
બિપીનભાઈ શેઠ શ્રી જેન્તીભાઈ દોમડીયા
વિધી, અવની તથા દોમડીયા પરિવાર





પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ

શ્રદ્ધાંજલી

તમારો હસમુખો, માયાળુ અને ઉદાર સ્વભાવ, આપનું સરળ જીવન અમારા માટે હંમેશા માર્ગદર્શનરૂપ હતા અને રહેશે. આપના અજર અમર દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ.હંસીકાબેન હેમંતભાઈ ચાવડા
સ્વ.તા.૧૪/૦૫/૨૦૨૩

લી. રૂદ્ર જયેશભાઈ ચાવડા
હિરેન-અંજના | વિભૂતિ-કનૈયા
જયેશ-જીજ્ઞાસા | ધારા-અરૂણ
કલ્યાણી-રમેશ | અવિકા-રિશ્વા
અનિતા-ઈમ્તિયાઝ | સાધના પ્રિન્ટરી પરિવાર

Charu Pub.





સ્વ. કાન્તાબેન બચુભાઇ ઘોડાસરા
સ્વ. તા. ૧૪/૦૫/૨૧, શુક્રવાર (ઉ.વ. ૬૮)
મુ.વાંકડા, હાલ-મોરબી

તૃતિય પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી

એક પળમાં જીંદગીનું સંભારણું છોડી ચાલ્યા ગયા જીંદગી હતી ટુંકી પરંતુ લાગણી ઘણી મુકી ગયા હસીને હસાવનાર અમોને રડાવી ચાલ્યા ગયા. આપનો હસમુખો ચહેરો હજુય અમારી નજર સમક્ષ યાદ આવે છે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.

બચુભાઇ રખાભાઇ ઘોડાસરા
હસમુખભાઇ બચુભાઇ ઘોડાસરા (પુત્ર)
શર્મિષ્ઠાબેન હસમુખભાઇ ઘોડાસરા (પુત્રવધુ)
ધર્મેન્દ્રભાઇ બચુભાઇ ઘોડાસરા (પુત્ર)
લતાબેન ધર્મેન્દ્રભાઇ ઘોડાસરા (પુત્રવધુ)
ધૈર્ય હસમુખભાઇ ઘોડાસરા (પૌત્ર)
રૂદ્ર ધર્મેન્દ્રભાઇ ઘોડાસરા (પૌત્ર)
મીત હસમુખભાઇ ઘોડાસરા (પૌત્ર)
સંગીતા ધર્મેન્દ્રભાઇ ઘોડાસરા (પૌત્રી)
તથા સમસ્ત ઘોડાસરા પરિવારના જયશ્રીકૃષ્ણ

Charu Pub.





સ્વ. ભરતભાઇ મોહનલાલ ગોહેલ
સ્વ. તા. ૧૪-૦૫-૨૦૨૨

બીજી વાર્ષિક પૂણ્યતિથિએ

શ્રદ્ધાંજલી

જીવન એવું જીવી ગયા કે મૃત્યુ પણ રડી પડયું વિદાય એવી લીધી કે મૃત્યુ અમર થઈ ગયું જીવનભર મહેનત કરી શુન્યમાંથી સર્જન કરી કુટુંબ માટે ફૂલો પાથરી કષ્ટ કરીને સૌને માટે ફૂલો પાથર્યા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

લી.

હેતલબેન ગોહેલ
માધવ ગોહેલ
સેન્ચુરી કંમ્ફર્ટ પરીવાર, રાજકોટ



ત્રીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ.ગીરીશભાઈ હરજીભાઈ સાકરીયા
સ્વ.તા.૧૪-૫-૨૧
શુક્રવાર, અખાત્રીજ

તમારી સ્મૃતિ અમારા હૈયામાં સદેવ જીવંત છે, ન વિસરાય તેવું સૌમ્ય વ્યકિતત્વ, માયાળુ, ઉદાર સ્વભાવ, સદાય હસમુખો ચહેરો અમારી નજર સમક્ષ તરવરતો રહે છે, સમય વિતતો જશે પણ યાદ તમારી કાયમ રહેશે. તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી. સ્વ.હરજીભાઈ બેચરભાઈ સાકરીયા
ગં.સ્વ.જમકુબેન હરજીભાઈ સાકરીયા
ગં.સ્વ.નીતાબેન ગીરીશભાઈ સાકરીયા
સંજયભાઈ હરજીભાઈ સાકરીયા • દક્ષાબેન સંજયભાઈ સાકરીયા
કિશન ગીરીશભાઈ સાકરીયા • ખુશી કિશનભાઈ સાકરીયા
શ્યામ સંજયભાઈ સાકરીયા • ઋત્વી શ્યામભાઈ સાકરીયા
હિત સંજયભાઈ સાકરીયા • ભાર્ગવી ગૌરાંગકુમાર ખુંટ

Charu Pub.



શ્રદ્ધાંજલી



સ્વ. મુકેશભાઈ ધીરૂભાઈ વોરા
સ્વ. તા. ૧૨-૫-૨૦૨૪, રવિવાર

સારા કર્મોની સુવાસ સદાય રહેશે, મીઠી વાણી હંમેશા યાદ રહેશે, દેહ ભલે અદ્રશ્ય થયો હોય પરંતુ આપની યાદ હંમેશા અમારી સાથે રહેશે. આત્મા આજીવન શાશ્વત અને અમર છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સાગરભાઈ આર. વોરા | પાર્શ્વભાઈ જે. વોરા
પરેશભાઈ એન. વોરા | લાલજીભાઈ બી. વોરા
મહેશભાઈ એન. વોરા | વિશાલભાઈ કે. વોરા
મુકેશભાઈ પી. વોરા | દિનેશભાઈ બી. વોરા
વિજયભાઈ પી. વોરા | હરેશભાઈ બી. વોરા
ભરતભાઈ જે. વોરા | મનસુખભાઈ બી. વોરા
અશોકભાઈ જે. વોરા | અરવિંદભાઈ બી. કાનપરીયા

સમસ્ત વોરા પરિવાર

SHASHI - 98255 55845



શ્રદ્ધાંજલી



સ્વ. રળિયાતબેન રણછોડભાઈ ટીલારા
સ્વ તા. ૧૪/૦૫/૨૦૨૦, ગુરૂવાર (ઉ.વ.૯૨)

અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા જીવનથી ઉજ્વળ અમે,
તમારા સંસ્કારોથી શોભતા અમે, તમારા પુરૂષાર્થથી સફળ અમે,
એક પળ ના વિસરાયા તમે, જીવનની તમામ પળે પ્રાર્થએ ઈશ્વરને,
દેવતુલ્ય આત્માને સદ્‌ગતિ દેજે, જન્મોજનમના પ્રભુ ઋણિ અમે.

સ્વ. રણછોડભાઈ નારણભાઈ ટીલારા
ધર્મેન્દ્રભાઈ રણછોડભાઈ ટીલારા
ગીતાબેન ધર્મેન્દ્રભાઈ ટીલારા
નિલ ધર્મેન્દ્રભાઈ ટીલારા
પાર્થવી નિલભાઈ ટીલારા
દિયાન નિલભાઈ ટીલારા
ટીલારા પરિવારના જયશ્રીકૃષ્ણ - શાપર



દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલી



અ.નિ. તનુજાબેન રમેશભાઈ વિરડીયા
અ.નિ. તા. ૧૪-૫-૨૦૨૨
વૈશાખ સુદ-૧૩ શનિવાર

આપના ઉત્તમ જીવન મૂલ્યો, સેવા, સમર્પણ, માયાળુ સ્વભાવ, ઉદાર દીલ, પ્રેમ અને સંસ્કારની સુવાસ સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

રમેશભાઈ નાથાભાઈ વિરડીયા
કૈલાસબેન રમેશભાઈ વિરડીયા
કૃપાલી ઋષિભાઈ દુધાગરા
મીત રમેશભાઈ વિરડીયા
રાજવી રમેશભાઈ વિરડીયા

SHASHI - 98255 55845

**બપોરે ૨:૩૦ વાગે**

## રાજકોટમાં ૪૧.૨ ડીગ્રીઃ

### સાંજે ફરી વાતાવરણ પલટાશે?

રાજકોટ શહેરમાં આજે ફરી ગરમીમાં થોડો વધારો થયો છે ભેજનું પ્રમાણ ૨૦ ટકા અને પવનની ગતિ ૧૦ કિ.મી.ની છે ગઈકાલની જેમ આજે પણ બપોર બાદ વાતાવરણમાં પલટો આવે તેવી સંભાવના છે.(૩.૧૦)

# મનપામાં પ્રથમ મહિલા ઇજનેર અલ્પનાબેન મીત્રાની ૨૯ વર્ષની સફળ કામગીરીની ઝલક

### ૧૯૯૫માં સહાયક ઇજનેર તરીકે જોડાયાઃ ૨૮ હજારથી વધુ આવાસઃ ૨૬ નવી શાળાઓ, અદ્યતન પુસ્તકાલય તથા મહાત્મા ગાંધી મ્યુઝીયમ સહીતના મહત્વના પ્રોજેકટો તેમના માર્ગદર્શન હેઠળ તૈયાર થયા



રાજકોટઃ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સીટી ઈજનેર તરીકે સેવા આપતા અલ્પનાબેન મિત્રાએ સ્વૈચ્છીક રાજીનામું આપી દીધું છે. તેઓએ કરેલી કામગીરી અહિં આ મુજબ છે.

અલ્પના મિત્રાએ ૧૯૯૫માં રાજકોટ મહાનગરપાલિકામાં સહાયક ઈજનેર તરીકે નોકરી શરૂ કરી, અને તેઓ રાજકોટ મહાનગરપાલિકાના પ્રથમ મહિલા ઈજનેર છે. કમિશનર વિભાગમાં કમિશનરના સહાયક તરીકે કામ કરતાં કરતાં તેમણે વિવિધ વિભાગોમાં સેવાઓ આપી છે. તેઓ રાજ્ય બસ પરિવહન વિભાગ અને આવાસ અને શહેરી મામલાના મંત્રાલય દ્વારા પી.એમ. ઈ-બસ સેવાની સમિતિના સભ્ય પણ છે. તેમના માર્ગદર્શન હેઠળ રા.મ્યુ.કોર્પો.એ હુડકો એવોર્ડ માટે શ્રેષ્ઠ આવાસ આયોજન, આવાસ માટે ગ્રીન બિલ્ડીંગ પ્રમાણપત્ર જેવા વિવિધ પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. તેમણે શ્રેષ્ઠ અધિકારી તરીકેનો પુરસ્કાર પણ પ્રાપ્ત કર્યો છે. તેમણે સામાજિક અને પરિવારજનોની જવાબદારીઓ નિભાવવા માટે સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૮,૦૦૦થી વધુ આવાસોનું નિર્માણ ઈન્ટીગ્રેટેડ ઈન્કલૂઝીવ પ્રકારની યોજના, જેમાં આંગણવાડી અને શોપિંગ સેન્ટરનો સમાવેશ. ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ આધારિત આવાસ યોજનાઓ. લાઈટ હાઉસ પ્રોજેકટ - EWS-II પ્રકારના ૧૧૪૪ આવાસોનું નિર્માણ ટનલ ફોર્મવર્ક french ટેકનોલોજીથી. HUDCO દ્વારા ''કોસ્ટ ઈફેકટીવ અર્બન હાઉસિંગ'' માટે એવોર્ડ.

શાળાઓઃ ૨૦૧૩-૨૦૨૧ દરમિયાન ૨૬ નવી શાળાઓનું નિર્માણ. નવી શાળાઓ ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ પર આધારિત. શાળાઓમાં આકર્ષક ઈન્ટીરીયર અને આધુનિક કોમ્પેકટર સીસ્ટમ.

લાઈબ્રેરીઃ ૬ સ્ટેટે ઓફ થ આર્ટ લાઈબ્રેરીઓ કાર્યરત. ૩૦,૦૦૦ પુસ્તકો અને ૧.૫ લાખ પુસ્તકોની ક્ષમતા ધરાવતી લાઈબ્રેરી.

મહાત્મા ગાંધી મ્યુઝીયમઃ જૂની આલ્ફ્રેડ હાઈસ્કૂલને મ્યુઝીયમમાં રૂપાંતરિત. ૨૬ કરોડના ખર્ચે મ્યુઝીયમનું નિર્માણ. આધુનિક મલ્ટીમીડિયા ટેકનોલોજીનો ઉપયોગ.

ડોર્મીટરી - નાઈટ શેલ્ટસઃ ૨૨૪ બેડ સાથે ડોર્મીટરીનું નિર્માણ. હોસ્પિટલ ચોક પાસે નવી ડોર્મીટરીનું નિર્માણ.

હેરીટેજ કન્ઝર્વેશનઃ બેડીનાકા અને રૈયાનાકા ટાવરના મરામત અને ઘડિયાળની દુરસ્તી.

સોલાર ગ્રીડ કનેકટ સિસ્ટમઃ ૫૦ કિ. વોટ સોલાર સિસ્ટમનો ઉપયોગ. સોલાર એનર્જી દ્વારા ઉર્જાનો બચાવ.

વિવિધ પ્રોજેકટ્સઃ ટ્રાફિક ટ્રાન્સપોર્ટેશન, ઈ-બસ, સીએનજી બસ. પીપીપી હાઉસિંગ, સર્કલ ડેવલપમેન્ટ. GIS ડેવલપમેન્ટ, સ્માર્ટસીટી ઈન્ફ્રાસ્ટ્રકચર અટલ લેઈક ડેવલપમેન્ટ. શાળાઓ માટે સેન્ટ્રલાઈઝ કિચન. ઈલેકિટ્રક બસ ડેપો અને ચાર્જીંગ સ્ટેશન.(૪.૨૮)

સુખી થવા માટે સદ્ગુણ, સત્કર્મ અને સત્સંગ જરૂરી : કાલે કથા વિરામ

# જીવનશૈલી સાદી તો જીવન સરસઃ સત્શ્રી

### સાગર ધીરૂભાઇ વીરડિયા પરિવાર આયોજીત કથામાં ઉમટતો માનવ મહેરામણ

રાજકોટ, તા. ૧૪: રાજકોટ, તા. ૯ - શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના જાણીતા હરિભક્ત પિતૃકૃપા કન્સ્ટ્રકશનવાળા શ્રી ધીરૂભાઈ ગોરધનભાઈ વિરડિયાના આંગણે ધર્મભક્તિનો અનેરો અવસર આવ્યો છે. પરિવાર દ્વારા પરિવારના સુપુત્ર અક્ષરનિવાસી વિપુલકુમારની સ્મૃતિમાં આજે તા. ૯ થી ૧૫ મે ૨૦૨૪ સુધી સંસ્કાર સીટી પાછળ, રામધણ પાસે, મવડી વિસ્તાર (બાપા સીતારામ ચોકથી ૧ કિ.મી. દુર) ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથા પારાયણનું દિવ્ય-ભવ્ય આયોજન કરવામાં આવેલ છે જેના વ્યાસાસને સુરતવાળા સતશ્રી સ્વામીજી બિરાજી સંગીતમય શૈલીમાં કથાશ્રવણ કરાવી રહ્યા છે. તેમને સાંભળવા રોજ રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ હજારો ભાવિકો ઉમટી રહ્યા છે. વિવિધ સ્થાનોના સંતો પધારી આશીર્વાદ વરસાવી રહ્યા છે.



**જય સ્વામિનારાયણ :** ધીરૂભાઈ વીરડિયા પરિવાર દ્વારા તા.૯ થી ૧૫મે સુધી દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ સુધી યોજાયેલ કથામાં સુપ્રસિધ્ધ વકતા સતશ્રી જ્ઞાનગંગા વહેવડાવી રહયા છે. કેન્દ્રીય મંત્રી શ્રી પરસોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ભાજપના અગ્રણી ચેતન રામાણી વગેરેનું કથામાં આગમન થતાં ધીરૂભાઈ વીરડિયા, સાગર વીરડિયા, મયુર વીરડિયા, વેદ વગેરેએ સ્વાગત કર્યુ હતું.

સતશ્રીએ વ્યાસાસનેથી રૂચી પ્રમાણે નહિ પણ નીતિ પ્રમાણે જીવન જીવવાનો ઉપદેશ આપી જણાવેલ કે દાનથી ધન શુધ્ધ થાય છે. સંતોષથી મનશુધ્ધ થાય છે. જ્ઞાનથી આત્મા શુધ્ધ થાય છે. જ્ઞાન વિના મુકિત નથી. જ્ઞાન વિના મુકિત નથી. જીવનમાં ખોટી જરૂરીયાતને ટાળવી. જીવનશૈલી સાદી બનાવે તેનું જીવન સરસ બને છે. બીજાનું જોઈને દેખાડો કરવાના બદલો જીવનશૈલી સાદી હોય તો સુખપૂર્વક જીવી શકાય છે. શાસ્ત્રોનો મત છે કે કમાણીમાંથી અનુકુળતા મુજબ દસમો કે વીસમો ભાગ ધર્મ માટે વાપરવો જોઈએ. સમય સારો હોય ત્યારે દાન જેવા સારા કાર્યો કરી લેવા જોઈએ ધનને વાવી શકાય, વાપરી શકાય અને વેડફી શકાય. ધનનું દાન કરે તે વાવ્યુ ગણાય. પોતાના માટે ઉપયોગ કરે તે ધન વાપયું ગણાય પણ ખોટા માર્ગે ધન વાપરે તે વેડફયુ કહેવાય, પોતાના માટે જીવે તેનું મરણ થાય છે. બીજા માટે જીવે તેનું સદા સ્મરણ થાય છે. સુખી થવા માટે સદ્ગુણ, સત્કર્મ અને સત્સંગ જરૂરી છે.

કથા શ્રવણનો કેન્દ્રીય મંત્રી શ્રી પરસોતમભાઈ, ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા, ભાજપના અગ્રણી ચેતન રામાણી સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ લાભ લીધો છે. જુદા જુદા ગામના સંતો પધારી આશીર્વાદ આપી રહ્યા છે. ભાગવત કથાનું કાલે તા. ૧૫મીએ રાત્રે ૧૧.૩૦ વાગ્યે સમાપન થશે.

સૌને રૂડા અવસરનો લાભ લેવા માટે શ્રી ધીરૂભાઈ જી. વીરડિયા (મો. ૯૪૨૬૭ ૧૯૩૨૪), શ્રી સાગર ડી. વીરડિયા (મો. ૯૭૬૨૯ ૦૦૦૦૯), ચિ. વેદ વિગેરેએ જાહેર નિમંત્રણ પાઠવેલ છે.(૯.૧૦)

**ચાલતા યંત્રે**

# પોઇચા ખાતે નર્મદામાં ૮ લોકો ડુબ્યા એકને બચાવાયો : ૭ ની શોધખોળ

### મૂળ અમરેલી જિલ્લાના વતની હાલ સુરત રહેતા લોકો નદીમાં ગરક થયાઃ તંત્ર ઘટના સ્થળે

અમદાવાદ,તા.૧૪:ગુજરાતમાં અનેક વખત નદી કે કેનાલમાં ડૂબી જવાના બનાવો બનતાં હોય છે. ત્યારે પોઈચાની નર્મદા નદીમાં સુરતના આઠ પ્રવાસીઓ ન્હાવા ગયા હતાં અને નદીમાં ગરકાવ થઈ ગયા હોવાની ઘટના બની છે. આ આઠ પ્રવાસીઓમાં ૩ નાનાં બાળકો સહિત ૭ લોકો હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરત રહેતા ૮ પ્રવાસીઓ પોઈચા ફરવા આવ્યા હતા. અમરેલી જિલ્લાનાં મૂળ વતની અને હાલ સુરત રહેતા પ્રવાસીઓ નદીમાં નાહવા પડતા પાણીમાં ગરકાવ થયા છે. આ પ્રવાસીઓએ બચાવો બચાવોની બૂમો પાડતાં સ્થાનિક નાવિકો પણ તેમને બચાવવા માટે પાણીમાં કૂદી ગયા હતાં. સ્થાનિકોએ આ આઠ પ્રવાસીઓમાંથી એક પ્રવાસીને ડૂબતાં બચાવી લીધો હતો. પોઈચાની નર્મદા નદીમાં આ ઘટના બનતાં તંત્રના અધિકારીઓ અને પોલીસ દોડી ગઈ હતી. રાજપીપળા



ટાઉન પોલીસ, નગર પાલિકાના ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોંચી ગયાં છે અને નદીમાં ગરકાવ થયેલા સાત પ્રવાસીઓની શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે.(૯.૨૯)

# બ્રહ્મસમાજ દ્વારા કાલે જ્ઞાન સંકલ્પ યોજના અંતર્ગત પ્રવેશ કસોટીઃ ધો.૯માં પ્રવેશની તક

રાજકોટ તા.૧૪: સમસ્ત બ્રહ્મ સમાજ રાજકોટ દ્વારા આયોજિત જ્ઞાન સંકલ્પ યોજના ૭ માટેની પ્રવેશ કસોટી કાલે ૧૬ મે ના યોજાશે.

સમસ્ત બ્રહ્મ સમાજ રાજકોટ દ્વારા છેલ્લા ૬ વર્ષથી જ્ઞાન સકલ્પ યોજના અંતર્ગત બ્રહ્મ સમાજના આર્થિક જરૂરિયાતમંદ પરિવારના તેજસ્વી બાળકોને પસંદ કરી ધોરણ ૯ થી ૧૨ ના શિક્ષણની સંપૂર્ણ જવાબદારી ઉઠાવવામાં આવી રહી છે આ પ્રોજેક્ટ મા સમસ્ત બ્રહ્મ સમાજની કોર ટીમ પ્રખર કેળવણીકાર શ્રી ગિજુભાઈ ભરાડ અને શ્રી ગુલાબભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે.

આ પોજેક્ટના સ્વપ્રદ્રષ્ટા અને જેઓના નેતૃત્વમા આ પ્રોજેકટ સફળ રીતે ચાલી રહ્યો છે તેવા શ્રી દર્શિત જાની (પ્રમુખશ્રી સમસ્ત બ્રહ્મ સમાજ- રાજકોટ) ની યાદી જણાવે છે કે અનેક બ્રહ્મ સમાજના આર્થિક જરૂરિયાતમંદ અને તેજસ્વી બાળકોને ઉત્તમ શિક્ષણ મળી રહે તેવી શુભભાવનાથી આ પ્રોજેકટ આજથી ૬ વર્ષ પહેલા શરૂ કરેલ અને સમાજના છેવાડાના પરિવાર સુધી ઉત્તમ શિક્ષણ મળી રહે અને કોઈ પરિવારનું બાળક આર્થિક બાબતને કારણે સારા શિક્ષણથી વચિત ન રહે તે માટે અમો કટિબદ્ધ છીએ.

આ પ્રોજેકટ માટે બ્રહ્મ સમાજના માર્ગદર્શક અને બ્રહ્મ અગ્રણી કશ્યપ શુકલે જણાવ્યુ હતુ કે જેમ જેમ આ પ્રોજેકટ આગળ વધતો જશે તેમ તેમ સમાજ ઉપર આર્થિક ભારણ પણ વધતું જશે, પરંતુ એ માટે સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની શુભેચ્છા અને મદદ મળી રહી છે જેમા મનીષભાઈ મદેકા (રોલેક્સ ઈન્ડ પ્રાલી) સુરેશભાઈ નંદવાણા (ભવાની ઈન્ડ પ્રા.લી), મૌલેશભાઈ ઉકાણી (બાન લેબ્સ પ્રા. લી.) દિનેશભાઈ પડયા (એડ શોપ લી.) વગેરેનો સમાવેશ થાય છે.

આ પ્રોજેકટના ઈન્ચાર્જ ડો. અતુલ વ્યાસ પ્રારંભથી જ બાળકોની પસદગી પ્રક્રિયાથી શરૂ કરી શાળા પસદગી અને ત્યારબાદ શિક્ષણ સુધી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓ સાથે સકલનમાં રહી પ્રોજેકટને સુંદર રીતે આગળ ધપાવી રહ્યા છે.

આ પ્રોજેકટમાં રાજકોટની નામાંકિત શાળાઓ જતીનભાઈ ભરાડ (ભરાડ સ્કૂલ), ગુલાબભાઈ જાની (સિસ્ટર નિવેદિતા સ્કૂલ), પ્રવિણાબેન જાની (મુરલીધર સ્કુલ), સુદીપભાઈ મહેતા (શક્તિ સ્કૂલ), નિરેનભાઈ જાની, (ઈનોવેટિવ સ્કૂલ), ૩ અલ્પેશભાઈ જોશી (સ્વસ્તિક સ્કૂલ) વિગેરે શાળાઓનો સમાવેશસહયોગ મળી રહ્યો છે.

ઓનલાઈન ફોર્મ દ્વારા ૧૫૦થી વધુ અરજીઓ આવી છે અને પસંદગી સમિતિ દ્વારા તા. ૧૬, મે ગુરુવારના શ્રી મુરલીધર સ્કૂલ ૮/૧૧ વર્ધમાનનગર, પેલેસ રોડ રાજકોટ ખાતે એક પ્રવેશ કસોટી લેવામાં આવશે બરુ આ કસોટી દ્વારા પસંદ થયેલ બાળકોને ધો.૯ મા મેરીટ આધારીત પ્રવેશ આપવામાં આવશે.

આ સમગ્ર પ્રોજેકટ માટે બ્રહ્મ અગ્રણી કશ્યપભાઈ શુક્લ અને પ્રમુખ દર્શિતભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ પ્રોજેકટ ઈન્ચાર્જ ડો.અતુલભાઈ વ્યાસ, દિપકભાઈ પંડયા જનાર્દનભાઈ આચાર્ય શૈલેષભાઈ જાની, જીલેશભાઈ ઉપાધ્યાય નલીનભાઈ જોશી ડો દક્ષેશભાઈ પંડયા યોગેન્દ્રભાઈ લહેરૂ પ્રશાંતભાઈ જોશી, જયેશભાઈ જાની નીલમબેન ભટ્ટ ધાત્રીબેન ભટ્ટ સુરભીબેન આચાર્ય ભાવનાબેન જોશી વગેરે કાર્યરત છે.(૨.૧૪)

# દોંગા અને પાદરીયા પરિવાર દ્વારા સ્વજનોના સ્મરણાર્થે કાલે પટેલવાડીમાં રકતદાન કેમ્પ

રાજકોટ તા. ૧૪ : દોંગા પરિવાર દ્વારા રાજકોટ સીવીલ હોસ્પિટલના લાભાર્થે સ્વ. મેનાબેન અંકુરભાઈ દોંગાની ચોથી વાર્ષિક પુણ્યતીથી અને સ્વ. ધીરજલાલ નાથાભાઈ પાદરીયાની બીજી વાર્ષિક પુણ્યતીથી નિમિતે કાલે તા. ૧૬ ના ગુરૂવારે મહારકતદાન કેમ્પનું આયોજન કરાયુ છે.

વાણીયાવાડી મેઈનરોડ, જલારામ ચોક પાસે, પટેલ વાડી ખાતે કાલે તા. ૧૬ ના ગુરૂવારે સવારે ૮ થી બપોરે ૨ સુધી યોજાયેલ આ મહારકતદાન કેમ્પમાં વધુને વધુ લોકોએ સ્વૈચ્છીક રકતદાન કરવા જાહેર અનુરોધ કરાયો છે. એકત્ર થયેલ રકત જરૂરતમંદ દર્દીઓને અપાશે.

સમગ્ર કેમ્પને સફળ બનાવવા અંકુરભાઈ દોંગા (મો.૯૦૩૩૩ ૫૨૦૭૯), દોંગા પરિવાર, પાદરીયા પરિવાર, જયભાઈ પાદરીયા, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, ડો. પ્રતિક અમલાણી (યુરોલોજીસ્ટ), ડો. પુનિત ત્રિવેદી (ન્યુરો સર્જન), સીવીલ હોસ્પિટલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટરોની ટીમ માનદ સેવા આપશે.



તસ્વીરમાં 'અકિલા' ખાતે વિગતો વર્ણવતા અંકુરભાઈ દોંગા, વજુભાઈ વરસાણી, વિનયભાઈ જસાણી, યજ્ઞેશભાઈ વારીયા, દીપ કોટેચા નજરે પડે છે. (તસ્વીર : સંદીપ બગથરીયા) (૧૬.૨)

# કાલ થી ૧૫ દિવસ રાજકોટ સિનિયર ભાઈઓની લીગ ફુટબોલ ટુર્નામેન્ટ

રાજકોટ : વાય.સી.સી., રાજકોટ તથા આર.ડી.એફ.એ. દ્વારા લાલજીભાઈ ચૌહાણ મેમોરિયલ રાજકોટ સિનિયર ભાઈઓ લીગ ફુટબોલ ટુર્નામેન્ટ તા. ૧૫/૦૫/૨૦૨૪ થી ૩૦/૦૫/૨૦૨૪ દરમ્યાન મ્યુનીસીપલ ટર્ફ ફુટબોલ ગ્રાઉન્ડ ખાતે પ્રેસીડેન્ટ વાય.સી.સી. રાજકોટ શ્રી ગુણવંતભાઈ ડેલાવાળા, વાઈસ પ્રેસીડેન્ટ આર.ડી.એફ.એ. શ્રી ડી.વી.મહેતા, શ્રી મુકેશભાઈ બુંદેલા, શ્રી બી.કે.જાડેજા તથા સેક્રેટરી શ્રી રોહિત બુંદેલા માર્ગદર્શન ઉદઘાટન હેઠળ ટુર્નામેન્ટ રમાશે.

આ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન તા. ૧૫/૦૫/૨૦૨૪નાં બુધવારે સાંજે ૦૩.૦૦ કલાકે ચૌહાણ પરીવાર તથા વાય.સી.સી. અને આર.ડી.એફ.એ દ્વારા કરવામાં આવશે. આ ટુર્નામેન્ટમાં રાજકોટની નામાંકિત ટીમો ભાગ લઈ રહેલ છે. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે વાય.સી.સી. રાજકોટ નાં મેમ્બર્સ તેમજ આર.ડી.એફ.એ. તમામ મેમ્બર્સ જહેમત કરી રહેલ છે.(૩૯.૩)

### પોસ્ટપેડ અને પ્રીપેડ બંને પ્લાન થશે મોંઘાદાટ : ઈન્ટરનેટ પ્લાનના ભાવ વધશે

# ચૂંટણી પછી લાગશે આંચકો : મોબાઇલ રીચાર્જ ૨૫ થી ૨૫૦ રૂપિયા મોંઘા થશે

નવી દિલ્હી તા. ૧૪ : લોકસભા ચૂંટણી બાદ કરોડો મોબાઈલ યુઝર્સને મોટો ઝટકો લાગી શકે છે. મળતી માહિતી મુજબ ટેલિકોમ કંપનીઓ મોબાઈલ ટેરિફ વધારવાની તૈયારી કરી રહી છે. આ વધારો ૨૫ ટકા સુધી જોવા મળી શકે છે. જે પછી ARPU પર યુઝર્સની સંખ્યામાં વધારો થશે એટલે કે કંપનીઓની સરેરાશ આવક.

બ્રોકરેજ ફર્મ એક્સિસ કેપિટલના અહેવાલમાં જણાવાયું છે કે, કંપનીઓએ 5Gમાં જંગી રોકાણ કર્યું છે. આવી સ્થિતિમાં કંપનીઓ નફાકારકતા તરફ જોઈ રહી છે. આવી સ્થિતિમાં મોબાઈલ ઓપરેટર્સ ટેરિફમાં લગભગ ૨૫ ટકાનો વધારો કરી શકે છે. માહિતી અનુસાર આ વધારો શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં જોવા મળી શકે છે. રિપોર્ટ અનુસાર પોસ્ટપેડ અને પ્રીપેડ બંને પ્લાન પહેલા કરતા મોંઘા થઈ શકે છે. બીજી તરફ ઈન્ટરનેટ પ્લાન પણ મોંઘા હોઈ શકે છે.




મીડિયા રિપોર્ટ્સ અનુસાર મોબાઈલ રિચાર્જ વધવાનું સૌથી મોટું કારણ પ્રતિ યુઝર રેવન્યુમાં વધારો છે. નિષ્ણાતોના મતે હાલમાં ટેલિકોમ કંપનીઓની પ્રતિ યુઝર્સ સરેરાશ આવક ઘણી ઓછી છે. મતલબ કે મોબાઈલ કંપનીઓ દરેક યુઝર પર કેટલો ખર્ચ કરી રહી છે. તેઓ એટલી કમાણી કરતા નથી. આ કારણોસર ટેલિકોમ કંપનીઓ તેમના ટેરિફ પ્લાનમાં ૨૫ ટકાનો વધારો કરી શકે છે.

હવે સૌથી મોટો સવાલ એ છે કે જો ટેરિફમાં ૨૫ ટકાનો વધારો થશે તો સામાન્ય લોકોના ખિસ્સા પર કેટલી અસર જોવા મળશે. જો તમે દર મહિને ૨૦૦ રૂપિયાનું રિચાર્જ કરો છો તો તેમાં ૫૦ રૂપિયાનો વધારો થશે. મતલબ કે ૨૦૦ રૂપિયાનો ટેરિફ પ્લાન ૨૫૦ રૂપિયામાં મળશે. બીજી તરફ જો તમે ૫૦૦ રૂપિયાનું રિચાર્જ કરો છો, તો તેમાં ૧૨૫ રૂપિયાનો ૨૫ ટકાનો વધારો થશે. જયારે તમે ૧૦૦૦ રૂપિયાનું રિચાર્જ કરો છો, તો તેની કિંમત ૨૫૦ રૂપિયા વધી જશે અને કુલ ટેરિફ કિંમત ૧૨૫૦ રૂપિયા થઈ જશે. આઈમીડિયા રિપોર્ટ્સ અનુસાર આ વધારાને કારણે ટેલિકોમ કંપનીઓની બેઝ પ્રાઈસમાં વધારો થશે. એરટેલની મૂળ કિંમતમાં રૂપિયા ૨૯નો વધારો થશે. બીજી તરફ Jioની બેઝ પ્રાઈસમાં ૨૬ રૂપિયાનો વધારો જોવા મળી શકે છે. રિપોર્ટ અનુસાર આ વધારા બાદ કંપનીઓ ચાલુ કેલેન્ડર વર્ષમાં ARPUમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો જોઈ શકાય છે. રિપોર્ટ અનુસાર ટેલિકોમ કંપનીઓએ ૨૦૧૯ અને ૨૦૨૩ વચ્ચે તેમના ટેરિફમાં ૩ ગણો વધારો કર્યો છે.(૨૧.૩૧)

## સુમરા સમાજનું ગૌરવ વધારતી ખફી અફશાના



રાજકોટઃ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં ખફી અફશાના હાજીભાઈએ ૯૯.૪૭ પી.આર. સાથે ન્યૂ એરા શાળામાં પ્રથમ ક્રમ મેળવીને ખફી પરિવાર અને સુમરા સમાજનું ગૌરવ વધારેલ છે. (૭.૩૫)

# લુંટ-ગુજસીટોક હેઠળના ગુનામાં આરોપીની જામીન અરજી મંજુર

રાજકોટ તા.૧૬: ઉના ખાતે ૪.૩૫ લાખની લૂંટના ગુનામાં સંડોવણી બાદ તેની સામે દાખલ થયેલા ગુજસીટોક હેઠળના ગુનામાં જેલ હવાલે થયેલા આરોપી દ્વારા કરવામાં આવેલી જામીન અરજી રાજકોટ સ્પેશિયલ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, ઉનામાં અગાઉ મનોજભાઈ રમણીકલાલ તૈલી પોતાના બેન્ક એકાઉન્ટમાંથી પૈસા ઉપાડીને વરસિંગપુર રોડ ઉપર જતા હતા. તે સમયે બે અલગ અલગ બાઈક ઉપર આવેલ ચાર અજાણ્યા શખ્સોએ છરી બતાવી અને ઢીકાપાટુનો મારમારીને રૂ. ૪.૩૫ લાખની લુંટની ફરિયાદ નોંધાતા તેની તપાસ દરમિયાન આરોપી મિલન ગોવિંદભાઈ ચાવડાનું નામ અન્ય આરોપીઓ સાથે ખુલતા મિલન ગોવિંદભાઈ ચાવડાની પણ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉના સેશન્સ કોર્ટ દ્વારા તેની જામીનઅરજી મંજૂર કરવામાં આવેલ પરંતુ ઉના પોલીસ સ્ટેશન દ્વારા ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના અધિનિયમ નિયંત્રણ,૨૦૧૫ (ગુજસીટોક) ની નીચે કલમોનો ઉમેરો કરી આરોપી મિલન ગોવિંદભાઈ ચાવડાની ફરી ધરપકડ કરી કેસ ગુજસીટોકની સ્પેશ્યલ કોર્ટ રાજકોટ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલ અને ત્યારથી આરોપીને રાજકોટ સેન્ટ્રલ જેલ હવાલે કરવામાં આવ્યો હતો. દરમિયાન ગુજસીટોક ગુનાના આ આરોપી મિલન ગોવિંદભાઈ ચાવડાએ રાજકોટ સ્પેશિયલ ગુજસીટોક અદાલતમાં જામીન અરજી દાખલ કરી હતી, તેમાં તેના વકીલ દ્વારા મુખ્યત્વે દલીલ કરવામાં આવેલ કે, ગુજસીટોક મુજબના ગુન્હાનું કોગ્નીઝન્સ લેવા માટે કોર્ટ દ્વારા રાજ્ય સરકારની મંજૂરી મેળવવી જરૂરી છે. જયારે હાલના આરોપી વિરુધ્ધ ગુજસીટોકની ટ્રાયલ ચલાવવાની દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા નામંજૂર કરવામાં આવેલ છે, હાલના આરોપી સામે એક જ ગુનો નોંધાયો હોય ગુજસીટોકની જોગવાઈઓ લાગુ પડે નહિ. જેથી આરોપી વિરુદ્ધ જે ગુનાની ટ્રાયલ ચાલી શકે તેમ ન હોય તે ગુન્હાના કામે અરજદારને જેલમાં રાખવા અન્યાયી છે, જેથી આરોપીને જામીન આપવા સુપ્રીમ કોર્ટ ના ચુકાદા ટાંકીને રજુઆત કરવામાં આવી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ સ્પેશ્યલ કોર્ટ (ગુજસીટોક) દ્વારા આરોપી મિલન ગોવિંદભાઈ ચાવડાની જામીન અરજી મંજુર કરવામાં આવી હતી. આ કામમાં આરોપી તરફે એડવોકેટ ભુમીકા પી પટેલ, વિજયેન્દ્ર પી. પટેલ, શિવરાજસિંહ ઝાલા, મોનલ પી. પટેલ, રાજવિરસિંહ ઝાલા તથા અવની બોરીસાગર રોકાયા હતા.(૨.૧૬)

# રાજકોટ પ્લાસ્ટીક મેન્યુ.એસો. દ્વારા કાલે સ્નેહમિલનઃ ડિરેકટરી વિમોચન

રાજકોટ તા.૧૪ : રાજકોટ પ્લાસ્ટીક મેન્યુફેકચર્સ એસો.નું વાર્ષિક સ્નેહ મિલન તેમજ ડિરેકટરી વિમોચન બુધવારે સાંજે ૬ કલાકે ડિલાઈટ પાર્ટી લોન્સ ન્યૂ ૧૫૦ રીંગ રોડ, કાલાવડ રોડ, મુંજકા, રાજકોટ ખાતે યોજેલ છે.

સહભાગી થવા 'સૌરાષ્ટ્ર પ્લાસ્ટ મેન્યુ એસોસિએશન ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક મેન્યુ એસોસિએશન, સાઉથ ગુજરાત પ્લાસ્ટિક મેન્યુ એસોસિએશન ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુ એસોસિએશન તેમજ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ના પ્રતિનીધી ઓ તેમજ ડી.આઈ.સી. ડિપાર્ટમેન્ટ ના મોરી સર અને પ્લાસ્ટિક ઉધોગ ક્ષેત્ર ના અગ્રણીઓ બહોળી સંખ્યા માં હાજર રહેશે.

કાર્યક્રમ ને સફળ બનાવવા સંસ્થા ના પ્રમુખ રમેશભાઈ ચાવડા, સેક્રેટરી રમેશભાઈ ગજેરા, ચેરમેન બાબુભાઈ ડાંગર, ઉપ પ્રમુખ ભરતભાઈ પરસાણા, ડિરેકટરી ચેરમેન કલ્પેશભાઈ પટેલ તેમજ કારોબારી સભ્ય જયભાઈ પટેલ મધુરભાઈ નરસિયા, પરેશ ભાઈ સંઘવી વિનુભાઈ પટેલ મનસુખભાઈ પટેલ રવિભાઈ પટેલ રમેશભાઈ કૈલા, જતીનભાઈ વઘાસીયા જહેમત ઉઠાવી રહ્યા છે. (૩.૯)

## આજે બપોર બાદ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં છુટાછવાયા સ્થળે મીની વાવાઝોડા સાથે તોફાની પવન અને ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી

મોટી પાનેલી તા.૧૪: આજે બપોર બાદ સુરત, આણંદ, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, કચ્છ તેમજ સાબરકાંઠા, બનાસકાંઠા, અમરેલી, ભાવનગર, જુનાગઢ, રાજકોટ, જામનગર, પોરબંદર, દ્વારકા, ખંભાળીયામાં છુટોછવાયા સ્થળે મીની વાવાઝોડા સાથે તોફાની પવન અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. વિજળી પડવાનાં બનાવ બની શકે છે તો સાવધાન રહેવું પવન હોય તો ઝાડ નીચે બેસવું જોઈએ નહીં સુરક્ષિત જગ્યાએ જવું તેમ ગુજરાત હવામાન ગ્રુપના વજુભાઈ બારૈયાએ જણાવ્યું છે.(ચંદ્રેશ હિરાણી-મોટી પાનેલી)(૨.૧૫)

# મોરબી પંથકની સગીરાના અપહરણ - દુષ્કર્મના કેસમાં આરોપીના હાઇકોર્ટમાં જામીન મંજુર

રાજકોટ તા. ૧૪ : મોરબીની સગીરાનુ અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં જામીન મુક્ત થયેલા આરોપીએ ફરી રાજકોટમાંથી સગીરાનુ અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું. જે પોકસો એકટના ગુનામાં ઝડપાયેલા આરોપીને હાઈકોર્ટે જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ મોરબીમાં રહેતી મહિલા પોતાની સગીર વયની પુત્રી સાથે રાજકોટમાં કાલાવાડ રોડ ઉપર રહેતા ભાઈના ઘરે તુલસી વિવાહના પ્રસંગમાં આવી હતી. અને મહિલા પોતાની માતા અને સગીર પુત્રી સાથે ગુંદાવાડી માર્કેટમાં ખરીદી કરવા ગયા હતા જયાં બજારમાં માણસોની ભીડમાં સગીર પુત્રી લાપતા થઈ હતી જનેતાએ પુત્રીની આજુબાજુમાં તપાસ કરી હતી તેમ છતાં મળી આવી ન હતી અગાઉ સગીરાને આરોપી તુલસી ઉર્ફે કાનો રમેશભાઈ ઉપસરીયા ભગાડી ગયો હતો તે ગુનામાં જામીન મુક્ત થયેલો આરોપી ફરી વખત પુત્રીનું અપહરણ કરી ભગાડી ગયો હોવાની સગીરાની માતાએ રાજકોટ ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ભક્તિનગર પોલીસે તપાસના આધારે આરોપી તુલસી ઉર્ફે કાનો ઉપસરીયાની ધરપકડ કરી હતી. અને સગીરાની પૂછપરછ બાદ આરોપી વિરૂદ્ધ દુષ્કર્મ અને પોકસો એકટની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો જેલ હવાલે રહેલા આરોપીએ જામીન મુકત થવા સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર થતા આરોપીએ પોતાના વકીલ મારફતે હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ હાઈકોર્ટે આરોપી તુલસી ઉર્ફે કાનો ઉપસરીયાને રેગ્યુલર જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી રાજકોટના એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા અને હાઈકોર્ટમાં મેહુલ એસ. પાડલીયા રોકાયા હતા.(૨૧.૩૦)



## જાહેર નોટીસ કમ ચેતવણી



આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, આથી ઉપરોકત ફોટાવાળા અમો **ગોસાઈ કમલેશગર દિનેશગર** રહે. ''કલ્યાણેશ્વર'' અંબા ભગત મેઈન રોડ, મારૂતીનગર ૫૦ ફુટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ વાળા આથી જાહેર કરીએ છીએ કે અમારા **પુત્ર** નામે **ગોસાઈ વિવેક કમલેશગર**, રહે. ''કલ્યાણેશ્વર'' અંબા ભગત મેઈન રોડ, મારૂતીનગર ૫૦ ફુટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ વાળા અમારા થી છેલ્લા ઘણા સમયથી અલગ રહે છે અને તેઓની સાથે અમારે કોઈપણ જાતનો વ્યવહાર નથી તેમજ અમારી સ્થાવર મિલ્કત કે જંગમ મિલ્કત કે રોકડ માં પુત્ર **વિવેક** નો કોઈપણ જાતનો હકક, હીત, હીસ્સો નથી અને તે અમારા કહ્યામાં ન હોય જેથી અમારે તેની સાથે કોઈપણ જાતનો વ્યવહાર નથી, અને જાહેર જનતાએ તેઓની સાથે કોઈપણ જાતનો આર્થિક વ્યવહાર કરવો નહી તેમ છતાં જો તેઓની સાથે કોઈપણ જાતનો આર્થીક વ્યવહાર કરવામાં આવશે તો તેની તમામ જાતની જવાબદારી આર્થીક વ્યવહાર કરનારની રહેશે. તેમાં અમારી કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી. તેમ આ જાહેર નોટીસ થી સર્વે લાગતા વળગતા તમામ અને જાહેર જનતા એ તેની નોંધ લેવી.

રાજકોટ.
તા. ૧૪/૦૫/૨૦૨૪

**ગોસાઈ કમલેશગર દિનેશગર**



# ચેક રિટર્ન કેસમાં થયેલ સજા - વળતરના ચુકાદાને કાયમ રાખતી સેસન્સ કોર્ટ

### નીચેની કોર્ટે એક વર્ષની સજા અને દોઢુ વળતર ચુકવવા હુકમ કરેલ હતો

રાજકોટ તા. ૧૪ : રૂપિયા પાંચ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં લોધીકા કોર્ટના સજા અને દોઢું વળતર ચુકવવા થયેલા હુકમ સામે આરોપીએ દાખલ કરેલી અપીલ ગોંડલ સેશન્સ કોર્ટે ના મંજુર કરીને નીચલી કોર્ટનો ચુકાદો કાયમ રાખ્યો છે.

આ કેસની વિગત એવી છે કે, રાજકોટના મોટા મૌવા ગામ પાછળ આવેલ આંગન ગ્રીન સિટીમાં રહેતા લલીત અરજણભાઈ પાંભરે ઓળખાણનો સંબંધ ધરાવતા અને રાજકોટના કુવાડવા જીઆઈડીસી ખાતે 'બર્યાન ઈન્ટરનેશનલ'ના નામથી ધંધો કરતા રજની અમૃતલાલ વસોયાને ઉછીના પેટે રોકડા રૂા. પાંચ લાખ પુરા મદદ માટે આપેલા હતા, જે રકમ પરત આપવા બાબતે રજની વસોયાએ ચેક આપ્યો હતો, જે ચેક રિટર્ન થતા ફરીયાદીએ લોધીકાની સિવિલ કોર્ટમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલી જતા લોધીકા કોર્ટે આરોપી રજની અમૃતલાલ વસોયાને નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ તકસીરવાર ઠરાવી એક વર્ષની કેદની સજા તેમજ ચેકની રકમની દોઢ ગણી રકમ રૂા. ૭.૫૦ લાખ વળતર તરીકે સાંઈઠ દિવસમાં ફરિયાદીને ચુકવી આપવા અને જો ન ચુકવે તો વધુ ત્રણ મહિનાની સજાનો હુકમ કર્યો હતો. જે સજાના હુકમ સામે આરોપીએ ગોંડલની સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી, જે અપીલ ચાલી જતા ગોંડલની એડિશનલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટે આરોપી રજની અમૃતલાલ વસોયાને નીચેની કોર્ટ કરેલ સજા અને વળતરનો ચુકાદો યથાવત રાખતો હુકમ કરેલ છે અને આરોપીને નીચેની કોર્ટમાં ૮ દિવસમાં સરન્ડર થવા અંગેનો હુકમ કરેલ છે. આ કેસમાં મુળ ફરીયાદી તરફે રાજકોટના વકીલ અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ, ચાર્મી કે. પંડયા રોકાયા હતા.(૨૧.૩૦)

# ગાંજાના ખોટા કેસમાં ફીટ કરવાની ધમકી પૈસા પડાવવાના ગુનામાં જામીન અરજી મંજુર

રાજકોટ તા. ૧૪ : શહેરમા રહેતા યુવકને અજાણી યુવતીએ મોબાઈલમાં મીઠી મીઠી વાતો કરી ફસાવી મોરબી રોડ પર અવાવરૂ સ્થળે લઈ જઈ જયાં બે શખ્સોએ મકાનમાં બળજરૂરીપૂર્વક પુરી પોલીસની ખોટી ઓળખ આપી અને ગાંજાના કેસમાં ફીટ કરવાની ધમકી આપી રૂા. ૬,૫૦,૦૦૦ પડાવવાના ગુનામાં પકડાયેલા એક શખ્સને હાઈકોર્ટે જામીન ઉપર છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરમાં રહેતા યુવાનને યુવતીએ ફોનમાં પ્રેમ જાળમાં ફસાવે અવાવરૂ સ્થળોએ લઈ જઈ જયાં પોલીસના સ્વાગમાં બે શખ્શોએ ગાંજાના કેસમાં ફીટ કરવાની ધમકી આપી સાડા છ લાખ પડાવ્યા અંગેની મહિલા સહિત ત્રણ શખ્સો સામે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકને અજાણ્યા નંબર ઉપરથી મહિલાનો ફોન આવ્યો મીઠી મીઠી વાતો કરી પ્રેમ જાળમાં ફસાવી ગૌરીદડ બસ સ્ટેશન ખાતે બોલાવી જયાં નંબર વગરના એકટીવામાં બેસાડી મોરબી રોડ ઉપર આવેલા એક મકાન પાસે લઈ ગયેલા જયાં એકટીવા ઉભું રાખતા ત્યાં બે શખ્સોએ યુવાનને બળજબરીથી મકાનમાં અંદર લઈ જઈ કહેલ કે અમો પોલીસ સ્ટાફ છીએ અને મહિલા ગાંજાનો વેપાર કરે છે અને તમો તેના ભાગીદાર છો મહિલાની પૂછપરછ સાહેબ કરે છે અને મહિલાને પોલીસ મથકે લઈ ગયા છે. તેમ કહી મોબાઈલ ફોન લઈ જો તમારે ગાંજાના કેસમાંથી બચવું હોય તો રૂપિયા આપવા પડશે તેમ કહી યુવાન પાસેથી રોકડા અને એટીએમ મારફતે ૬.૫૦ લાખ રકમ પડાવી લીધા ના ગુનામાં પોલીસે કૃષ્ણકુમાર સિંગાશનભાઈ કુશવાહા નામના શખ્સની ધરપકડ કરી હતી. તપાસ પૂર્ણ થતાં કૃષ્ણકુમારને જેલ હવાલે કર્યો હતો. બાદ આરોપી કૃષ્ણકુમાર કુશવાહાની સેશન્સ કોર્ટએ જામીન અરજી નામંજૂર કરતા જે હુકમથી નારાજ થઈ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં આરોપીના એડવોકેટની ધારદાર દલીલોને ધ્યાને લઈ આરોપીને શરતી જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો છે.

આરોપીના એડવોકેટ તરીકે વિજય ડી. બાવળીયા, રમઝાન આઈ. આગરીયા, વનરાજ જે ગોહેલ અને હિરેનકુમાર ન્યાલચંદાણી રોકાયેલ હતા.(૨૧.૩૦)

એનડીએનું શકિત પ્રદર્શન : ૧૨ રાજ્યોના મુખ્યમંત્રીની ઉપસ્થિતિ : પુષ્ય નક્ષત્રમાં નોંધાવી ઉમેદવારી

# કાશી વિશ્વનાથના આશીર્વાદ લઇ નરેન્દ્રભાઇનું નામાંકન

ગંગા સ્નાન - પૂજન તથા કાળ ભૈરવના દર્શન : ગૃહમંત્રી શાહ, રાજનાથ સહિત ૨૦ કેન્દ્રીય અને યુપી સરકારના પ્રધાનો હાજર

વારાણસી તા. ૧૪ : લોકસભાની ચૂંટણીમાં વારાણસી બેઠક ઉપરથી વડાપ્રધાન મોદીએ આજે પ્રચંડ વિજયના વિશ્વાસ સાથે પોતાની ઉમેદવારી નોંધાવી છે. આજે સમગ્ર કાશી મોદીના રંગે રંગાયુ હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાને ૧૧.૪૦ના શુભ મુહૂર્તમાં ઉમેદવારી નોંધાવી એ સમયે એનડીએ દ્વારા શકિત પ્રદર્શન કરવામાં આવ્યું છે. ૧૨ રાજ્યોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા છે એટલું જ નહિ ગૃહમંત્રી શાહ, સાથે બેઠક કરશે. આ સાથે જ પીએમ કલેકટર ઓફિસમાં એનડીએ નેતાઓને પણ મળ્યા હતા.

પીએમ મોદી નામાંકન પહેલા ગંગામાં સ્નાન - દશાશ્વમેધ ઘાટ પર પૂજા કર્યા બાદ તે કાલ ભૈરવ પાસેથી આશીર્વાદ લીધા હતા. પીએમ સવારે ૧૧.૪૦ વાગ્યે નોમિનેશન ફાઈલ કર્યું. આ દરમિયાન તેમની સાથે ગૃહ મંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ સહિત કેન્દ્ર અને યુપી સરકારના ૨૦ મંત્રીઓ

**ઉમેદવારી નોંધાવતી વખતે ચાર પ્રસ્તાવક રહ્યા હાજર : પંડિત ગણેશ્વર શાસ્ત્રી, બૈજનાથ પટેલ, લાલચંદ કુશવાહા અને સંજય સોનકર પણ ઉપસ્થિત રહ્યા**

સંરક્ષણ મંત્રી રાજનાથ સહિત ૨૦ જેટલા કેન્દ્રીય અને યુપીના મંત્રીઓ પણ હાજર રહ્યા હતા. આજે નામાંકન પૂર્વે સવારે વડાપ્રધાને ગંગા સ્નાન - ગંગાપૂજા કરી હતી અને તે પછી કાળ ભૈરવના દર્શન કરી તેમના આશીર્વાદ પણ ગ્રહણ કર્યા હતા. તેમણે એનડીએના નેતાઓ સાથે બેઠક પણ યોજી હતી. ઉમેદવારી નોંધાવતી વખતે ચાર પ્રસ્તાવક હાજર રહ્યા હતા. જેમાં પંડિત ગણેશ્વર શાસ્ત્રી, બૈજનાથ પટેલ, લાલચંદ કુશવાહા અને સંજય સોનકર પણ ઉપસ્થિત રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર વારાણસી લોકસભાથી પીએમ નરેન્દ્ર મોદીના નામાંકન માટે ૪ પ્રસ્તાવો લગભગ ફાઈનલ થઈ ગયા છે. માઝી સમુદાયના પ્રસ્તાવક આચાર્ય ગણેશ્વર શાસ્ત્રી, સોમા ઘોષ સરોજ ચુડામાણી અને એક મહિલા પ્રસ્તાવક તેમાં હાજર રહ્યા હતા છે. વારાણસી લોકસભા સીટ માટે સાતમા તબક્કાનું મતદાન ૧ જૂને થવાનું છે.

વડાપ્રધાન મોદી વારાણસી લોકસભા સીટ પરથી ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે. તેઓ ૨૦૧૪માં પહેલીવાર અહીંથી સાંસદ બન્યા હતા. આ પછી તેણે ૨૦૧૯માં પણ આ સીટ જીતી હતી.


નોમિનેશન ફાઈલ કર્યા બાદ પીએમ રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટરમાં બીજેપી કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ સિવાય પીએમની નોમિનેશન પ્રક્રિયા દરમિયાન ભાજપ શાસિત ૧૨ રાજયોના મુખ્યમંત્રીઓ પણ સામેલ થયા હતા.

બીજેપી નેતાઓના જણાવ્યા અનુસાર, રાજયના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સિવાય ૧૨ મુખ્યમંત્રીઓ પીએમના નોમિનેશનમાં સામેલ થયા. જેમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્મા, આસામના મુખ્યમંત્રી હેમંત બિશ્વા શર્મા, હરિયાણાના મુખ્યમંત્રીનો સમાવેશ થાય છે. નાયબ સિંહ સૈની, ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગ, ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહા હાજરી આપી. આ સાથે ગૃહમંત્રી અમિત શાહ અને રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ નોમિનેશનમાં ભાગ લીધો. એનડીએના મુખ્ય ઘટકો, રાષ્ટ્રીય લોકદળના પ્રમુખ જયંત ચૌધરી, એલજેપીના વડા ચિરાગ પાસવાન, અપના દળ એસના પ્રમુખ અનુપ્રિયા પટેલ, સુભાસપના પ્રમુખ ઓમપ્રકાશ રાજભર અને નિષાદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. સંજય નિષાદ વગેરે હાજર રહ્યા હતા.





**નરેન્દ્રભાઇએ દાખલ કર્યુ ઉમેદવારી પત્રકઃ ત્રીજીવાર વારાણસીથી લડી રહ્યા છે ચૂંટણીઃ ચાર પ્રસ્તાવકો સહિત ૨૦ કેન્દ્રીય અને યુપી સરકારના પ્રધાનો હાજર રહ્યા હતાઃ કાશીમાં બીજેપી કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી**












# જથ્થાબંધ ફુગાવો ૧૩ મહિનાની ઉચ્ચ સપાટીએ : એપ્રિલમાં ૧.૨૬ ટકા નોંધાયો

**ખાદ્ય ચીજવસ્તુઓ, વીજળી, ક્રુડ પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ ઉત્પાદિત ખાદ્ય ચીજવસ્તુઓ અને અન્ય ઉત્પાદિત વસ્તુઓના ભાવમાં વધારો થવાને કારણે થયો**

નવી દિલ્હી તા. ૧૪ : એપ્રિલમાં વાર્ષિક ધોરણે જથ્થાબંધ ફુગાવો ૧.૨૬%ના ૧૩ મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. માર્ચમાં તે ૦.૫૩% હતો. વાણિજય મંત્રાલયે આ સંબંધિત ડેટા જાહેર કર્યો. નિષ્ણાતોએ જથ્થાબંધ મોંઘવારી દર ૧% રહેવાનો અંદાજ મૂકયો હતો. જથ્થાબંધ ફુગાવાના દરમાં આ વધારો ખાદ્યપદાર્થોના ભાવમાં વધારાને કારણે થયો છે.




એપ્રિલ મહિનામાં ડુંગળીના ભાવમાં વૃદ્ધિ દર ૫૯.૭૫% હતો જે માર્ચ મહિનામાં ૫૬.૯૯% હતો. જયારે બટાકાના કિસ્સામાં, ભાવ વૃદ્ધિ દર ૭૧.૯૭% હતો, માર્ચ મહિનામાં તે ૫૨.૯૬% હતો. એક વર્ષ અગાઉની સરખામણીએ, તે સમયગાળા દરમિયાન ડુંગળીના ભાવમાં ૫.૫૪%નો ઘટાડો થયો હતો, જયારે બટાકાના ભાવમાં ૩૦.૫૬%નો વધારો થયો હતો.

ખાદ્ય ચીજવસ્તુઓનો જથ્થાબંધ મોંઘવારી દર વાર્ષિક ધોરણે ૫.૫૨% વધ્યો હતો, જે માર્ચ મહિનામાં ૪.૭% વધ્યો હતો. માસિક ધોરણે, માર્ચ મહિનાના ૦.૯૫%ની સરખામણીએ તેમાં ૧.૯૪%નો વધારો થયો છે. સરકારના જણાવ્યા અનુસાર એપ્રિલ મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દરમાં વધારો મુખ્યત્વે ખાદ્ય ચીજવસ્તુઓ, વીજળી, ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, ઉત્પાદિત ખાદ્ય ચીજવસ્તુઓ અને અન્ય ઉત્પાદિત ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાને કારણે થયો છે.

મેન્યુફેકચર્ડ પ્રોડકટ માટે ૨૨ એનઆઈસી ડબલ ડિજીટ સમૂહોમાંથી ૧૫ સમૂહોમાં કિંમતોમાં વધારો થયો. જયારે બે સમૂહોમાં કોઈ બદલાવ થયો નહિ. બેઝ મેટલ, અન્ય વિનિર્માણ, કપડા, ખાદ્ય ઉત્પાદકો અને રસાયણ તેમજ રાસાયણિક ઉત્પાદકો વગેરેની કિંમતોમાં મહીને દર મહિનાના આધારે વધારો જોવા મળ્યો. ખનિજ ઉત્પાદન, કાગળ અને કાગળ ઉત્પાદન, મોટરવાહી, ફર્નીચર અને ચામડુ અને સંબંધિત ઉત્પાદકોની કિંમતોમાં ઘટાડો નોંધાયો.(૨૧.૨૪)

વારાણસીમાં ઉમેદવારી નોંધાવતા પહેલા પીએમ મોદી થયા ભાવુક

# મારી માતાના મૃત્યુ પછી ગંગા મારી માતા છે : ગંગા માતાએ મને દત્તક લીધો છે

રાહુલ ગાંધી પર કર્યા આકરા પ્રહારો : દેશની ભાવનાએ રામમંદિરનું નિર્માણ કરવાની પ્રેરણા મને આપી



નવી દિલ્હી તા. ૧૪ : પીએમ નરેન્દ્ર મોદી માટે ઉમેદવારી નોંધાવતા પહેલા તેમની માતાને યાદ કરી. વાસ્તવમાં પીએમ નરેન્દ્ર મોદીના માતા હીરાબેન મોદીનું ૩૦ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ અવસાન થયું હતું. પીએમ મોદીની માતાના નિધન બાદ આ પ્રથમ ચૂંટણી છે. આ કારણે પીએમ મોદી ભાવુક દેખાઈ રહ્યા હતા. પીએમ મોદીએ નામાંકન ભરતા પહેલા વારાણસીમાં કહ્યું કે ૪૦૦ પાર કરવી એ દેશની ભાવના છે. પીએમ મોદીએ દાવો કર્યો કે ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસને એક પણ સીટ નહીં મળે. આ દરમિયાન વડાપ્રધાન માતા ગંગાને પોતાની માતા કહેતા જોવા મળ્યા હતા. તેણે કહ્યું કે મારી માતાના મૃત્યુ પછી ગંગા મારી માતા છે. માતા ગંગાએ મને દત્તક લીધો છે.

૨૦૧૪ની લોકસભા ચૂંટણી દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે હું અહીં આવ્યો નથી, મને અહીં લાવવામાં આવ્યો છે. માતા ગંગાએ મને બોલાવ્યો છે. હવે તે કહેતા જોવા મળે છે કે માતા ગંગાએ મને દત્તક લીધો છે. નોમિનેશન ભરતા પહેલા પીએમ મોદી પોતાની માતાને યાદ કરીને ભાવુક જોવા મળ્યા હતા. હકીકતમાં, અગાઉના વર્ષોમાં, ઉમેદવારી નોંધાવતા પહેલા, તે તેની માતાના આશીર્વાદ માંગતો હતો. આ વખતે તેને તેની માતાની ખોટ લાગી રહી છે.

પીએમ નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા. તેણે કહ્યું કે કેરળે તેને ઓળખી લીધો છે. કેરળે તેમને દેશનિકાલ કરી દીધા છે. વાયનાડથી ભાગીને રાયબરેલી પહોંચ્યા છે. કેરળથી પીછો કર્યા બાદ તેમની ભાષા બદલાઈ ગઈ છે. વાસ્તવમાં આ વખતે રાહુલ ગાંધી રાયબરેલીથી લોકસભા ચૂંટણી લડ્યા છે. આ અંગે તેની પૂછપરછ કરવામાં આવી હતી. ગત વખતે રાહુલને અમેઠીથી સ્મૃતિ ઈરાની સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આ કારણે ગાંધી પરિવારે આ વખતે આ પરંપરાગત બેઠક પરથી કેએલ શર્માને ઉમેદવાર બનાવ્યા છે.

પીએમ મોદીએ રાહુલ ગાંધી અને સપા અધ્યક્ષ અખિલેશ યાદવ પર એકસાથે નિશાન સાધ્યું. તેણે કહ્યું કે આ બંને યુવકો પહેલા પણ સાથે આવ્યા હતા. યુપીના લોકોએ બંનેને ઓળખી લીધા છે. બંને સાથે આવે તો ભાજપને કોઈ ફરક નહીં પડે.

પીએમ નરેન્દ્ર મોદીએ પણ રામ મંદિર પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદીએ રામ મંદિરનું નિર્માણ નથી કર્યું. આ મંદિર દેશના લોકોની ભાવનાઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે. આ મંદિર દેશનું છે. આ મંદિરના નિર્માણ માટે દેશની જનતા અને ભગવાને મને માધ્યમ બનાવ્યો છે. ભગવાન મને ઊર્જા અને પ્રેરણા આપે છે. આ ઉર્જા મને દેશના લોકોની ભાવનાઓને સમજીને કામ કરવાની પ્રેરણા આપે છે.(૨૧.૨૭)

## મહિલા સેવા સમિતિ દ્વારા સમર ટ્રેનિંગ કેમ્પનું આયોજન

વાણીયાવાડી સ્થિત પટેલવાડીમાં તા.૨૧થી તા.૩૦ દરમિયાન વિવિધ વર્ગના ટ્રેનિંગ કલાસ યોજાશે

રાજકોટ તા. ૧૪ : મહિલા સેવા સમિતિ-વેલકમ દ્વારા સમર ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરાયું છે. રાજકોટની વાણીયાવાડી, ૧/૧૦ દયાનંદનગર, સ્થિત પટેલવાડીમાં તા.૨૧થી તા.૩૦ દરમિયાન વિવિધ વર્ગના ટ્રેનિંગ કલાસ યોજાશે. જેમાં ગુજરાત શ્રેષ્ઠ નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. સમર ટ્રેનિંગ કેમ્પ માટે તા.૧૫ના રોજ ફોર્મ સ્વીકારવામાં આવશે.

મહેંદી, ડાન્સ, બ્યુટીપાર્લર, નેલ આર્ટ, ફેશન ડિઝાઈન, ભરતકામ માટેના વર્ગ દરરોજ બપોરે ૨થી ૪ વાગ્યા દરમિયાન યોજાશે. આ ઉપરાંત રીયલ ફલાવર્સ, દાંડિયા, કરાટે, ડ્રોઈંગ, પેઈન્ટીંગ માટેના વર્ગ દરરોજ બપોરે ૪થી ૬ વાગ્યા દરમિયાન યોજાશે. વધુ માહિતી માટે મીનાબેન પરસાણા(મો.૯૯૦૪૯ ૨૪૨૩૪) અને ઉષાબેન અણદાણી (મો.૯૮૨૪૬ ૦૪૮૬૬) ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.(૨૧.૨૫)



## ચીનમાં ડર્મેટોલોજી કોન્ફરન્સમાં ભાગ લેતા ડો. સુરેશ જોશીપુરા

રાજકોટ તા. ૧૪: સાંઘાઇ (ચીન) ખાતે એશીયન ડર્મટોલોજી એશોશીએશન તરફથી યોજાયેલ કોન્ફરન્સમાં રાજકોટના ડો. સુરેશ જોશીપુરાએ ભાગ લીધો હતો. આઇ.એ.ડી.વી. એન્ડ એલ. ને સીસ્ટર સોસાયટી મીટીંગનો પણ લાભ મળેલ. આ મીટીંગમાં એશીયા ખંડના ૫૦૦૦ થી વધુ ચર્મરોગ નિષ્ણાતોએ ભાગ લીધેલ.

સર્વ પ્રથમવાર, ઈન્ડીયન એશોશીએશન ઓફ ડર્મેટોલોજીસ્ટ, વનેરીયોલોજીસ્ટ અને લેપ્રોલોજીસ્ટના યુવાન ચર્મરોગ નિષ્ણાતોને ડો. મંજુનાથ સીનોય, ડો. સુરેશ જોશીપુરા અને ડો. ભુમેશકુમાર અને અન્યના પ્રયાસોથી જુદી સાયન્ટીફીક સેસન્સ આપવામાં આવેલ. ડો. જોશીપુરાએ ફેકલ્ટી તરીકે રીસર્ચ વર્ક પણ રજુ કરેલ.(૭.૩૫)

કલેકટર તંત્રે મતગણત્રીની તૈયારી આરંભી: ૨૦મી આસપાસ સ્ટાફની તાલીમ તથા રેન્ડેમાઇઝેશન કરવા સુચન...

# મતગણત્રીમાં ૧૨૦૦નો સ્ટાફ પોસ્ટલ-EVM બંને મતો સાથે ગણાશે

**કણકોટ એન્જીનીયરીંગ કોલેજ ખાતે ૪ જૂને સવારે ૮ વાગ્યે ગણત્રી: ૧૨ વાગ્યે ફેંસલો ૪ જૂને સવારે ૬ વાગ્યે સ્ટાફ-EVM નું ઓબર્ઝવરની હાજરીમાં છેલ્લુ રેન્ડેમાઇઝેશન...**

વાંકાનેર-ટંકારાની ગણત્રી રાજકોટ બેઠકમાં હોય મોરબી કલેકટર પાસેથી અલગથી સ્ટાફ મંગાયો

રાજકોટ તા. ૧૪: રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી પૂરી થઈ અધીકારીઓએ થાક ઉતાર્યો, હવે આજથી રાજકોટ લોકસભા બેઠકની ૪ જૂને કાલાવાડ રોડ પર આવેલ કણકોટ એન્જીનીયરીંગ કોલેજ ખાતે મતગણત્રી કરવા અંગે આજથી તૈયારીઓ આરંભી છે.

કલેકટર કચેરીના અધીકારી સૂત્રોના કહેવા મુજબ કુલ ૮ હોલમાં મતગણત્રી થશે, ૧૩ાા થી ૧૪ હજાર જેટલા પોસ્ટલ બેલેટ મતોની ગણત્રી માટે અલગથી રૂમ ઉભો કરાયો છે, કુલ ૭ વિધાનસભા બેઠકના



૭ હોલ અને પોસ્ટલ બેલેટનો એક હોલ એમ ૮ હોલમાં ૧૪ ટેબલ ઉપર ૨૦ જેટલા રાઉન્ડમાં ગણત્રી થશે, એક હોલમાં ૧૫૦નો સ્ટાફની ગણતરી લેતા કુલ ૧૨૦૦નો સ્ટાફ મતગણત્રીમાં કામે લાગશે, અને ૧૦ ટકા રીઝર્વ રહેશે, આ તમામ સ્ટાફના આગામી ૨ થી ૩ દિવસમાં નીકળશે, અને ૨૦મી આસપાસ તમામ સ્ટાફની ARO વાઈઝ તાલીમ યોજાશે, અને રેન્ડેમાઈઝેશન પણ થશે, જયારે સ્ટાફનું છેલ્લું રેન્ડેમાઈઝેશન-EVM રેન્ડેનાઈઝેશન મતગણત્રીના દિવસે સવારે ૬ વાગ્યે થશે, સ્ટાફને ૬ાા થી એન્ટ્રી અપાશે, ૮ વાગ્યાથી મતગણત્રી શરૂ થશે.

આ વખતે પ્રથમ વખત જ એવું બનશે કે ઈવીએમના મતો, પોસ્ટલ બેલેટના મતો તથા સર્વીસ વોટર્સના મતો સવારે ૮ વાગ્યાથી એકી સાથે ગણાશે, પોસ્ટલ બેલેટના ૧૩ાા થી ૧૪ હજાર મતો છે, સર્વીસ વોટર્સ ૭૦૦ આસપાસ છે, જેમાંથી આજ સુધીમાં ૧૨૦ સર્વીસ વોટર્સનું વોટીંગ થઈને કલેકટર પાસે આવી ગયું છે, આ સર્વીસ વોટર્સ મતગણત્રીના દિવસ સુધી ગણત્રીમાં લેવાશે, દેશભરમાં આર્મી-BSF માં ફરજ બજાવતા જવાનોના આ મતો હોય છે.

અધીકારી સુત્રોએ ઉમેર્યુ હતું કે વાંકાનેર-ટંકારા વિધાનસભા બેઠકનો વિસ્તાર રાજકોટ લોકસભા બેઠકમાં હોય, રાજકોટ કલેકટર દ્વારા મોરબી કલેકટર પાસેથી વાંકાનેર-ટંકારા બેઠકના મતોની ગણત્રી માટે અલગથી સ્ટાફ મંગાયો છે, હાલ તંત્ર મતગણત્રી અંગે પુરબહારમાં તૈયારીઓ કરી રહ્યું છે.(૭.૩૧)

# પીએસઆઇની જગ્યા માટે ૯.૮૩ લાખ અરજીઓ આવીઃ સપ્ટેમ્બર સુધી અરજીઓ સ્વીકારાશેઃ હસમુખ પટેલ

### રાજયમાં પોલીસ ભરતીની શારીરીક કસોટી ઓકટોબર-નવેમ્બરમાં યોજાશે



ગાંધીનગર,તા.,૧૪:પોલીસ રીક્રુટમેંટ બોર્ડના વડા આઈપીએસ હસમુખ પટેલે માહીતી આપી છે કે બોર્ડને પોલીસ સબ ઈન્સ્પેકટરની જગ્યા માટે ૪.૫૦ લાખ અને લોકરક્ષક દળ જવાનની ભરતી માટે ૯.૮૩ લાખ અરજીઓ મળી છે.

અરજી માટેનો સમયગાળો ૪ થી ૩૦ એપ્રિલ હતો. જયારે ફી ભરવાની છેલ્લી તા.૭ મે હતી. આગામી ઉનાળા અને ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને અમે શારીરીક પરીક્ષાનું આયોજન ચોમાસા પછી રાખ્યુ અને તેથી આગામી ઓગષ્ટ સપ્ટેમ્બરમાં વધુ અરજીઓ સ્વીકારવામાં આવશે.

હસમુખ પટેલે વધુમાં કહયું યુવાઓનો એક પ્રશ્ન હતો કે તેઓ આ વર્ષે ૧૨ મુ ધોરણ કે ગ્રેજયુએશન પાસ કરે તો તેઓ અરજી કરી શકે કે નહી? તેમને ખાત્રી આપવામાં આવે છે કે આ વર્ષના સપ્ટેમ્બરમાં તેઓ અરજી કરી શકશે અને તે વખતે જેઓ પાત્રતા ધરાવતા હશે તેમને અરજી કરવા દેવામાં આવશે.

પટેલે કહયું કે બોર્ડ ૧૫ સપ્ટેમ્બર સુધીમાં પ્રક્રિયા પુર્ણ કરી લેવા માંગે છે અને શારીરીક કસોટી આ વર્ષના ઓકટોબર નવેમ્બરમાં આયોજીત થઈ શકે છે.(૪.૨૪)

કલેકટરના અધ્યક્ષસ્થાને સમીક્ષા

# પ્રિ-મોન્સુન બેઠક : તરવૈયાઓની યાદી - SRP ટીમો - વોકળા - નદી પટની સફાઇ - ઘાસચારો - વાયરલેસ સેટ - કન્ટ્રોલ રૂમ અંગે સૂચના

**ગામડાઓ સુધી સંદેશાઓ પહોંચાડવા - વીજતાર - પોલ અંગે સાવચેતીના આદેશો**

રાજકોટ તા. ૧૪ : જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે વર્ષાઋતુ-૨૦૨૪ પ્રિ-મોન્સુન કામગીરીના આયોજન અંગેની બેઠક યોજાઈ હતી. જે અન્વયે ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત તમામ તાલુકા સ્તરે લાયઝન અધિકારીની નિમણૂંક કરવામાં આવી હતી. વર્ષાઋતુ અગાઉ કરવાની કામગીરી જેમકે બચાવ અને રાહત કામગીરી, ગ્રામ્ય કક્ષાએ જરૂરી ટીમ-સ્ટાફ, સાધનો, ભારે વરસાદની સ્થિતિમાં લેવાના તકેદારીના પગલાં, સ્થાનિક તરવૈયાઓની યાદી, એસ.આર.પી. ટીમની સજજતા,વિવિધ વોકળા-નદીપટની સફાઈ,પશુઓને ઘાસચારો વગેરે વિષે ચર્ચા કરવામાં આવી હતી.

તદુપરાંત વર્ષામાપક યંત્રનુ મેન્ટેનન્સ તથા ડેમ-કેનાલ વગેરેના દરવાજાની ચકાસણી અને સફાઈ કરવા, જરૂરી સ્થળો પર વાયરલેસ નેટવર્ક ગોઠવવા, તાલુકા કક્ષાએ ફલ્ડ કંટ્રોલ યુનિટ, સાવચેતી અંગેના સંદેશા ગ્રામ્ય કક્ષા સુધી તાત્કાલિક પહોંચે તેમજ ગ્રામ્ય કક્ષાથી જરૂરી સંદેશાઓ પહોંચાડવા સંદેશાવ્યવહારના સાધનોના અદ્યતન સેટ-અપ, કોઝવે પર સાઈન માર્ક કરવા, નિચાણવાળા વિસ્તારની અને વૈકલ્પિક રસ્તાઓની યાદી તૈયાર કરી વ્યવસ્થા કરવા,પી.જી.વી.સી.એલ. દ્વારા વીજળીના તૂટેલા તાર-જોખમી ઝૂકેલા વીજ પોલ નિકાલની કામગીરી, આવશ્યક મટીરીયલ, રસ્તા બંધ થતાં વૃક્ષો હટાવવા-કાપવાના સાધનો, અનાજ પુરવઠાની જાળવણી, આરોગ્ય કેન્દ્ર-હોસ્પિટલો ખાતે સાધનો-દવાઓ, કલોરિનેશન, રોગચાળો ફેલાતો અટકાવવા જંતુનાશક દવાઓના જથ્થા, માનવબળ વગેરે વિષે ઝીણવટપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. જાનહાનિ ટાળવા ખુલ્લા રહેતા બોરવેલ અને ટયુબવેલને ઢાંકવા પર કલેકટરશ્રીએ ભાર મૂકયો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી નવનાથ ગવ્હાણે, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી સ્વપ્નિલ ખરે, અધિક નિવાસી કલેકટર શ્રી ચેતન ગાંધી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઈલાબેન ગોહિલ,જિલ્લા પુરવઠા અધિકારી શ્રી રાજેશ્રી વંગવાણી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી પપ્પુ સિંઘ,જિલ્લા વન સંરક્ષણ અધિકારી શ્રી પટેલ, સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ સહિત તમામ વિભાગના અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ તથા અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.(૨૧.૨૫)

# તોફાની વરસાદે પરચો બતાવ્યો : ૧૨૦૦ ગામોમાં વીજ પૂરવઠો ઠપ્પ : ખેતીવાડીના ૬૨૭ ફીડર બંધ : આખી રાત રીપેર કામગીરી

### રાજકોટમાં ભારે પવને ૧૨ ફીડરોમાં ટ્રીપીંગ લાવી દેતા હજારો ઘરોમાં અંધારપટ છવાઇ ગયો

રાજકોટ તા. ૧૪ : ગઈકાલે સૌરાષ્ટ્રમાં કરા અને તોફાની વરસાદ સાથે આવેલ મીની વાવાઝોડાને કારણે પીજીવીસીએલ હેઠળના કુલ ૧૨૦૫ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયેલ. જેમાંથી ૧૧૯૭ ગામોમાં પીજીવીસીએલની ટેકનીકલ ટીમો દ્વારા તાત્કાલિક ધોરણે વીજ પુરવઠો પૂર્વરત કરી નખાયાનું અધિકારી સૂત્રોએ ઉમેર્યુ હતું.

હાલ ૮ ગામોમાં વીજ પુરવઠો બાકી હોય તેને શરૂ કરવાની કામગીરી ચાલી રહી છે. જે આજે સાંજ સુધીમાં વીજ પુરવઠો કાયમ થઈ જનાર છે. જયારે કુલ ૬૩૨ બંધ ફીડરમાંથી જયોતિગ્રામ યોજનાના ૫ ફીડર અને ખેતીવાડીના ૬૨૭ ફીડર બંધ છે જેને રીસ્ટોર કરવા માટે કામગીરી ચાલી રહી છે. રાજકોટમાં અતિ ભારે પવન અને વરસાદનાં કારણે એચ.ટી. ૧ સબ ડિવિઝન હેઠળ નવદુર્ગા, સીતારામ, ભક્તિનગર, સહકાર અને નવાગામ ફીડર, એચ.ટી. ૨ સબ ડિવિઝન હેઠળ **SRP** અને ગુરુકુળ ફીડર જયારે એચ.ટી. ૩ સબ ડિવિઝન હેઠળ વૃંદાવન, સોમેશ્વર, કસ્તુરી અને શાંતિવન ફીડર ટ્રીપ થયેલ, હજારો ઘરોમાં લાઈટો ગૂલ થઈ ગઈ હતી.

તોફાની પવનને કારણે ૯૯ થાંભલાને ભારે નુકસાન થયું હતું, તેમાંથી બોટાદ પંથકમાં ૫૩ તો મોરબી પંથકમાં ૨૦ થાંભલા ડેમેજ થયા હતા, જયારે બોટાદ ક્ષેત્રમાં ૩ ટ્રાન્સફોર્મરમાં ધડાકા થતા તે બદલાવવા કાર્યવાહી ચાલુ છે.(૨૧.૨૯)

# ઇન્ડીગોની ફલાઇટ મુંબઇથી નહી આવતા મુંબઇ-રાજકોટ બંને સ્થળે ૨૦૦ મુસાફરો રઝળ્યાઃ દેકારો મચી ગયો

### ગઇકાલે સાંજે ૭.૪૫ વાગ્યે મુંબઇથી આવતી ફલાઇટ છેવટે કેન્સલ થતા વિદેશ જતા ૨૫ મુસાફરો સલવાયા

રાજકોટ,તા.,૧૪: ઈન્ડીગોની ફલાઈટ ગઈકાલે સાંજે મુંબઈથી રાજકોટ હિરાસર એરપોર્ટ પર નહી આવતા ૨૦૦ થી વધુ મુસાફરો મુંબઈ અને રાજકોટ બંને સ્થળે રઝળી પડયા હતા. મુસાફરોમાં ભારે દેકારો મચી ગયો હતો.

મળતી વિગતો મુજબ ગઈકાલે સાંજે મુંબઈમાં ખરાબ હવામાનને કારણે રાજકોટ આવતી ઈન્ડીગોની ફલાઈટ સાંજે ૭.૪૫ ને બદલે રાત્રે ૧૦ સુધી આવી ન હતી અને બાદમાં કેન્સલ કરી દેવાતા રાજકોટ હિરાસર એરપોર્ટ પર મુસાફરોએ ઈન્ડીગોના અધિકારીઓ સાથે ભારે માથાકુટ સર્જી હતી.

રાજકોટથી લગભગ ૧૦૦ થી વધુ મુસાફરો જનાર હતા. સાંજે ૬ વાગ્યાથી મુસાફરો એરપોર્ટ પર ફલાઈટની રાહ જોતા હતા. પરંતુ એરલાઈન્સના સંચાલકોએ ફલાઈટ એક કલાક મોડી અને ત્યાર બાદ ૯ાા-૧૦.૩૦ અને રાત્રે ૧૨ વાગ્યાનો સમય આપ્યો હતો. પરીણામે મુસાફરો ઉકળી ઉઠયા હતા. એરપોર્ટ ઉપર જ હડતાલ પર ઉતરી જવાની ચીમકી આપી હતી.

આ ફલાઈટમાં ૨૦ થી ૨૫ મુસાફરોનો મલેશીયા-સિંગાપુર જનાર હતા. પરંતુ ફલાઈટ નહી આવતા રઝળી પડયા હતા. એક આખા પરીવારને રાજકોટથી મુંબઈ તથા મુંબઈથી ગોવાની ફલાઈટની કનેકટીવીટી હતી. તે પણ પરીવાર રઝળી પડયો હતો. ઈન્ડીગોના અધિકારીઓ ફલાઈટમાં ટેકનીકલ ખામીનું બહાનુ આપતા હતા. પરંતુ ખરાબ હવામાન-ધૂળની ડમરીઓ-વરસાદને કારણે અનેક ફલાઈટો ડાઈવર્ટ થઈ હતી, અનેક કેન્સલ થઈ હતી.

રાત્રે ૧૨ વાગ્યા સુધી મુસાફરોને જમવાનું, મુંબઈસુધી પહોંચવા માટે અન્ય કોઈ વ્યવસ્થા નહી કરાયાનું બહાર આવ્યું હતું. એરલાઈન્સના અધિકારીઓને રીફન્ડ લઈ એરપોર્ટ બહાર નીકળી જવા અંગે કહી દેતા મુસાફરોમાં પ્રચંડ રોષ ફાટી નિકળ્યો હતો. મુસાફરોએ ભુખ હડતાલની ચીમકી આપી હતી. બાદમાં અમુક મુસાફરોએ રીફંડ લીધુ હતું. તો અમુકને આજે મોકલાયા હતા.

દરમિયાન ઈન્ડીગોના અધિકારીઓનો સંપર્ક કરતા કોઈ સંપર્ક થઈ શકયો ન હતો. કોઈ ફોન પણ ઉપાડતા ન હોય વધુ જાણકારી પ્રાપ્ય બની ન હતી. (૪.૨૫)

# પંચર સાંધવાનું કામ કરતાં રૈયાધારના રમેશભાઇ ખેતરીયા સાથે ફાયનાન્સ પેઢીના સંચાલકની ઠગાઇ

### છ વર્ષ પહેલા એક લાખની એફડી કરાવી, પાકતી મુદ્દતે નાણા ન આપ્યાઃ ગાંધીગ્રામ પોલીસે ગજકેસરી ફાયનાન્સના સંચાલક જયેન્દ્રસિંહ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો

રાજકોટ તા. ૧૪: રૈયાધારમાં રહેતાં અને પંચર સાંધવાનું કામ કરતાં આધેડે છ વર્ષ પહેલા એક લાખની રકમની એફડી ગજકેસરી ફાયનાન્સમાં કરાવતાં હવે પાકતી મુદતે તેના સંચાલકે નાણા ન આપતાં અને ચેક આપ્યા એ પણ બાઉન્સ થતાં ઠગાઈની ફરિયાદ દાખલ કરાવી છે.

આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે રૈયાધાર રાણીમા રૂડીમા ચોકથી આગળ આવેલા બાર માળીયા કવાર્ટરની સામે રહેતાં અને પંચર સાધવાની દૂકાન ચલાવતાં રમેશભાઈ ભીખાભાઈ ખેતરીયા (ઉ.વ.૪૮)ની ફરિયાદ પરથી ગાંધીગ્રામ જીવંતીકાનગર-૨-અમાં એસકે ચોક પાસે રહેતાં જયેન્દ્રસિંહ ભરતસિંહ જાડેજા (ઉ.વ.૨૯) વિરૂધ્ધ આઈપીસી ૪૦૬, ૪૨૦, ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટ્રેસ્ટ ઓફ ડિપોઝીટર્સ એકટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

રમેશભાઈ ખેતરીયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે મેં આગઉ ૨૯/૪ના રોજ અરજી આપી હતી. તે અંતર્ગત હવે ફરિયાદ દાખલ કરાવી છે. ૨૦૧૮માં મારા મિત્ર જગદીશભાઈ રાવલ જે ઈન્સ્યોરન્સ કંપનીમાં નોકરી કરતાં હોઈ તેમની ઓફિસની નીચેના માળે એટલે કે ૧૫૦ ફુટ રીંગ રોડ પર ઈન્દિરા સર્કલ નજીક યોગી કોમ્પલેક્ષ ખાતે ગજકેસરી ફાયનાન્સ નામની ઓફિસ આવેલી હોઈ તે વખતે મારી પાસે એકાદ લાખ જેવી રકમ પડી હતી. મેં મારી દિકરીના લગ્ન સુધી રોકાણ કરવા માટે મૌલિકભાઈને પુછતાં તેણે કહેલું કે ગજકેસરી ફાયનાન્સના માલિક જયેન્દ્રસિંહ ભરતસિંહ જાડેજા છે. બાદમાં તેણે મારી મુલાકાત જયેન્દ્રસિંહ સાથે કરાવી હતી.

તેણે મને લોભામણી સ્કીમ બતાવી હતી. મેં તા. ૧૫/૩/૨૦૧૮ના રોજ છ વર્ષ સુધી એક લાખની એફડી કરી હતી. તે એફડીની પાકતી મુદત તા. ૧૫/૩/૨૪ની હતી. પરંતુ પાકતી મુદતના સાતેક દિવસ પહેલા મને જયેન્દ્રસિંહે ફોન કરેલો કે તમને બે ચેક આપ્યા છે તે ખાતામાં નાખતા નહિ, મારુ એકાઉન્ટ ફ્રીઝ થઈ ગયું છે. તમે નવા ચેક લઈ જજો. જેથી હું અને મિત્ર મૌલિકભાઈ જયેન્દ્રસિંહની ઓફિસે નવા ચેક લેવા ગયા હતાં. તેણે મને બીજા બે ચેક આપ્યા હતાં. જે અલગ અલગ તારીખે એકાઉન્ટમાં નાખતા ચેક બાઉન્સ થઈ ગયા હતાં.

આથી ફરીથી અમે જયેન્દ્રસિંહની ઓફિસે જતાં અને વાત કરતાં તેણે એકાદ બે દિવસમાં રકમ આપી દેશે તેવા વાયદા કર્યા હતાં. આમજ સુધી એફડીના રૂપિયા પાકતી મુદતના જે કાયદેસરના છે તે મને પરત ન આપતાં અંતે ફરિયાદ કરવી પડી છે. તેમ વધુમાં રમેશભાઈએ જણાવતાં પીઆઈ બી. ટી. અકબરીની રાહબરીમાં હેડકોનસ. એ. પી. કોરાટે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. (૧૪.૧૦)

# સાંગણવા ચોકના ઇલેક્ટ્રીક ચીજવસ્તુના વેપારી સાથે સસ્તામાં એલઇડીના નામે રૂા. ૧.૧૦ લાખની છેતરપીંડી

### જય સત્યા લાઇટીંગ સુરત-દિલ્હીના મેનેજરના નામે ફોન કરનારે છેતરી લીધાઃ એસીબી બી. બી. બસીયાની રાહબરીમાં સાયબર ક્રાઇમ પીએસઓ દીપકભાઇ પંડિતે ગુનો દાખલ કરાવ્યોઃ પીએસઆઇ જાદવ તપાસ આદરી

રાજકોટ તા. ૧૪: સાંગણવા ચોકના ઈલેકટ્રીક ચીજ વસ્તુના વેપારીને એક શખ્સે જય સત્યા લાઈટીંગના મેનેજરના નામે ફોન કરી સસ્તામાં એલઈડી આપવાની લાલચ દઈ તેની પાસેથી ઓનલાઈન ૧.૧૦ લાખ મેળવી લીધા બાદ માલ ન મોકલી ફોનમાં પ્રત્યુત્તર પણ ન આપી ઠગાઈ કરતાં ફરિયાદ દાખલ થઈ છે.

આ બનાવમાં સાયબર ક્રાઈમ પોલીસે રૈયા સર્કલ અમૃતા હોસ્પિટલ પાછળ શિવમ્ પાર્ક-૧માં રહેતાં અને સાંગણવા ચોકમાં ડીલાઈટ લાઈટ નામે ઈલેકટ્રીક ચીજવસ્તુનો વેપાર કરતાં ધવલભાઈ જયંતભાઈ નારીયાનીયા (ઉ.વ.૩૬)ની ફીરયાદ પરથી જય સત્યા લાઈટીંગના મેનેજર તરીકે ઓળખ આપનાર અમિત સિંગ તથા આઈડીએફસી બેંકના ખાતેદાર અને તેનો ઉપયોગ કરનાર તથા તપાસમાં ખુલે તેના વિરૂધ્ધ આઈપીસી ૪૦૬, ૪૨૦ મુજબ રૂા. ૧,૧૦,૦૦૦ની ઠગાઈનો ગુનો દાખલ કર્યો છે.

ધવલભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે આજથી આઠેક મહિના પહેલા મને એક મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો અને તેણે પોતે જય સત્યા લાઈટીંગ મેન્યુફેકચરીંગ યુનિટ સુરત તથા દિલ્હી ખાતે આવેલ છે તેના મેનજર બોલે છે તેમ કહી વાત કરી હતી. એ પછી એવું કહેલું કે તમારે એલઈડી લાઈટનો માલ મંગાવવો હોય તો અમે સસ્તા ભાવે આપીએ છીએ તેમ કહી બાદમાં અવાર-નવાર ફોનમાં અને વ્હોટ્સએપમાં મસેજ કરી વાતો કરી હતી. આ પછી મેં તેને ૫૦૦ નંગ એલઈડીનો જથ્થો મંગાવવા ઓર્ડર આપ્યો હતો.

જય સત્યા લાઈટના મેનેજરની ઓળખ આપનારે પોતાનું નામ અમિત સિંગ જણાવ્યુ હતું. તેણે એક એલઈડીના રૂા. ૩૩૫ લેખે રૂા. ૧,૬૭,૫૦૦ અને જીએસટીના ૩૦૧૫૦ ગણી કુલ રૂા. ૧,૯૭,૬૫૦નું જય સત્યા લાઈટીંગ કંપનીનું જીએસટીવાળુ બીલ મને મોકલ્યુ હતું. તેણે કહેલું કે માલ માટે તમારે એડવાન્સ પેમેન્ટ કરવું પડશે. આથી મેં મારા નાગરિક બેંકના ખાતામાંથી જય સત્યા લાઈટીંગના આઈડીએફસી બેંકના ખાતામાં રૂા. ૨૦ હજાર ટ્રાનસફર કર્યા હતાં. બાદમાં બીજા ૯૦ હજાર મળી કુલ રૂા. ૧.૧૦ લાખ મોકલ્યા હતાં.

પરંતુ ત્યારબાદ જે નંબર પરથી ફોન આવતાં હતાં તેમાં વારંવાર ફોન કરવા છતાં કોઈ પ્રત્યુતર અપાતો નહોતો. જેથી છેતરપીંડી થયાની ખબર પડતાં સીઆઈડી ક્રાઈમના હેલ્પલાઈન નં. ૧૯૩૦માં કોલ કરી નોંધ કરાવ્યા બાદ હવે ફરિયાદ કરી છે. એસીપી બી. બી. બસીયાની રાહબરીમાં શિવભદ્રસિંહ જાડેજાએ ફરિયાદ નોંધ્યા બાદ પીએસઓ દિપકભાઈ પંડીતે ગુનો દાખલ કરાવ્યો છે. આગળની તપાસ પીએસઆઈ કે. પી. જાદવે હાથ ધરી છે. (૧૪.૧૧)

# મવડી ધરમનગરના કારખાનેદાર હસમુખભાઇ વેકરીયાનો ગોડાઉનમાં ફાંસો ખાઇ આપઘાત

### ઘર પાસે જ આવેલા ગોડાઉનમાં પગલુ ભરી લેતાં અરેરાટીઃ પુત્ર છાપરા ગામે ફેક્ટરીએ હતોઃ ભાઇ ફોન જોડતાં હોઇ રિસીવ ન થતાં ગોડાઉને જોવા જતાં લટકતાં મળ્યાઃ આર્થિક ભીંસ કે અન્ય કારણ? તપાસ યથાવત



રાજકોટ તા. ૧૪: શહેરના મવડી વિસ્તારના ઓમનગર સર્કલ નજીક પટેલનગર-૨માં મધુરમ્ મકાન પાસે રહેતાં અને છાપરા ગામે ઈલેકટ્રીક સ્વીચ બોર્ડના બોકસ તથા પાઈપ બનાવવાનું કારખાનુ ધરાવતાં હસમુખભાઈ રણછોડભાઈ વેકરીયા (ઉ.વ.૪૮) નામના કારખાનેદારે પોતાના ઘર નજીક જ લાઈફ લાઈન હોસ્પિટલ પાસે આવેલા ગોડાઉનમાં લોખંડના એંગલમાં રાંઢવુ બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ બનાવની જાણ ૧૦૮ના ઈએમટી ટ્વીંકલબેને કરતાં પોલીસ કન્ટ્રોલ રૂમના ઈન્ચાર્જ કે. એચ. મિશ્રાએ જાણ કરતાં તાલુકા પીએસઆઈ પી. એચ. નાઈ અને રાઈટર કિરીટભાઈ રામવતને જાણ કરતાં ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી.

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર હસમુખભાઈ વેકરીયા બે ભાઈ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર છે. તેઓ છાપરા ગામે ઈલેકટ્રીક સ્વીચ બોર્ડના પતરાના બોકસ બનાવવાનું કારખાનુ ચલાવતાં હતાં. એકાદ મહિના પહેલા જ તેમણે પટેલનગરમા ઘર નજીક ગોડાઉન ભાડે રાખ્યું હતું. ગઈકાલે પુત્ર કારખાને ગયા હતાં અને હસમુખભાઈ ગોડાઉન ખાતે ગયા હતાં. તેના ભાઈ તેમને ફોન જોડતાં હોઈ રિસીવ ન થતાં રૂબરૂ ગોડાઉન ખાતે તપાસ કરવા ગયા ત્યાં દરવાજો અંદરથી બંધ હોઈ ઠેંકીને જતાં હસમુખભાઈ લટકતાં મળતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આર્થિક સંકડામણને કારણે આ પગલુ ભર્યુ કે અન્ય કારણે? તે પરિવારજનો જાણતા ન હોઈ પોલીસે તપાસ યથાવત રાખી છે. (૧૪.૧૦)

ડો. જે. એમ. વ્યાસ દ્વારા બે પ્રોફેસરો દ્વારા સહ-લિખિત પુસ્તક ''મેન્ટરિંગ બિયોન્ડ એઆઇ''નું વિમોચન કરાયું

# હ્યુમન મેન્ટર્સ અને એઆઇ સિસ્ટમ્સ વચ્ચેનું સહઅસ્તિત્વ એક નૈતિક પડકારઃ પ્રો. આયંગર



રાજકોટ તા. ૧૪: નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ, ડો. જે. એમ. વ્યાસે એનએફએસયુના બે પ્રોફેસરો પ્રો. એસ. એસ. આયંગર (એમેરિટસ પ્રોફેસર) અને પ્રો. (ડો.) નવીન કુમાર ચૌધરી (ડીન) દ્વારા સહ-લિખિત પુસ્તક ''મેન્ટરિંગ બિયોન્ડ એઆઈ''નું વિમોચન નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે તાજેતરમાં કર્યું છે. સાથે જ ડો. વ્યાસે એનએફએફયુના ગાંધીનગર કેમ્પસ સ્થિત સેન્ટર ઓફ એકસેલન્સ ઈન સાયબર સિકયોરિટીના વર્ચ્યુઅલાઈઝેશન વીડિયોનું પણ અનાવરણ કર્યું હતું.




પુસ્તકના લેખક માહેના એક પ્રો. એસ. એસ. આયંગરે, પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે આ પુસ્તક માત્ર હ્યુમન મેન્ટર્સ અને એઆઈ સિસ્ટમ્સ વચ્ચેના સહઅસ્તિત્વના સંબંધને જ ઉજાગર કરતું નથી. પરંતુ તેમાં ઉદ્દભવતા નૈતિક પડકારો, ડાયનેમિક ઈન્ટરએકશન માટે જરૂરી ઉત્તમ પ્રક્રિયાઓને પણ દર્શાવે છે. આ પુસ્તક વિદ્વાનો અને માર્ગદર્શકો માટે એક દીવાદાંડી તરીકે કામ કરશે, જે ભાવિ માર્ગદર્શન આપશે. જયાં શિક્ષણ અને માર્ગદર્શનમાં અમૂલ્ય માનવીય સ્પર્શને બદલે ટેકનોલોજી સ્થાન લઈ રહી છે.

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (એનએફએસયુ)ના કુલપતિ ડો. જે. એમ. વ્યાસે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ''મેન્ટરિંગ બિયોન્ડ'' નામના પુસ્તકના પાંચમાંથી બે લેખકો એઆઈ આ યુનિ.ના છે. જે એનએફએસયુ માટે અત્યંત ગૌરવપૂર્ણ બાબત છે. આ પ્રકાશન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમતા)ના યુગમાં માર્ગદર્શનની શકિતને સમજવા અને તેનો ઉપયોગ કરવાની સામૂહિક યાત્રામાં એક મહત્વપુર્ણ સીમાચિહ્નરૂપ છે. જેમ આપણે જાણીએ છીએ. તેમ મેન્ટરિંગ વિદ્યાર્થીઓના જીવન અને કારકિર્દીને આકાર આપવામાં મુખ્ય ભુમિકા ભજવે છે. ખાસ કરીને આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સી (એઆઈ) જેવી ઉભરતી ટેકનોલોજી સંદર્ભમાં આ પુસ્તક વિદ્વાનો સહિત ભાવિને પેઢીને વધુ સશકત બનાવશે.

આ પુસ્તકના પાંચ લેખકો સર્વશ્રી એસ.એસ. આયંગર, નવીનકુમાર ચૌધરી, જેરી એફ.મિલર, અનીતા કુરૂપ અને નિકી પીસીનૌ છે. પુસ્તકની પેપર બેક આવૃતિની કિંમત રૂા.૯૯૯ છે જે એમેઝોન ઉપર ઉપલબ્ધ છે.

આ પ્રસંગે શ્રી સી.ડી. જાડેજા (એકિઝકયુટિવ રજિસ્ટ્રાર) પ્રો. એસ.એસ. આયંગર (એમેરિટસ પ્રોફેસર) પ્રો.એચ.બી.પ્રસાદ પેસ યુનિવર્સિટી બેંગાલુરૂ અને પ્રો. (ડો.)નવીન કુમાર ચૌધરી ડીન એસસીએસડીએફ




એનએફએસયુ ઉપસ્થિત રહેલ જે તસ્વીરમાં નજરે પડે છે. કાર્યક્રમ દરમિયાન યુનિ.ની વિવિધ સંસ્થાના ડીન અને એસોસિએટ ડીન અધ્યાપકગણ સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત હોવાનું ગાંધીનગર ખાતેની નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટી કેમ્પસ ડાયરેકટર પ્રો. (ડો.) એસ.ઓ.જુનારેએ જણાવ્યું છે. (૬.૧૮)

## ''મેન્ટરિંગ બિયોન્ડ એઆઇ'' પુસ્તક વિદ્વાનો સહિત ભાવિ પેઢીને વધુ સશકત બનાવશેઃ ડો. જે. એમ. વ્યાસ

**તા.૨૯/૦૪/૨૦૨૪ ની અકિલા સાંધ્ય દૈનિકમાં એડવોકેટ શ્રી કુનાલ જે. હાંસલીયા દ્વારા પ્રસિધ્ધ કરાવેલ નોટીસ સંબંધે જવાબ-વાંધા.**

આથી હું નીચે સહી કરનાર વિજય કે. રૈયાણી-એડવોકેટ તે મારા અસીલ (૧) ગોવિંદભાઈ ચનાભાઈ પટેલ (૨) નારણભાઈ ચનાભાઈ પટેલની સુચના અનુસાર તમોની તા.૨૯-૦૪-૨૦૨૪ ની નોટીસ સબંધે જવાબ-વાંધા પાઠવીએ છીએકે,

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના ગામ તરડવાના રે.સ. નં. ૮૯ પૈકી ૩ ની રી-સર્વે થતા નવા રે.સ. નં. ૬૭ ની જુની શરતની ખેડવાણ જમીન હે. આરે.ચો. મી. ૧-૬૧-૭૯ કે જે ખાતા નં. ૧૭૩ થી આવેલ હોવાનુ કહો છો તે સંબંધે મારા અસીલની તમામ પ્રકારે હકક, હિત, હિસ્સો, અધીકાર અને કબજો, ભોગવટો આવેલ છે.

(૩) મારા અસીલને હાલમાં જ તમોની નોટીસ પરથી તથા સ્થળ ઉપર નવા રે.સ.નં. ૬૭ ના માલીક દ્વારા તમારા અસીલને અમારા અસીલની માલીકી તથા કબજા ભોગવટા વાળી તરવડા ગામના જુના રે.સ. નં. ૮૯ પૈકી ૨૦, નવા રે.સ. નં. ૩૦૦ ની જમીન હે.આરે.ચો. મી. ૧-૦૧-૧૭ વાળી જમીન દેખાવડા આવેલ જેથી અમોના અસીલને જાણવા મળેલ કે તમારા અસીલને જે જમીન વેચાણથી આપવા માંગતા હોય તે વેચનાર દ્વારા અમોના અસીલની કબજા, ભોગવટાવાળી જમીન દેખાડી તમારા અસીલને વેચાણ કરવા માંગતા હોય તેવુ જમીન વેચનારના બદઈરાદા ઉપરથી સ્પષ્ટ જણાય આવે છે મારા અસીલ દ્વારા તરવડા ગામના જુના રે.સ. નં. ૮૯ પૈકી ૨૦, નવા રે.સ. નં. ૩૦૦ જમીન સને-૧૯૯૯ ની સાલથી ખરીદ કરવામાં આવેલ છે ત્યારથી સદરહુ જમીનનો કબજો, ભોગવટો ઉતરોતર આવેલ છે અને જે જમીનની ચતુઃદિશા નીચે મુજબ આવેલ છે.

ઉતરે : નાગજીભાઈ ચનાભાઈ નો લાગુ નંબર આવેલ છે.
દક્ષિણે : રોડ આવેલ છે.
પુર્વે : રોડ આવેલ છે.
પશ્ચિમે : ધનાભાઈ પોપટભાઈ નો લાગુ નંબર આવેલ છે.

આમ, ઉપરોકત માપસાઈઝ તથા ચતુઃદિશાવાળી જમીન નો માલીક દરજજે કબજો, ભોગવટો મારા અસીલએ સને-૧૯૯૯ ની સાલથી રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ ત્યારથી સદરહુ જમીનનો માલીકી દરજજે કબજો, ભોગવટો ધારણ કરે છે ત્યારથી સદરહુ ખેતીની ખેડવાણ જમીનમાં ખેતીકામ કરે છે જે દરેક વ્યક્તિ જોવે જાણે તે રીતે મારા અસીલનો કબજો, ભોગવટો ચાલ્યો આવેલ છે. પરંતુ તમારા અસીલને જે વેચનાર વ્યકિતઓ છે તે વેચનાર વ્યક્તિઓ તમારા અસીલને અમારી જમીન દેખાડીને જમીન વેચાણ કરવા માંગતા હોય જેમ કરવા તેઓને કોઈ હકક, અધીકાર કે સતા રહેલ ન હોય જેથી આ જવાબ મળ્યે તરવડા ગામના રે.સ. નં. ૬૭ ની જમીન હે.આરે.ચો.મી. ૧-૬૧-૭૯ ની ચતુઃદિશા સબંધે મારા અસીલ સાથે સ્પષ્ટતા કરશો અન્યથા તમારા અસીલ મારા અસીલને ચતુઃદિશાની સ્પષ્ટતા કર્યા વગર જમીન ખરીદ કરશે તો તમારા અસીલને કબજા સબંધેના યોગ્ય અને કાયદા મુજબના ટાઈટલ મળશે નહીં જેની તમારા અસીલને ખાસ નોંધ લેવડાવશો તથા જાહેર જનતાએ સદરહું જવાબ-વાંધાની નોંધ લેવી.

રાજકોટ તા. ૧૪/૦૫/૨૦૨૪

**વિજય કે. રૈયાણી (એડવોકેટ)**

ઓફિસ નં.૨૦૪-૨૦૫, બીજો માળ, 'એપલ ગોલ્ડ',બીસાઈડ બાલાજી હોલની, મહાપુજાધામ ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. મો. ૯૯૧૩૪ ૪૩૪૪૫

# શેરબજારમાં મે-જુનમાં મોટા ઉતાર ચડાવ ચાલુ રહેશે : જુલાઇથી બજાર સ્થિર થવાની શક્યતા

## લોકસભાની ચુંટણીઓના પરીણામો સુધી મોટી વધઘટ જોવા મળશે



પરેશ વાઘાણી

રાજકોટ, તા., ૧૪ઃ હાલમાં શેર બજારમાં જોરદાર ઉતાર ચડાવ જોવા મળી રહ્યા છે. ૪ જુને પરિણામો જાહેર થશે પછીના થોડા દિવસોમાં નવી સરકારની રચના થશે. ત્યાર પછી બજારમાં સ્થિરતા જોવા મળશે.ત્યાર પછી બજારમાં નવી ચાલ પકડાશે.

હાલમાં સેકન્ડરી માર્કેટમાં ખૂબ જ મોટી વધઘટ જોવા મળી રહી છે. ત્યારે પ્રાઈમરી માર્કેટમાં મોટી બુમ જોવા મળી રહી છે. તેજી જોવા મળી રહી છે. પ્રાઈમરી માર્કેટમાં આઈ.પી.ઓના લિસ્ટિંગ ઊંચા પ્રીમિયમથી થઈ રહ્યા છે. એસ.એમ.ઇ આઈ.પી.ઓ ના લિસ્ટિંગ ઘણી વખત ડબલ પ્રીમિયમ થી પણ વધારે ભાવે થઈ રહ્યા છે.પ્રાઈમરી માર્કેટનો દબદબો જળવાયેલો છે. જ્યારે સેકન્ડરી માર્કેટમાં હાલમાં ઘણા કારણોસર હાલક-ડોલક ની સ્થિતિ જોવા મળી રહી છે. ખાસ કરીને વિદેશી રોકાણકારોની સંસ્થાઓ મોટાપાયે શહેરોમાં વેચવાની કરી રહી છે. હજારો કરોડોના શેરો મે મહિનામાં વિદેશી સંસ્થાઓએ વેચી નાખ્યા છે. ઉપરાંત નાણાકીય વર્ષ ૨૦૨૩ના ચોથા કવાટર ના એટલે કે ૨૦૨૩ ના ચોથા ત્રિમાસિક પરિણામો થોડાક નબળા જોવા મળી રહ્યા છે.

જેથી એવું કહી શકાય બજારને સ્થિર થતામાં ઓછામાં ઓછા બે-ત્રણ મહિના લાગશે. લાંબા ગાળાના રોકાણ કરવામાં કોઈ વાંધો નથી પરંતુ ટૂંકા ગાળાના રોકાણ ઉપરાંત ડેઈલીના ટ્રેડર્સને આ બજારમાં નુકસાન જવાની શક્યતા વધારે છે. શેરબજારમાં મોટા કડાકા બોલે ત્યારે લાંબા ગાળા માટે રોકાણ કરી શકાય.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણી ના જણાવ્યાનુસાર બજારમાં જ્યારે મોટો ઘટાડો આવે ત્યારે સારા ફન્ડામેન્ટલ ધરાવતી કંપનીઓ કે જે નિયમિત ડિવિડન્ડ આપતી હોય,સારા પરિણામો આવતા હોય અને ખાસ કરીને સારા પ્રમોટર્સ દ્વારા જેનું સંચાલન થતું હોય તેવી કંપનીઓમાં રોકાણ કરી શકાય. રોકાણકારોએ નિયમિત રીતે પોતાના પાસે રહેલા શેરોની યાદી ચકાસીને જે કંપનીમાં રોકાણ કર્યું હોય તેના દરેક ત્રીમાસિક પરિણામો પર નજર રાખવી જોઈએ અને થોડુંક જોખમ જણાય તો તેવા શેર વેચીને સારું ડિવિડન્ડ આપતી અને સારો ટ્રેક રેકોર્ડ ધરાવતા સંચાલક વાળી કંપનીના શેર ખરીદવા જોઈએ.

બજારમાં લાંબા ગાળે કોઈ મોટા ઘટાડા ની શક્યતા નથી. જે રીતે આપણા દેશની નાણાંકીય સંસ્થાઓ શેર ખરીદી રહી છે. ઉપરાંત મ્યુચ્યુઅલ ફંડો માં પણ ખાસ કરીને એસ.આઈ.પી દ્વારા નાણા ઠાલવવામાં આવી રહ્યા છે તે જોતા બજાર ને ટેકો મળશે અને ઘટાડાની શક્યતા નહીવત રહેશે.

હાલમાં રોકાણકારોની દ્વિધા છે કે શેરોમાં રોકાણ કરવું કે નહીં. જે શેરો છે તે રાખવા કે વેચીને નીકળી જવું તો એવું કહી શકાય કે સારી કંપનીના શેરો વેચવામાં ઉતાવળ કરવી નહીં. ઉપરાંત દરેક મોટા ઘટાડે સારી કંપનીના શેરો ખરીદવા. આ ઉપરાંત પ્રાઈમરી માર્કેટમાં પણ મોટી તેજી ચાલી રહી હોય તો શેરો મેળવવા અરજી કરવી અને જોખમ લાગતુ હોય તેવી કંપનીના આઈ.પી.ઓ લિસ્ટિંગ ગેઈન મેળવવા માટે જ ફ્કત ભરવા.

લાંબા ગાળે સેન્સેક્સ માં મોટી તેજી થશે ૨૦૨૪ માં સેન્સેક્સ ૮૧૦૦૦ ની સપાટી વટાવે તો પણ કોઈ નવાઈ નહીં.

અત્યારે સોના અને સેન્સેક્સ માં પણ હરીફાઈ ચાલી રહી હોય તેવું લાગે છે કોણ પહેલા ૮૧૦૦૦ ની સપાટી કુદાવે તે કહેવું અત્યંત મુશ્કેલ છે. (૪.૧૭)






# પડધરીના નવીચણોલ ગામમાં શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ

રાજકોટઃ પડધરી તાલુકાના નવીચણોલ ગામમાં સર્વ પિતૃ મોક્ષાર્થે તેમજ ગ્રામજનોના કલ્યાણ અર્થે 'શ્રીમદ ભાગવત સપ્તાહ'નો પ્રારંભ થયો છે. આ કથાનું રસપાન ભાગવત કથાકાર બીલખા તેમજ કાશી. વારાણસીમાં અભ્યાસ કરનાર શાસ્ત્રી રાજભાઈ સાતા દ્વારા કરાવવવામાં આવી રહ્યું છે. નવી ચણોલ ગામના આંગણે જ્યાં ૪૦૦ વર્ષ જૂનું પુરાણું સ્વયંભૂ પ્રગટેશ્વર મહાદેવ જ્યાં બિરાજમાન છે આ મંદિરમાં પૂજાઅર્ચના કરનાર પુના ભગત શિરોડીયા કથાના મુખ્ય યજમાન બની આ કથાનું આયોજન કર્યુ છે.(૨૩.૩)

## નૌશાદજી માત્ર સંગીતકાર જ ન હતા પરંતુ તેઓ એક સારા ગાયક, લેખક અને નિર્માતા પણ હતા

# શાશ્વત સંગીતમાં નૌશાદના ગીતો અમર હતા -છે અને હંમેશા રહેશે



'નૌશાદ - નૌશાદ, ચાલીસ કરોડમાં એક જ નૌશાદ છે.' સમગ્ર ભારતમાં તેઓ હતા અને રહેશે, હિન્દી સિનેમાના મહાન સંગીતકાર સ્વર્ગસ્થ નૌશાદ વાહિદ અલી ઉર્ફે નૌશાદજીની આ અમર વાત છે. આ 'સંગીત ના સર્જક' નો જન્મ ૨૫ ડિસેમ્બર ૧૯૧૯ ના રોજ ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં કોર્ટના કારકુન વાહિદ અલીના ધાર્મિક ઘરમાં થયો હતો. નૌશાદના શરીરમાં લોહી નહી પણ સંગીતની લહેરો દોડતી હતી. તેમને લખનૌના લટુશ માર્ગ પરની એક શાળામાં દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ તેઓ સ્કૂલની બાજુમાં રહેલી સંગીતના વાદ્યોની દુકાનમાં વધુ જોતા રહેતા અને રોયલ ટોકીઝ (આજની મહેરા ટોકીઝ)માં ચાલતી નિર્વાક ફિલ્મોને અને તેની સાથે સંગીત આપતા ઉસ્તાદ નવાબ લડ્ડનજીના ઓરકેસ્ટ્રામાં વગાડતા વાદ્યોને જોતા રહેતા. આવી જ એક સંગીતના વાદ્યોની દુકાનના માલિક મિયા ગુરબત અલીએ નૌશાદને દુકાનમાં કામ કરવાની તક આપી. પોતાના નસીબથી ખુશ નૌશાદ એક દિવસ નવા હાર્મોનિયમ પર પોતાની ધૂન બનાવતા પકડાઈ ગયા. દુકાનના માલિક જે દયાળુ અને કલાના સાચા ભક્ત હતા તેમણે તે હાર્મોનિયમ નૌશાદને ભેટમાં આપ્યું.

**ફિલ્મ રતનના ગીતોની અસર એટલી બધી હતી કે મહાન સંગીતકાર એસ. ડી. બર્મને તેમના ઘરના નોકરને રતનના ગીતો ગાતા સાંભળ્યા ત્યારે તેઓ ચોંકી ગયા હતા!**

સંગીતનો જીવ નૌશાદ અલી હાર્મોનિયમ મળતા ખૂબ ખુશ હતા જયારે તેમના પિતા ખુબજ નાખુશ હતા. ભણતર અને શાળા બધું બાજુ પર મૂકીને દિવસ-રાત શુદ્ધ સંગીતમાં તલ્લીન રહેતા પુત્ર અને તેમના પિતા વચ્ચે રોજ તુ-તુ-મેં-મેં થાય એ વ્યાજબી હતું. અચાનક એક દિવસ પિતાએ તે હાર્મોનિયમ ખેંચીને ઘરની બહાર ફેંકી દીધું અને પુત્રને સવાલ કહ્યું કે તે આ સંગીત છોડી દે અને ઘરમાં રહે અથવા ઘર છોડી દે. નૌશાદજીએ પોતાના તૂટેલા હાર્મોનિયમ અને એટલા જ તૂટેલા હૃદય અને લાગણીઓને કાબૂમાં રાખીને બીજો વિકલ્પ પસંદ કર્યો અને ઘરને ખુદાહફિઝ કહ્યું.

### મુંબઈ આવવા માટે મિત્ર પાસેથી ૨૫ રૂપિયા ઉછીના લીધા

એક મિત્રએ નૌશાદને લખનૌથી મુંબઈ આવવામાં મદદ કરી. નૌશાદે તેના એક મિત્ર પાસેથી ૨૫ રૂપિયા ઉછીના લીધા અને મુંબઈ જવા નીકળ્યા. અહીં આવ્યા બાદ નૌશાદને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. થોડા દિવસો સુધી એક પરિચિત સાથે રહ્યા ત્યારબાદ તે દાદરમાં બ્રોડવે થિયેટરની સામે રહેવા લાગ્યા. તેમના જીવનમાં એક સમય એવો પણ આવ્યો જયારે તેઓ ફૂટપાથ પર સૂઈ ગયા હતા.

તેમના એક સંગીતમય મિત્ર મોહમ્મદ આદિલની ભલામણથી માયાનગરી મુંબઈના કોલાબામાં આવેલા ડા'.અબ્દુલ અલી નામી સાહેબના ઘરમાં સહારો તો મળ્યો પરંતુ મુંબઈના દરેક સ્ટુડિયોમાં જઈને પણ તેમને તેમની પસંદગીનું કામ ન મળ્યું. નૌશાદ અલીએ એટલા ચક્કર કાપ્યા કે તેમના પગરખા ફાટી ગયા અને ટ્રેનમાં ખિસ્સું પણ કપાઈ ગયું છતાં તેઓ ખુલ્લા પગે અને ભૂખ્યા હોવા છતાં હિંમત ન હાર્યા અને એક દિવસ તેમને ૪૦ રૂપિયા પ્રતિ માસના પગારે હાર્મોનિયમ વાદક તરીકે નોકરી મળી ગઈ.

તેના ઉસ્તાદ ઝંડે ખાન આ યુવકની અથાક મહેનત અને ઝડપથી સૂર-નોટેશન બનાવવાની કળાથી ખૂબ જ ખુશ હતા. તેમણે તે યુગના મહાન સંગીતકાર જ્ઞાનદત્તજીને નૌશાદ અલીની ભારપૂર્વક ભલામણ કરી. તેમના સંગીત દિગ્દર્શન હેઠળની ફિલ્મ 'કંચન 'માં માત્ર એક જ ભક્તિ ગીતમાં તેમને સંગીત આપવાની સુવર્ણ તક મળી હતી. સંગીત નૌશાદજી દ્વારા આપવામાં આવ્યું હતું અને તેમનું પ્રથમ ગીત 'કૌન ગલી ગયો શ્યામ' નો જન્મ થયો હતો. જે તે સમયગાળા દરમિયાન પ્રખ્યાત અભિનેત્રી અને ગાયિકા લીલા ચિટનીસજીએ ગાયું હતું. લીલાજી દાદરના શિવાજી સદનમાં રહેતા હતા અને નૌશાદજી એ જ ફલોર પર સીડીના નીચેના ભાગમાં રૂમમાં રહેતા હતા.

મુંબઈની ઉનાળાની અસહ્ય ગરમીમાં નૌશાદજી ઘણીવાર ફૂટપાથ પર સૂતા હતા. લીલાજીએ આ દ્રશ્ય ઘણી વખત જોયું હતું જેના કારણે તેઓ નૌશાદ અલીને એક બેકાર, આવારા વ્યક્તિ માનતા હતા.

**ફિલ્મ 'કંચન 'માં માત્ર એક જ ભક્તિ ગીતમાં તેમને સંગીત આપવાની સુવર્ણ તક મળી હતી : તેમનું પ્રથમ ગીત 'કૌન ગલી ગયો શ્યામ' નો જન્મ થયો હતો, જે લીલા ચિટનીસજીએ ગાયું હતું**

સહવાદક અને રણજીત સ્ટુડિયોના રાજકારણથી પરેશાન નૌશાદે નોકરી છોડી દીધી અને પછી શરૂ થઈ બેરોજગારી. આવી સ્થિતિમાં નૌશાદજીના ગુણોને પરખી ચાહનાર ગીતકાર, નિર્માતા અને લેખક દીનાનાથ મધોક ૧૯૪૦માં લિખિત ફિલ્મ 'પ્રેમનગર'માં તેમની આકરી ભલામણને કારણે નૌશાદજીને સંગીતકાર તરીકે પ્રથમ તક મળી. સ્વતંત્ર સંગીતકાર તરીકે તેમની આ પ્રથમ ફિલ્મ મળી હતી. આગળ જતા તેમણે દર્શન, માલા, નઈ દુનિયા વગેરે ફિલ્મોમાં સંગીત આપ્યું પણ નૌશાદજીની આ છટ્ઠી ફિલ્મ 'શારદા' અને આ સાતમી 'સ્ટેશન માસ્ટર' ફિલ્મે સફળતાનો પહેલો ધ્વજ લહેરાવ્યો. આ બંને ફિલ્મોએ તેમના સંગીતના કારણે સિલ્વર જયુબિલી હાંસલ કરી હતી. પરંતુ ૧૯૪૪ની ફિલ્મ 'રતન' દ્વારા સિનેમાના શ્રેષ્ઠ ગીતોને કારણે 'નૌશાદ ' નામ સમગ્ર ભારતભરમાં પહોંચ્યું. ફિલ્મ રતને તેની ડાયમંડ જયુબેલી ઉજવી. ઉલ્લેખનીય છે કે, ફિલ્મ રતનના ગીતોની અસર એટલી બધી હતી કે મહાન સંગીતકાર એસ. ડી. બર્મને તેમના ઘરના નોકરને રતનના ગીતો ગાતા સાંભળ્યા ત્યારે દાદા ખુદ ચોંકી ગયા હતા.! એટલુંજ નહીં અને નૌશાદ અને આલિયા ખાનના લગ્નમાં બેન્ડ વાળાઓએ રતનના સદાબહાર ગીતો જ વગાડ્યા હતા.! પરંતુ સમસ્યા એ હતી કે નૌશાદજીએ તેમના પરિવાર અને તેમના સાસરિયાઓને કહ્યું હતું કે તેઓ બોમ્બેમાં દરજીનું કામ કરે છે. તેથી તેઓ આ અજોડ અને સદાબહાર 'રતન'ના ગીતોના રચયિતા છે તે હકીકત કહી શક્યા ન હતા.

૧૯૪૦માં આવેલી તેમની પહેલી ફિલ્મ 'પ્રેમનગર 'થી લઈને ૨૦૦૫માં 'તાજમહેલ - ઈટરનલ લવ સ્ટોરી' સુધી, નૌશાદજીએ ૭૪ ફિલ્મોમાં પોતાનું અનોખું સંગીત આપ્યું. આમાં ૪ અપ્રદર્શિત, ૧ ભોજપુરી, ૧ મલયાલમ, ૧ અંગ્રેજી (હોલીવુડ માટે) અને 'મુગલ-એ-આઝમ', 'આન'મલયાલમ ભાષામાં ડબ થયેલી તેમની ૭૪ ફિલ્મોમાં સિલ્વર જયુબિલી ફિલ્મો - ૨૩, ગોલ્ડન જયુબિલી ફિલ્મો - ૭નો સમાવેશ થાય છે. જયારે ડાયમંડ જયુબિલીમાં તેમની ૩ ફિલ્મો હતી. આ અભૂતપૂર્વ સફળતા પાછળ નૌશાદજીના બે અત્યંત પ્રતિભાશાળી સહાયકો જેમના વખાણ કરીએ એટલા ઓછા છે તેવા સંગીતકાર ગુલામ મુહમ્મદ અને સંગીતકાર મુહમ્મદ શફી જેવી મહાન હસ્તીઓનો ફાળો ખૂબ જ મહત્વપૂર્ણ હતો.

સંગીતકાર નૌશાદ જીના સંગીતમાં ઘણી વિશેષતાઓ હતી. સૌથી મહત્વની વાત એ હતી કે તેમનું દરેક ગીત ભારતીય શાસ્ત્રીય સંગીત પર આધારિત હતું. આવું ભવ્ય શાસ્ત્રીય સંગીત જે 'દીવાને ખાસ'ના બંધનમાં હતું તેને સાદા ગીતો દ્વારા તેમણે 'દીવાને આમ ' એટલે કે સામાન્ય શ્રોતાઓ સુધી પહોંચાડ્યું. તેમણે વિદેશી સંગીત, ધૂન અને વાદ્યોનો ઉપયોગ માત્ર બે ફિલ્મો 'દાસ્તાન' અને 'જાદુ' પૂરતો મર્યાદિત રાખ્યો. તેઓ ઈન્ટરલ્યુડ મ્યુઝિક, બેકગ્રાઉન્ડ મ્યુઝિક, કોરસ, ફોક મ્યુઝિક વગેરે જેવા પ્રકારોના બેતાજ બાદશાહ હતા. તેમના સંગીતમાં ભારે પ્રયત્નો પછી તેમણે ઉ. આમિર ખાન, ઉ. બડે ગુલામ અલી ખાન, પં.વિષ્ણુ પલુસ્કર, બેગમ પરવીન સુલતાના જેવા તે યુગના પ્રખ્યાત નામોનો ઉપયોગ કર્યો. એક હકીકત એ પણ છે કે નૌશાદ એ થોડા ભાગ્યશાળી સંગીતકારોમાંના એક છે જેમણે સ્વરસમ્રાટ સ્વર્ગસ્થ કુંદનલાલ સાયગલ અને મલિકા-એ-તરન્નુમ નૂરજહાં જેવા વિશ્વના શ્રેષ્ઠ ગાયકો પાસે ગવડાવ્યું. અનિલ બિસ્વાસ, સી. રામચંદ્ર, દાદા બર્મન જેવા વરિષ્ઠ સંગીતકારોને પણ આટલું નસીબ નહોતું.

નૌશાદજી માત્ર સંગીતકાર જ ન હતા પરંતુ તેઓ એક સારા ગાયક, લેખક અને નિર્માતા પણ હતા. તેમણે 'ઉડન ખટોલા', પાલકી', 'મેળા' જેવી આ સફળ ફિલ્મોની વાર્તાઓ લખી હતી. તેઓ 'ઉડન ખટોલા' અને 'બાબુલ'ના સહ-નિર્માતા પણ હતા. તેમના દ્વારા લખાયેલ કવિતાનું પુસ્તક 'આઠવા સુર' શીર્ષક હેઠળ લંડનમાં લોન્ચ કરવામાં આવ્યું હતું અને તે જ શીર્ષક હેઠળ તેમણે ૧૯૯૮માં ગાયક હરિહરન સાથે તેમના સંગીતમય જીવનનું છેલ્લું આલ્બમ રજૂ કર્યું હતું.

તેઓ કસરત, શિકાર અને માછીમારીના શોખીન હતા. તેમના જીવન પર આજ સુધી છ લઘુચિત્રો બનાવવામાં આવ્યા છે. તેમને ઘણા ફિલ્મફેર પુરસ્કારો મળ્યા છે. મધ્ય પ્રદેશ સરકારના સૌથીવધુ પ્રતિષ્ઠિત લતા મંગેશકર પુરસ્કારના પ્રથમ પ્રાપ્તકર્તા નૌશાદજી છે. તેમને પદ્મ ભૂષણ, રાષ્ટ્રપતિ સંગીત એકેડેમી પુરસ્કાર અને ભારત સરકાર દ્વારા સર્વોચ્ચ દાદા સાહેબ ફાળકે પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. મહેબુબ ભાઈ દ્વારા દિગ્દર્શિત તેમની સફળ ફિલ્મોમાંથી એક 'મધર ઈન્ડિયા' પણ વિશ્વ વિખ્યાત 'ઓસ્કાર એવોર્ડ' માટે પસંદ કરવામાં આવી હતી.


દર્શન, માલા, સ્ટેશન માસ્ટર જેવી ફિલ્મોના નિર્માતા ભટ્ટ બંધુઓએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એટલું નુકસાન વેઠવું પડ્યું હતું કે બંનેએ તેમની ફિલ્મ પ્રોડક્શન કંપની 'પ્રકાશ પિક્ચર્સ 'ને સળગાવીને ભાગી જવાની યોજના બનાવી હતી. તે જ સમયે નૌશાદજીએ તેમને પ્રોત્સાહિત કર્યા અને ખૂબ જ મુશ્કેલીથી ઓછા બજેટની ફિલ્મ બનાવવાની વિનંતી કરી. તેમણે આ સલાહનું પાલન કર્યું અને ઓછી કિંમતની ફિલ્મ બનાવી જે ડાયમંડ જયુબિલી સુપર ડુપર હિટ બની. આ ફિલ્મના લોકપ્રિય ગીતો માટે નૌશાદજીને પહેલો 'ફિલ્મફેર એવોર્ડ' મળ્યો હતો અને તે ખૂબ જ સફળ ફિલ્મ હતી જેનું નામ હતું 'બૈજુબાવરા'. આ બૈજુબાવરા ફિલ્મફેર એવોર્ડ સમારોહમાં નૌશાદ સાહેબે કહેલા વાક્યો સુવર્ણ અક્ષરોમાં લખવા યોગ્ય છે. તેમણે કહેલું, ''હું માંડ ૧૭/૧૮ વર્ષની ઉંમરે ઘરેથી ભાગીને મુંબઈ જેવી આ માયા નગરીમાં આવ્યો હતો. હૃદયમાં સંગીત અને આંખોમાં સોનેરી સપનાઓ સાથે, ભૂખ્યા-તરસ્યા, ઉઘાડપગે ઘરે-ઘરે ઠોકર ખાઈને પોતાનું નસીબ અજમાવી રહ્યો હતો. દાદરના જર્જરિત શિવાજી સદનની સીડીઓ નીચે એક નાનકડા ઓરડામાંથી ભાગ્યે જ પચાસ પગથિયાં હતાં પણ આ ફૂટપાથથી એ ફૂટપાથ સુધી પહોંચતાં સત્તર વર્ષ લાગ્યાં. (સંદર્ભ - દાદરમાં જયાં બાબુભાઈ ભવાનજીનો શોરૂમ છે તે જગ્યાએ બ્રોડવે ટોકીઝ હતી અને તેની બરાબર સામેની ફૂટપાથ પર, નૌશાદજી શિવાજી સદન બિલ્ડિંગની સીડી નીચે એક રૂમમાં ભાડેથી રહેતા હતા અને બ્રોડવે ટોકીઝ ત્યાં ૨૫ અઠવાડિયાથી વધુ સમય માટે 'બૈજુબાવારા' ચાલી હતી.)

નૌશાદ સાહેબની ડાયમંડ જયુબિલી ફિલ્મ 'મુગલ-એ-આઝમ 'ની ઘણી વિશેષતાઓ છે. તેમાંની એક - આ સિનેમા ૧૯૬૦માં રિલીઝ થઈ હતી. ૧૯૬૦ સુધી પ્રી-શો અને સંબંધિત ફિલ્મોના રેકોર્ડ્સ બજારમાં ઉપલબ્ધ હતા. આ ભારતની પ્રથમ ફિલ્મ છે જેની વાર્તા સંવાદો અને ગીતો એચ.એમ.વી એ ત્રણ રેકોર્ડનો સમૂહ પ્રકાશિત કર્યો હતો. બીજું, આ ફિલ્મનું અઝર અમર લતાજીનું કોરસ સાથેનું ગીત 'પ્યાર કિયા તો ડરના ક્યા' (તે સમયે માત્ર ૭૮ આર.પી.એમ રેકોર્ડ વગાડવામાં આવ્યા હતા) એટલું બધું ફેમશ થયું કે તમામ રેકોર્ડ્સ બજારમાંથી વેચાઈ ગયા. રસિક શ્રોતાઓની માંગ દિવસ અને રાત વધતી જતી હતી. સમગ્ર દેશમાં પુરવઠા માટે એચ.એમ.વી ડીલરો ૭૮ આર.પી.એમ પાસેથી ઓછા વેચાયેલ ઘણા બધા રેકોર્ડ મંગાવવામાં આવ્યા હતા. તેમને તોડ્યા પછી, આ લોકપ્રિય ગીતનો રેકોર્ડ બજારમાં લાવવામાં આવી. સુરૈયા, મોહમ્મદ રફી, ઉમાદેવી ઉર્ફે ટુનટુન, હિન્દી ફિલ્મ અભિનેતા ગોવિંદાની માતા નિર્મલા અરુણ આહુજા ઉર્ફે નિર્મલા અરૂણ, શાંતિ માથુર વગેરે જેવા નવા સંઘર્ષશીલ ઉમેદવારોને નૌશાદજીએ હંમેશા પ્રોત્સાહિત કર્યા હતા.

નૌશાદજીના સહાયક અને સંગીતકાર ઉસ્તાદ ગુલામ મુહમ્મદજીએ તેમની છેલ્લી ઓફર 'પાકીજા'નું પૃષ્ઠભૂમિ સંગીત, કેટલાક ગીતો વગેરે કર્યા હતા. અત્રે એક ખુલાસો કરવો જરૂરી છે કે નૌશાદ અને નાશાદ એવા બે એવા સુવર્ણ હિન્દી સિનેમા સંગીતના સંગીતકાર હતા. જેમાં નશાદ એટલે કે શૌકત હૈદર અલી હાશમી જે દેશના ભાગલા પછી પાકિસ્તાન ગયા હતા. જયારે સ્વદેશ ભક્ત નૌશાદજીએ ૦૫ મેં ૨૦૦૬ ના રોજ મુંબઈના બાંદ્રામાં આવેલી તેમની વિશાળ હવેલી 'આશિયાના'માં અંતિમ શ્વાસ લીધા અને સંગીતના એક ચમકતા અને તેજસ્વી સિતારાનું દુઃખદ અવસાન થયું. નૌશાદજી જુલેહા એટલે કે વણકર જ્ઞાતિના હતા. એક વણકર ખૂબ જ કુશળતાથી દરેક દોરાને પકડીને વિશાળ કપડા બનાવે છે. એવી જ રીતે દરેક સૂર-સ્વર ને વણીને નૌશાદજીએ સંગીતના રૂપમાં સુંદર વસ્ત્રો, અમૂલ્ય અને અનોખા મહાન વ સ્ત્રો, મધુર ગીતો રજૂ કર્યા છે જે અમર છે અને રહેશે. વિશ્વમાં કોઈપણ વ સ્ત્રો એક યા બીજા દિવસે ફાટી જાય છે અને નાશ પામે છે અને વર્તમાનમાંથી ભૂતકાળમાં જાય છે પરંતુ આ શાશ્વત સંગીતમય વ સ્ત્રો અમર હતા - અમર છે અને હંમેશ માટે અમર રહેશે. નૌશાદ સાહેબ અમર રહે.

**(મૂળ લેખક : લેખક - પ્રશાંત કર્વે, અંબરનાથ ૯૭૬૯૧ ૩૫૯૭૧)**

**(સૌજન્ય : મહેશભાઈ યાજ્ઞિક - અમરેલી ૯૪૨૭૪ ૫૫૫૧૪)**







**નૌશાદ એક દિવસ નવા હાર્મોનિયમ પર પોતાની ધૂન બનાવતા પકડાઈ ગયા : દુકાનના માલિક તે હાર્મોનિયમ નૌશાદને ભેટમાં આપ્યું : પિતાએ તે હાર્મોનિયમ ખેંચીને ઘરની બહાર ફેંકી દીધું કહ્યું કાંતો સંગીત છોડી દે અથવા ઘર છોડી દે, નૌશાદે ઘર છોડ્યું**

## મધર ઈન્ડિયાના ગીતના શૂટિંગ દરમિયાન એક ભૂલ થઈ અને..



ફિલ્મ 'મધર ઈન્ડિયા'ના ગીત 'દુખ ભરે દિન બીતે રે ભૈયા'ના શૂટિંગ દરમિયાન એક મોટી ભૂલ થઈ હતી. આ ગીત મન્ના ડે, મોહમ્મદ રફી, શમશાદ બેગમ અને આશા ભોંસલેના અવાજમાં નૌશાદ સાહેબે રેકોર્ડ કર્યું હતું. આ ગીત ફિલ્મમાં નરગીસ અને રાજકુમાર પર ફિલ્માવવામાં આવ્યું હતું.

ગીતના શૂટિંગ પછી જયારે મહેબૂબ ખાને નૌશાદને રશ ફૂટેજ બતાવ્યા તો તેણે માથું પકડી રાખ્યું. ખરેખર, શોટમાં, એક પાત્ર પર બે અલગ-અલગ ગાયકોનો અવાજ સંભળાતો હતો. ફ્રેમમાં રાજકુમાર છે પણ ગીતની અડધી લાઈનમાં મન્ના ડેનો અવાજ હતો અને બીજા અડધા ભાગમાં મોહમ્મદ રફીનો અવાજ હતો.

એ જ રીતે, જયારે નરગીસ ફ્રેમમાં આવી ત્યારે શમશાદ બેગમનો અવાજ અડધી હરોળમાં હતો અને આશા ભોંસલેનો અવાજ બીજી અડધી હરોળમાં હતો. સામાન્ય રીતે, એક પાત્ર માટે માત્ર એક ગાયકનો અવાજ વપરાય છે. જયારે નૌશાદ સાહેબે મહેબૂબ ખાનનું ધ્યાન આ તરફ દોર્યું તો તેઓ નારાજ થઈ ગયા. તેણે કહ્યું કે ઘણા પૈસા અને સમયનો વ્યય થઈ ગયો છે તે ફરી શૂટ નહીં કરી શકે. ત્યારે નૌશાદ સાહેબે કહ્યું કે આ ગીતમાં એટલી બધી લાગણી છે કે આ ભૂલ પર કોઈ ધ્યાન નહીં આપે અને એવું જ થયું.

## નોટોથી ભરેલી બ્રીફકેસ બારી બહાર ફેંકી દીધી

'મુગલ-એ-આઝમ'ને ભારતીય ફિલ્મ ઉદ્યોગના ઈતિહાસમાં એક કલ્ટ મૂવી ગણવામાં આવે છે. ફિલ્મના નિર્માતા-દિગ્દર્શક કે. આસિફ આ ફિલ્મ માટે યાદગાર સંગીત ઈચ્છતા હતા. તેઓ નૌશાદ પાસે ગયા અને તેમને શ્રેષ્ઠ સંગીત માટે નોટો થી ભરેલી બ્રીફકેસ આપી. નૌશાદને આ બિલકુલ પસંદ ન આવ્યું અને તેમણે નોટોથી ભરેલી બ્રીફકેસ બારીમાંથી બહાર ફેંકી દીધી. નૌશાદે કહ્યું- આસિફ, યાદગાર સંગીત નોટ્સથી નથી આવતું.

કે.આસિફને પોતાની ભૂલનો અહેસાસ થયો અને તેણે નૌશાદ સાહેબની માફી માંગી. ત્યારબાદ નૌશાદ ફિલ્મમાં સંગીત આપવા માટે રાજી થયા.

**નૌશાદજીના સંગીતમાં બે અત્યંત પ્રતિભાશાળી સહાયકો સંગીતકાર ગુલામ મુહમ્મદ અને સંગીતકાર મુહમ્મદ શફી જેવી મહાન હસ્તીઓનો ફાળો ખૂબ જ મહત્વપૂર્ણ હતો**

## રફીના સંસ્કૃત ઉચ્ચારને સુધારનાર હતા નૌશાદ

નૌશાદ સાહેબ મોહમ્મદ રફીના અવાજમાં ફિલ્મ 'બૈજુ બાવરા'નું 'મન તડપત હરિ દર્શન કો' ગીત રેકોર્ડ કરી રહ્યા હતા. પરંતુ મોહમ્મદ રફી ગીતમાં કેટલાક સંસ્કૃત શબ્દોનો યોગ્ય રીતે ઉચ્ચાર કરી શકતા ન હતા. નૌશાદ સાહેબે બનારસથી સંસ્કૃત વિદ્વાનોને બોલાવ્યા. તેમણે મોહમ્મદ રફીને સાચો ઉચ્ચાર કરવામાં મદદ કરી, ત્યારે જ નૌશાદ સાહેબે રફીના અવાજમાં

પાંચેય ઉમેદવારો ભાજપ સાથે સંકળાયેલા: પાર્ટીએ હજુ સુધી કોઇ મેન્ડેટ આપ્યો નથી: કાલે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે

# 'નાફેડ' માં ઇફકોવાળી? ૧ બેઠક માટે પાંચ ઉમેદવારો મેદાનમાં

કુંડારિયા-વડાવિયા વગેરેની ઉમેદવારી: વિવાદ ટાળવા સર્વાનુમતે એક નામ પસંદ કરવા ભાજપના સહકારી આગેવાનોના પ્રયાસો: ૨૧મીએ ચૂંટણી

રાજકોટ તા. ૧૪ :.. દેશની જાણીતી સહકારી સંસ્થા નેશનલ એગ્રીકલ્ચરલ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (નાફેડ)ના સંચાલક મંડળની તા.૨૧ મીએ ચૂંટણી છે. ગુજરાતમાંથી રાજય કક્ષાના વિભાગમાં જેઠાભાઈ ભરવાડ બિનહરીફ ચૂંટાઇ ગયા છે. રાજયની કૃષિ વિષયક સહકારી મંડળીઓના વિભાગની ૧ બેઠક માટે તા. ૨૧ મીએ ચૂંટણી છે. જેની ઉમેદવારી પાછી ખેંચવાનો કાલે છેલ્લો દિવસ છે. ૧ બેઠક માટે ભાજપ સાથે સંકળાયેલા સાંસદ મોહનભાઈ કુંડારીયા સહિત પાંચ સહકારી આગેવાનોએ ઉમેદવારી કરી છે. જો કાલે બપોર સુધીમાં પાર્ટી કક્ષાએ સર્વાનુમતી ન થાય તો ઈફકોવાળી થવાની શકયતા સહકારી વર્તુળો નકારતા નથી.

ભાજપે ઈફકોમાં બિપીન પટેલ માટે મેન્ડેટ આપેલ અને બળવાખોર મનાતા જયેશ રાદડિયા વિજેતા થયા હતાં. ત્યારપછીનો વિવાદ જાણીતો છે. ભાજપના સહકારી આગેવાનોએ પાંચ પૈકી એક ગામ નકકી કરી બાકીનાને ઉમેદવારી પાછી ખેંચાવાની વિચારણા શરૂ કરી છે. પાર્ટીએ હજુ સુધી કોઈ મેન્ડેટ આપ્યો નથી. આપશે કે નહિ તે નકકી નથી. જો પાર્ટી મેન્ડેટ આપે અને મેન્ડેટ સિવાઈના ઉમેદવાર ઉમેદવારી ચાલુ રાખે તો ચૂંટણી રસપ્રદ બની જશે.

નાફેડની ચૂંટણીમાં ગુજરાતમાં ૨૫૦ જેટલા મતદારો છે. કૃષિ વિષયક મંડળીની ૧ બેઠક માટે મતદાન છે. જેના માટે કાંકરેજ તાલુકા સહકારી સંઘના અમરતભાઈ દેસાઈ, નીચી માંડલ સેવા સહકારી મંડળી (મોરબી)ના મોહનભાઈ કુંડારીયા પ્રાંતિજ તાલુકા સહકારી ખરીદ વેંચાણ સંઘના મહેશ પટેલ, સોનીપુર, સોમનાથ સેવા સહકારી મંડળીના જશવંતભાઈ પટેલ અને ખાખરાળ સેવા સહકારી મંડળીના મગનભાઈ વડાલિયાએ ઉમેદવારી કરી છે. વડાવિયા-કુંડારિયાની ઉમેદવારીએ સ્થાનિક સહકારી કાર્યકરોમાં ચર્ચા જગાવી છે. કાલે ચૂંટણી ચિત્ર ચોખ્ખુ થઈ જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નેશનલ એગ્રીકલ્ચરલ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડીયા લીમીટેડ (નાફેડ) ની સ્થાપના ૨જી ઓકટોબર ૧૯૫૮ ના રોજ ગાંધી જયંતિના દિવસે કરવામાં આવી હતી. નાફેડ મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટી એકટ હેઠળ નોંધાયેલ છે. નાફેડની સ્થાપના ખેડૂતોના લાભ માટે કૃષિ ઉત્પાદનોમાં સહકારી માર્કેટીંગને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે કરવામાં આવી હતી. કૃષિ ખેડૂતો નાફેડના મુખ્ય સભ્યો છે.(૫.૧૫)

National Agriculture Cooperative Marketing Federation of India ltd

SCએ IMA ચીફને ફટકાર લગાવી : બાબા રામદેવની પ્રશંસા કરી

## રામદેવ-બાલકૃષ્ણને સુપ્રીમ કોર્ટમાંથી રાહત: જજે કહ્યું યોગમાં તમારૂં અમૂલ્ય યોગદાન




નવી દિલ્હી તા. ૧૪ : પતંજલિની ભ્રામક જાહેરાતના કેસમાં આચાર્ય બાલકૃષ્ણ અને બાબા રામદેવને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે યોગ ગુરુ સ્વામી રામદેવ અને બાલકૃષ્ણને આગામી આદેશ સુધી હાજર રહેવામાંથી મુક્તિ આપી છે. આટલું જ નહીં સુપ્રીમ કોર્ટે યોગ ક્ષેત્રે બાબા રામદેવના યોગદાનની પણ પ્રશંસા કરી છે. જોકે, સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની ખંડપીઠે બાબા રામદેવ અને બાલકૃષ્ણ વિરૂદ્ધ કોર્ટની અવમાનના માટે કેસ ચલાવવામાં આવશે કે નહીં તે અંગે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

વાસ્તવમાં, પતંજલિ આયુર્વેદ દ્વારા યોગગુરુ રામદેવ અને પતંજલિ આયુર્વેદના એમડી આચાર્ય બાલકૃષ્ણ વિરૂદ્ધ તેની દવાઓ માટે 'ભ્રામક દાવા' કરવા માટે દાખલ કરવામાં આવેલા અવમાનના કેસ પર મંગળવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પતંજલિને જે દવાઓના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેને રોકવા અને તેને પરત લાવવા માટે તેના દ્વારા લેવામાં આવેલા પગલાઓ અંગે સોગંદનામું દાખલ કરવા જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે આ મામલે પતંજલિ પાસેથી ત્રણ સપ્તાહમાં જવાબ માંગ્યો છે. પતંજલિ કેસની સુનાવણી દરમિયાન આચાર્ય બાલકૃષ્ણ અને બાબા રામદેવ બંને કોર્ટમાં હાજર હતા. આ પછી સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમારો હેતુ માત્ર એટલો જ છે કે લોકો સતર્ક રહે. લોકોને બાબા રામદેવમાં વિશ્વાસ છે. તેણે તેનો સકારાત્મક ઉપયોગ કરવો જોઈએ. બાબા રામદેવે પણ વિશ્વભરમાં યોગના પ્રચારમાં યોગદાન આપ્યું છે. આ પછી બાબા રામદેવે સુપ્રીમ કોર્ટની બેંચનો આભાર માન્યો અને સલામ કરી, જેના પર જસ્ટિસ અમાનુલ્લાહે કહ્યું કે અમે પણ તેમને સલામ કરીએ છીએ.

આ સાથે જ સુપ્રીમ કોર્ટે IMA પ્રમુખ અશોકનને ફટકાર લગાવતા કહ્યું કે, 'તમે આવા શબ્દોનો ઉપયોગ કેમ કર્યો? તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે તમે તે જ કર્યું જે અન્ય પક્ષે કર્યું. તમે જાણતા હતા કે તમે શું કરી રહ્યા છો. તમે તમારા પલંગ પર બેઠેલા કોર્ટ વિશે કંઈ કહી શકતા નથી. આ કેસમાં તમે પક્ષકાર હોવા છતાં પણ અમે તમારી એફિડેવિટથી સંતુષ્ટ નથી. આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. ' આ પછી, કોર્ટમાં હાજર IMA પ્રમુખે તેમના ઈન્ટરવ્યુ અંગે સુપ્રીમ કોર્ટમાં બિનશરતી માફી માંગી.

સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું કે તમે IMAના પ્રમુખ છો અને ૩ લાખ ૫૦ હજાર ડોક્ટર IMAના સભ્ય છે. તમે લોકો પર તમારી છાપ કેવી રીતે છોડવા માંગો છો? તમે જાહેરમાં માફી કેમ ન માગી? તમે પેપરમાં માફીપત્ર કેમ ન છાપ્યું? તમે એક જવાબદાર વ્યક્તિ છો. તમારે જવાબ આપવો પડશે. તમે ૨ અઠવાડિયામાં કંઈ કર્યું નથી. અમે તમારી પાસેથી જાણવા માંગીએ છીએ કે તમે આપેલા ઈન્ટરવ્યુ પછી તમે શું કર્યું.

સુપ્રીમ કોર્ટે IMA પ્રમુખને આગળ કહ્યું, 'તમે પક્ષમાં હોવા છતાં પેન્ડિંગ કેસ વિશે તમે જે કહ્યું તે અમને અત્યંત આઘાતજનક લાગ્યું. તમે દેશના નાગરિક છો. શું દેશના ન્યાયાધીશો તેમના નિર્ણયોની ટીકા સહન કરતા નથી? પણ આપણે કશું બોલતા નથી કારણ કે આપણામાં અહંકાર નથી. આ પછી સુપ્રીમ કોર્ટે IMA પ્રમુખની માફી નકારી કાઢી અને કહ્યું કે અમે સંતુષ્ટ નથી.(૨૧.૨૨)

છૂટક મોંઘવારી દર ૪.૮૩ ટકાએ પહોચ્યો : માર્ચમાં ૪.૮૫ ટકા હતો

## મોંઘવારીને મોર્ચે રાહત : એપ્રિલમા છૂટક મોંઘવારીમાં આંશિક ઘટાડો



નવી દિલ્હી તા. ૧૪ : મોંઘવારીના મોરચે સામાન્ય લોકોને મોટી રાહત મળી છે. દેશમાં છૂટક ફુગાવાના દરમાં આંશિક ઘટાડો નોંધાયો છે. એપ્રિલમાં છૂટક મોંઘવારી દર નજીવો ઘટીને ૪.૮૩ ટકા પર આવી ગયો છે. માર્ચ ૨૦૨૪માં તે ૪.૮૫ ટકાના સ્તરે હતો. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા અનુસાર, ખાદ્ય ફુગાવો એપ્રિલમાં નજીવો વધીને ૮.૭૦ ટકા થયો હતો, જે માર્ચના ૮.૫૨ ટકા કરતાં નજીવો વધારે હતો. સરકારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને રિટેલ ફુગાવો બે ટકાના તફાવત સાથે ચાર ટકા પર રાખવાનો લક્ષ્યાંક આપ્યો છે. દેશની મધ્યસ્થ બેંક તેની દ્વિ-માસિક નાણાકીય સમીક્ષામાં વ્યાજ દર સેટ કરતી વખતે છૂટક ફુગાવાના ડેટાને ધ્યાનમાં લે છે. રિઝર્વ બેન્કનું કહેવું છે કે આગળ જતાં ખાદ્ય ચીજોની કિંમતો ફુગાવાના વલણને પ્રભાવિત કરતી રહેશે.

સીપીઆઈ નાણાકીય સ્થિતિમાં છેલ્લા થોડા મહિનામાં ઘટાડો જોવા મળે છે. ફેબ્રુઆરીમાં આ આંકડો ૫.૦૯ ટકા હતો તે માર્ચમાં ઘટીને ૪.૮૫ ટકા થયો હતો. ગૃહિણીઓ માટે રાહતના સમાચાર એ છે કે, ખાદ્યતેલના ભાવમાં એપ્રિલમાં ઘટાડો ચાલુ રહ્યો હતો અને સમગ્ર મહિના દરમિયાન તેમાં ૯.૪૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. એ જ રીતે મસાલાની કિંમત ફેબ્રુઆરીમાં ૧૩.૨૮ ટકા હતી તે માર્ચમાં ઘટીને ૧૧.૪ ટકા થઈ હતી. અલબત્ત, એક તરફ દાળના ભાવો ઘટ્યા છે તો બીજી તરફ શાક-ભાજીના ભાવમાં રાહત મળી નથી. એપ્રિલ દરમિયાન દાળોના ભાવાંક માર્ચ મહિનાના ૧૭.૭૧ ટકાની સરખામણીમાં ઘટીને ૭.૭૫ ટકા ઉપર આવી ગયા હતા. ભાવાંકોના આંકડા પરથી સમજાય છે કે, એપ્રિલમાં શાકભાજીની કિમતમાં ૮.૬૩ ટકાનો વધારો થયો હતો. ભારતીય રિઝર્વ બેંકે તેની પાંચ એપ્રિલની નાણા નીતિની સમીક્ષા જાહેર કરતી વખતે કહ્યું હતું કે, તેને આશા છે કે આ વર્ષે સામાન્ય ચોમાસાની સંભાવના હોવાથી ૨૦૨૪-૨૫માં નાણાકીય ખાધ ઘટીને ૪.૫ ટકા થઈ જશે.(૨૧.૧૫)

## શું વડાપ્રધાન બેકફુટ ઉપર આવી ગયા છે? કે કોંગી નેતાઓના બફાટે મજોમજો કરાવી દીધો?

ગયા અઠવાડીયે વડાપ્રધાને જે કહયું તેનાથી તેમના માટે મુશ્કેલીઓ ઉભી થઈ છે. ભારતના બે સૌથી અમીર વ્યકિતઓએ ટેમ્પો ભરીને કોંગ્રેસ પક્ષને કાળુ નાણું મોકલ્યુ હોવાના આક્ષેપો કરીને તેમણે ફસાવી દીધા છે. જેમણે તેમનું આ ભાષણ નાં સાંભળ્યું હોય તેમના માટે જણાવી દઈએ કે તેમણે કહયું હતું, ''કોંગ્રેસ પક્ષના શહેઝાદાએ ''અંબાણી-અદાણી, અંબાણી અદાણી''નો મંત્ર ૫ વર્ષ સુધી જપ્યો હતો પણ જેવો ચુંટણી પ્રચાર શરૂ

ખરાબ સ્ટેટમેંટોને સારામાં ફેરવવામાં ભાજપના મીડીયા મેનેજરો નો કોઈ જોટો નથી. પણ અત્યારે તેમની સેવાઓની જરુર નથી પડે તેમ કેમ કે કોંગ્રેસ પોતે જ તેમનું કામ કરી રહયો છે. તેના બે નેતાઓએ એવા બયાનો આપીને વડાપ્રધાનના ઉપરોકત બયાન પરથી લોકોનું ધ્યાન બીજે વાળી દીધું. પહેલા સેમ પિત્રોડાએ પોતાના આક્રમક અંદાજમાં ભારતીયોની ત્વચાના રંગ બાબતે નિવેદન કર્યુ. જો કે આ વખતે તેમને તેમના પદ

લાંબા ચુંટણી પ્રચારના થાકને લીધે નેતાઓના નિવેદનોમાં બફાટ થતો હોય છે: સરળ ઉપાય એ છે કે એક અઠવાડીયામાં ચુંટણી પ્રક્રિયા નિપટાવી લેવી જોઇએ: વરિષ્ઠ પત્રકાર તવલીન સીંઘના મંતવ્યની ચર્ચા

થયો કે તેમણે તે બંધ કરી દીધું. કેમ? તેમણે રાહુલ ગાંધીને અંબાણી અને અદાણી તરફથી કેટલા નાણા મળ્યા તે જાહેર કરવાનો પડકાર ફેંકયો હતો.

એકસ્પ્રેસ જુથના વરિષ્ઠ પત્રકાર તવલીન સીંઘના કહેવા મુજબ આનો જવાબ તરત જ આવી ગયો હતો. રાહુલ ગાંધી એક વીડીયો અપલોડ કર્યો, જેમાં કહેવાયું કે જો વડાપ્રધાન જાણતા હોય કે મુકેશ અંબાણી અને ગૌતમ અંબાણી તેમને રોકડના કોથળા ભરીને નાણા આપતા હોય તો તેઓ ઈડી અને સીબીઆઈને તપાસ માટે કેમ નથી મોકલતા? ખરેખર વાજબી પ્રશ્ન છે. દરમ્યાન કોંગ્રેસ પ્રમુખે એકસ પર એક મોકીંગ ટવીટ મુકી કે મિત્રો હવે મિત્રો નથી રહયા. આ સમય બદલાઈ રહયો હોવાના સંકેત છે. કોંગ્રેસ પક્ષની પ્રચાર સમિતીએ તરત જ ગણત્રી કરીને કહયું કે ચુંટણીપ્રચાર શરૂ થયો ત્યારથી રાહુલે ૧૦૩ વાર અદાણીનું નામ લીધુ હતું અને સાબિત કર્યુ કે વડાપ્રધાન ખોટી માહીતીઓ આપી રહયા છે.

પરથી હાંકી કઢાયા. હજુતો ડેમેજ કંટ્રોલ પુરૂ થયુ નહોતું ત્યાં મણીશંકર ઐયરે વધારે ડેમેજ કર્યુ.

તેમણે ગયા મહિને આપે એક ઈન્ટરવ્યુ અચાનક દેશની દરેક ન્યુઝ ચેનલ પર દેખાયો જેમાં તેઓ એવુ કહેતા સંભળાય છે કે પાકિસ્તાન સામે બળ પ્રદર્શનનું વલણ કામ નહીં કરે કેમ કે તેમની પાસે પણ અણુબોંબ છે. તેમનો ઉદેશ જો કે પાડોશી દેશ પ્રત્યે મોદીના આક્રમણ વલણ તરફ ધ્યાન દોરવાનો હતો. પણ આ ઈન્ટરવ્યુ દ્વારા ઐયરે મોદીને નુકસાન પહોંચાડવાના બદલે કોંગ્રેસને નુકસાન પહોંચાડી દીધુ. કોંગ્રેસ પ્રવકતાને તરત જ ઐયરના મતથી પક્ષને અળગો કરી દીધો હતો.

તવલીન સીંધ અનુસાર આ પ્રકારના સ્ટેટમેંટો લાંબા ચુંટણી પ્રચારના થાકના કારણે આવી જતા હોય છે. અને તેનો અને એક માત્ર ઉપાય છે, એક અઠવાડીયામાં ચુંટણી પ્રક્રિયા સમાપ્ત કરવી. જયારે ચુંટણી પ્રચાર ૬-૬ અઠવાડીયા સુધી ચાલે ત્યારે દરેક વ્યકિતની થાકથી આવી સ્થિતી થતી હોય છે.(૨.૭)

## ટીમ ઇન્ડિયાની નવી જર્સી લોન્ચ : BCCIનો વિડીયો પોસ્ટ

નવી જર્સીમાં જાહેરાતનો લોગો અન્ય જગ્યાએ મુકવામાં આવશે








નવી દિલ્હી : ટી-૨૦ વર્લ્ડ કપ ૨ જૂનથી શરૂ થઈ રહ્યો છે અને તે પહેલા ટીમ ઈન્ડિયાએ પોતાની નવી જર્સી લોન્ચ કરી છે. જો કે ટીમ ઈન્ડિયા ટી-૨૦ વર્લ્ડ કપમાં તેની નવી જર્સીનો ઉપયોગ કરી શકશે નહીં, જેના પાછળ એક મોટું કારણ જવાબદાર છે અને આ કારણ આઈસીસીના નિયમ સાથે સંબંધિત છે. બીસીસીઆઈએ એક વીડિયો પોસ્ટ કર્યો જેમાં કેપ્ટન રોહિત શર્મા નવી જર્સી સાથે ફોટોશૂટ કરાવી રહ્યો છે. બીસીસીઆઈ સેક્રેટરી જય શાહ રોહિતની સાથે હતા.

ટીમ ઈન્ડિયાની જર્સીમાં બે મોટા ફેરફાર થશે. ટીમ ઈન્ડિયાની જર્સીનું સ્પોન્સર ડ્રીમ ઈલેવન છે અને તેનું નામ આની વચ્ચે લખેલું છે. તેને ટી-૨૦ વર્લ્ડ કપ માટે જર્સીની વચ્ચેથી હટાવી દેવામાં આવશે. આ ઉપરાંત જર્સીમાં એડિડાસ કંપનીનો લોગો પણ છે, તેને પણ ત્યાંથી ખસેડવામાં આવશે. હવે અમે તમને જણાવીએ કે આવું કેમ થશે? વાસ્તવમાં, આઈસીસી ટૂર્નામેન્ટમાં, જર્સીના આગળના ભાગમાં ફક્ત દેશનું નામ લખવાનું હોય છે. આ સિવાય આઈસીસીનો લોગો પણ હોય છે. એટલા માટે ટીમ ઈન્ડિયાની નવી જર્સીમાં ડ્રીમ ઈલેવનનું નામ અને એડિડાસનો લોગો બીજે ક્યાંક છપાશે.(૨૧.૧૯)

## સીરક્રીક - કોરીક્રીકને પ્રવાસન હબ તરીકે વિકસાવવામાં આવશે

પર્યાવરણને નુકસાન ના થાય તેની કાળજી લેવાશે : ગુજરાત સરકારે તૈયાર કર્યો માસ્ટર પ્લાન

નવી દિલ્હી તા. ૧૪ : ગુજરાત સરકારે કચ્છ જિલ્લાના સીરક્રીક અને કોરી ક્રીકના સરહદી વિસ્તારોને પ્રવાસન સ્થળો તરીકે વિકસાવવા માટે એક વ્યાપક માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. સાંસ્કૃતિક, પ્રાકૃતિક અને સાહસિક અનુભવો ઉપરાંત, સરકાર સ્થાનિક અર્થતંત્રને વિકસાવવા માટે એક ઈકોસિસ્ટમ બનાવવાનું લક્ષ્ય રાખે છે.

સરકાર સ્પેશિયલ ટુરિઝમ ઝોન્સ પ્રોજેક્ટ હેઠળ સીરક્રીક અને કોરી ક્રીક વિસ્તારોનો વિકાસ કરશે, જયાં કેન્દ્ર સરકાર પ્રોજેક્ટ માટે ભંડોળ પૂરૂં પાડે છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, 'સ્થાનિક અર્થતંત્રમાં સકારાત્મક યોગદાન આપતાં સાંસ્કૃતિક, પ્રાકૃતિક અને સાહસિક અનુભવો ધરાવતું ટકાઉ, સુલભ અને આકર્ષક પ્રવાસન સ્થળ વિકસાવવાનો હેતુ છે. આ પ્રોજેક્ટને પ્રીમિયર બોર્ડર પર્યટન સ્થળ તરીકે પ્રદર્શિત કરવામાં આવશે.'

આ પ્રોજેક્ટ નારાયણ સરોવરના કાંઠાની ઉત્તરે આવેલો છે જે પહેલેથી જ એક ધાર્મિક પ્રવાસન સ્થળ છે અને નારાયણ સરોવર અભયારણ્ય ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ ધરાવતું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ ઉપરાંત કોરી ક્રીક પર આવેલ કોટેશ્વર મંદિર પહેલેથી જ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. આ ઉપરાંત, હેરિટેજ સાઈટ લખપત કિલ્લો, નારાયણ સરોવરથી માત્ર ૩૩ કિમી ઉત્તરમાં છે, સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં, નાની-ચેર બીચ, અન્ય સંભવિત પ્રવાસન સ્થળ, કોટેશ્વર મંદિરથી ૨૬ કિમી દૂર આવેલું છે, અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રોજેક્ટની મુલાકાત લેતા લોકો આસપાસના અન્ય પ્રવાસન આકર્ષણોની પણ મુલાકાત લઈ શકે છે. પ્રોજેક્ટ હેઠળ, કોરી ક્રીકમાં સ્થિત પડાલા અને લુક્કીના નિર્જન ટાપુઓને ટકાઉ પ્રવાસન સ્થળોમાં પરિવર્તિત કરવામાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'આ વિકાસ બ્લુપ્રિન્ટમાં રાષ્ટ્રીય સુરક્ષા નિર્ણાયક ભૂમિકા ભજવે છે, અને પર્યાપ્ત સુરક્ષા પગલાં પ્રોજેક્ટમાં સામેલ કરવામાં આવશે. આ વિસ્તારો આંતરરાષ્ટ્રીય સરહદની નજીક હોવાથી, મુલાકાતીઓની સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવશે.'

અધિકારીઓએ ઉમેર્યું હતું કે પ્રોજેક્ટ પ્લાન પર્યાવરણને બગાડ્યા વિના વિસ્તાર સમાવી શકે તેવા મુલાકાતીઓની મહત્તમ સંખ્યાનો ઉલ્લેખ કરશે તેની ખાતરી કરવા માટે પૂરતી કાળજી લેવામાં આવશે.

કોંગ્રેસ અધ્યક્ષના નિવેદન પર ભાજપના સાંસદનો પલટવાર

## ભાજપની સરકાર આવશે તો દેશને ગુલામ બનાવશે: ખડગે

## ઘરડો વ્યકિત આવુ બોલે : ખડગેજી તમારે હિમાલય જવાની જરૂર: રવિ કિશન

નવી દિલ્હી, તા.,૧૪: લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રચાર દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ એક સભામાં કહ્યું હતું કે જો ભાજપ સરકાર પરત આવશે તો દેશને ગુલામ બનાવી દેશે. તેમણે કહ્યું હતું કે આઝાદી પહેલા ગરીબો, દલિતો અને આદિવાસીઓ સાથે ગુલામો જેવો વ્યવહાર કરવામાં આવતો હતો.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ હવે ધીમે ધીમે અંત તરફ આગળ વધી રહી છે. ગયા સોમવારે લોકસભા ચૂંટણીના ચોથા તબક્કાનું મતદાન પૂર્ણ થયું હતું. દરમિયાન ચૂંટણી પ્રચાર દરમિયાન નેતાઓ સતત એકબીજા વિરુદ્ધ નિવેદનબાજી કરી રહ્યા છે. હાલમાં જ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ એક બેઠકમાં કહ્યું હતું કે જો ભાજપ સરકાર પરત આવશે તો દેશને ગુલામ બનાવી દેશે. હવે બીજેપી નેતા અને સાંસદ અને ગોરખપુર લોકસભા સીટના ઉમેદવાર રવિ કિશને મલ્લિકાર્જુન ખડગે પર તેમના નિવેદન પર આકરા પ્રહારો કર્યા છે.



કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ માટે ત્રીજી ટર્મનો અર્થ ગરીબો, દલિતો અને આદિવાસીઓ સાથે ગુલામો જેવો વ્યવહાર થશે. તેમણે કહ્યું હતું કે આઝાદી પહેલા ગરીબો, દલિતો અને આદિવાસીઓ સાથે ગુલામો જેવો વ્યવહાર કરવામાં આવતો હતો. મોદી અને શાહને ત્રીજી ટર્મ આપશો તો એ જ સ્થિતિનું પુનરાવર્તન થશે. આપણે ફરી ગુલામ બની જઈશું.

ગોરખપુર લોકસભા મતવિસ્તારના બીજેપી ઉમેદવાર રવિ કિશને કહ્યું, આ બતાવે છે કે ઉંમર કેટલી અસર કરે છે. જ્યારે વ્યક્તિ વૃદ્ધ થાય છે ત્યારે તે આવું બોલે છે. દેશ છેલ્લા ૧૦ વર્ષથી જોઈ રહ્યો છે કે રામ રાજ્યમાં હિંદુઓ અને મુસલમાનો બધા ખુશ છે. અમે ચંદ્ર પર પહોંચી ગયા છીએ અને તેઓ આવું બોલે છે?, ખડગે સાહેબ તમને તરત જ આરામ કરવાની જરૂર છે, હિમાલયમાં એક જગ્યા છે, હું તમને તે ગુફા વિશે જણાવીશ અને તમે ત્યાં જઈ શકો છો. તમારે ત્યાં જાવાની આવશ્યકતા છે. ત્યાં કેવી રીતે પહોંચવું તેનું હું સરનામું મોકલી આપીશ.(૪.૧૮)






ઇન્કમટેક્સમાં નવા નિયમને કારણે રોકડમાં દાન આપનારાઓમાં અસમંજસ

## ટ્રસ્ટને ૨૦૦૦થી વધુ રોકડુ દાન આપ્યું તો ટેક્સમાં બાદ નહીં મળે

ઇન્કમટેક્સ રિટર્નમાં દાનની રકમ બાદ લેવા ફરજિયાત ચેકથી આપવાનો નિયમ

મુંબઈ તા. ૧૪ : રોકડમાં થતા વ્યવહારો ઓછા કરવા માટે સમયાંતરે ઈન્કમટેક્સ વિભાગ દ્વારા નિયમ લાવવામાં આવી રહ્યા છે. તે અંતર્ગત ચેરિટેબલ ટ્રસ્ટને દાનની રકમ બે હજાર કરતાં વધુ રોકડમાં આપવામાં આવે તો તેને ઈન્કમટેક્સમાં ૮૦ જીના નિયમ હેઠળ રિટર્નમાં બાદ મળશે નહીં. આ નિયમને કારણે રોકડમાં દાન આપનારાઓમાં અસમંજસની સ્થિતિ ઊભી થઈ છે.

ચેરિટેબલ ટ્રસ્ટના નિયમોમાં ઈન્કમટેક્સ વિભાગ દ્વારા ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. તે માટેનું કારણ એવું છે કે કેટલાક લોકો દ્વારા ટ્રસ્ટના ઓથા હેઠળ બ્લેક એન્ડ વ્હાઈટનો વેપલો ચાલતો હોય છે. આવા અનેક ટ્રસ્ટમાં નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હોવાના પુરાવા ઈન્કમટેક્સ વિભાગને મળતા અનેક ટ્રસ્ટના રજિસ્ટ્રેશન નંબર રદ કરવા સુધીની કાર્યવાહી કરી હતી. આવા કારણોસર ટ્રસ્ટને રોકડમાં મળતા દાન પર નજર રાખવા માટે નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. તેમાં જે પણ દાન કરનાર વ્યક્તિને રિટર્નમાં તે રકમ બાદ જોઈતી હોય તો તે રકમનો ચેક જ ફરજિયાત આપવાનો રહેશે. જયારે બે હજાર કરતા વધુની રકમનું દાન કરનાર વ્યક્તિને રિટર્ન ભરતી વખતે ૮૦ જી હેઠળ તે રકમ બાદ મળશે નહીં.(૨૧.૨૧)

### દાનના નામે પણ કરાતા ગોરખધંધા

નાણાકીય વર્ષ પૂરૂં થવાનું હોય ત્યારે કેટલાક લોકો દ્વારા ટ્રસ્ટના ઓથા હેઠળ બ્લેક ટેક્સ બચાવવા માટે મસમોટી રકમ દાનમાં લેતા હોય છે. પછી તેમાંથી નક્કી કરેલી ટકાવારી કાપીને બાકીની રકમ રોકડમાં આપી દેવાનો પણ ગોરખધંધો કરતા હોય છે. જેથી આ દિશામાં પણ આગામી દિવસોમાં ઈન્કમટેક્સ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા રહેલી છે, કારણ કે યુપી અને બિહારમાં ટ્રસ્ટના સંચાલકો દ્વારા કરવામાં આવતા આવા વેપલા પર કાર્યવાહી કરવામાં આવી હતી. જેથી આ પ્રમાણેની કામગીરી ગુજરાતમાં પણ કરવામાં આવે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

# પરાબજાર-દાણાપીઠમાં દરોડાઃ ૧૫૦ કિલો પ્લાસ્ટીક જપ્તઃ ૬૬ હજારનો દંડ

## ૧૪ દુકાન પાસેથી પ્રતિબંધીત પ્લાસ્ટીક પકડાયુંઃ વિવિધ વિસ્તારમાં વધુ ૬૬ ધંધાર્થીને ગંદકી બદલ દંડાયા

### સિંગલ યુઝ પ્લાસ્ટીકના ધંધાર્થીને ત્યાં મનપાની ધોંસ



રાજકોટ, તા., ૧૪: સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા તારીખ ૧૩/૦૫/૨૦૨૪ સિંગલ યુઝ પ્લાસ્ટિક ડ્રાઈવ પરાબજાર, દાણાપીઠ ખાતે કરવામાં આવેલ કુલ ૧૪ ધંધાર્થીઓ પાસેથી ૧૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી રૂ. ૬૬,૦૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો. આ ઉપરાંત વિસ્તારમાં ચેકીંગ દરમ્યાન ૬૯ દુકાનદારો પાસેથી ૧૫,૮૫૦નો દંડ વસુલવામાં આવ્યો હતો.

આ અંગે મનપાની સતાવાર યાદીમાં જણાવ્યા મુજબ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તા.૧૩ના પરાબજાર તથા દાણાપીઠ વિસ્તારમા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામા આવી હતી. જેમા મારૂતિ ટ્રેડીંગ કંપનીને રૂ. ૫૦૦૦/- ૩૦ કિલો, ક્રિષ્ના પ્લાસ્ટિક ૫૦૦૦/-૨૦ કિલો, પેકવેલ પ્લાસ્ટિક ૫૦૦૦/-૧૦ કિલો, શ્રીનાથજી પ્લાસ્ટિક ૫૦૦૦/-૧૦ કિલો, શ્રી બાલાજી ટ્રેડર્સ ૫૦૦૦/- ૧૦ કિલો, મોહનજી માધવજી ચંદારાણા ૫૦૦૦/-૧૦ કિલો, રઘુવીર પ્લાસ્ટિક ૫૦૦૦/- ૧૨ કિલો, સિદ્ધિવિનાયક પ્લાસ્ટિક ૩૦૦૦/- ૩ કિલો, રાજુ પ્લાસ્ટિક ૫૦૦૦/-૫ કિલો, સીમા પ્લાસ્ટિક ૫૦૦૦/-૫ કિલો, પ્રીતેશ પોલીપેક ૩૦૦૦/- ૩ કિલો, જીકગરીયા પ્લાસ્ટિક ૫૦૦૦/- ૧૦ કિલો, જે કટારીયા પ્લાસ્ટિક ૫૦૦૦/- ૧૨ કિલો, મનોજભાઈ પ્લાસ્ટિકવાળા ૫૦૦૦/-૧૦ કિલો, સહીતના ૧૪ વેપારીને ૬૬૦૦૦નો દંડ ફટકારી ૧૫૦ કિલો પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવ્યું હતું.

**૬૯ દુકાન ધારકો દંડાયા**

મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી વિવિધ વિસ્તારમાંથી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૧૩ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૬૯ આસામીઓ પાસેથી ૩.૭૬ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૫,૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના ઢેબર રોડ, કેવડાવાડી રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૯ પાસેથી ૧.૮૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬,૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના પુનીતનગર ૮૦ ફૂટ રોડ, અમૃતપાર્ક મેઈન રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૬ આસામીઓ પાસેથી ૧.૪૩૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૬,૧૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના થોરાળા મેઈન રોડ, ભાવનગર રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪ પાસેથી ૦.૪૮૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩,૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ. (૪.૨૭)

# ચંદ્રયાન-૪નું લેન્ડીંગ પણ શિવશક્તિ પોઇન્ટ પાસે થવાની શક્યતા

### ઇસરોએ જાપાનની અવકાશ એજન્સી સાથે તૈયારીઓ શરૂ કરી

## અરહમનો જન્મદિન



રાજકોટઃ અરહમ અવેશભાઈ પાનવાલાનો આજે જન્મદિવસ છે. જે બદલ પપ્પા-અવેશભાઈ, મમ્મી-હિનાબેન, બેન-અનાયાએ શુભેચ્છા પાઠવી છે.(૨૩.૨૩)

### ચૂંટણી પંચને પક્ષકાર બનાવીને ફાતિમાએ અરજી દાખલ કરી હતી

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ૬ વર્ષ સુધી ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકવા અંગેની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી

### અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ભગવાન અને ધર્મસ્થાનોના નામે વોટ માંગવા એ આચારસંહિતાનો ભંગ છે





નવી દિલ્હી તા. ૧૪ : પીએમ નરેન્દ્ર મોદી પર ૬ વર્ષ સુધી ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકવો જોઈએ. આ પ્રકારની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી, જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી., જેમાં પીએમ મોદી પર ભગવાન અને તેમના મંદિરના નામે વોટ માંગવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે પીએમ મોદી ભગવાન અને તેમના મંદિરના નામ પર સતત વોટ માંગી રહ્યા છે. આવું કરવું ખોટું છે અને તેમની સામે કાર્યવાહી થવી જોઈએ. તેમના પર ૬ વર્ષ માટે લડવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે આ અરજી ફગાવી દીધી હતી. કોર્ટે અરજીકર્તાને કહ્યું કે સુપ્રીમ કોર્ટ આ મામલે કોઈ નિર્ણય લઈ શકે નહીં. તમારે આ બાબતે યોગ્ય એજન્સીઓનો સંપર્ક કરવો જોઈએ. કોર્ટે પૂછ્યું, 'શું તમે અધિકારીઓનો સંપર્ક કર્યો? તમારે પહેલા ત્યાં જવું જોઈએ. કોર્ટની આ ટિપ્પણી બાદ અરજદારે અરજી પાછી ખેંચી લીધી હતી. ફાતિમાએ આરોપ લગાવ્યો કે પીએમ મોદીએ ધર્મના નામે વોટ માંગ્યા અને આ રીતે ચૂંટણી આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યું.

અરજીમાં કહેવામાં આવ્યું હતું કે પીએમ મોદીએ મતદારોને ભાજપના નામે વોટ કરવાની અપીલ કરી હતી. આ દરમિયાન તેણે હિંદુ દેવી-દેવતાઓ અને સ્થાનોનો ઉલ્લેખ કર્યો. આ રીતે ભગવાન અને ધર્મસ્થાનોના નામે વોટ માંગવા એ આચારસંહિતાનો ભંગ છે. એક વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી આવી જ એક અરજીને દિલ્હી હાઈકોર્ટમાં ફગાવી દેવામાં આવી છે. આ અરજીમાં પીએમ મોદી વિરૂદ્ધ એફઆઈઆરની માંગણી કરવામાં આવી હતી કે તેમણે સાંપ્રદાયિક ભાષણ આપ્યું હતું. જયારે દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે ચૂંટણી પંચ આ મામલાની નોંધ લઈ રહ્યું છે. હવે જોવાનું એ રહે છે કે જવાબ મળ્યા બાદ તે શું કરે છે.(૨૧.૩૨)

# થોરાળા પોલીસ સ્ટેશન ખાતે ૧૯મીએ જપ્ત થયેલા વાહનોની હરરાજી થશે

### ખરીદવા રસ ધરાવનારા વેપારીઓએ સંપર્ક કરવા પીઆઇ જી.એન. વાઘેલાની યાદી

રાજકોટ તા. ૧૪: શહેરના થોરાળા પોલીસ સ્ટેશન દ્વારા બીનવારસી તથા મોટર વ્હીકલ એક્ટ અન્વયે અલગ અલગ વાહનો કબ્જે કરીને રખાયા છે અને તેના માલિક તથા સંબંધીતોને અવાર-નવાર જાણ કરી આ વાહન છોડાવી જણાવવા સુચના અપાઈ છે. આમ છતાં વાહન છોડાવવા માટે કોઈ કાર્યવાહી થઈ નથી. ચાર દિવસ બાદ પોલસ આ વાહનોની નિયમ મુજબ હરરાજી કરશે. એ પછી કોઈપણ આવા વાહન માલિકો, સંબંધીતોની રજુઆતો ધ્યાને લેવાશે નહિ. હરરાજીમાં ઉપજેલી રકમ સરકારમાં જમા કરાવવામાં આવશે.

વાહનનો હરરાજી તા. ૧૯/૫ના સવારે ૧૧ કલાકે થોરાળા પોલીસ સ્ટેશન ખાતે થશે. જેમાં ભાગ લેવા ઈચ્છતા વેપારીઓએ જીએસટી નંબરના આધાર પુરાવા સાથે રાખી નિયત નમુના ફોર્મ ભરીને ડીપોઝીટ જમા કરાવી પોતાનું ટોકન મેળવી લેવાનું રહેશે. રસ ધરાવનારે થોરાળા પોલીસ સ્ટેશનનનો સંપર્ક કરવો. વાહનોની સંપુર્ણ વિગત પોલીસ કમિશનર કચેરીની વેબસાઈટ **www.cprajkot.gujarat.gov.in** ઉપર મુકવામાં આવી છે. તેમ પીઆઈશ્રી એન. જી. વાઘેલાએ જણાવ્યું છે. જે વાહનોની હરરાજી થવાની છે તે તમામ ટુવ્હીલર વાહનો છે. (૧૪.૧૪)





## શ્રી કાલ ભૈરવજીના આશિર્વાદ મેળવતા નરેન્દ્રભાઇ

આજે વારાણસી ખાતે ઉમેદવારી નોંધાવતા પુર્વે નરેન્દ્રભાઈએ કાશીના રખેવાળ શ્રી કાલ ભૈરવજીના દર્શન-પૂજન કરી તેમના આશિર્વાદ સાથે દેશભરના પોતાના કરોડો પરિવારજનોના જીવન મંગલમય બને તેવી મનોકામના કરી.(૬.૨૬)

## સહજ ધ્યાન યોગ શિબિર

સહજ ધ્યાન યોગ ટ્રસ્ટ દ્વારા આગામી નિઃશુલ્ક ૩૦૭ મી શિબિર તા. ૨૩ થી ૨૬ સુધી 'વામકુક્ષી', કુવાડવા ચોકડીથી ૨ કી.મી., કુવાડવા - વાંકાનેર રોડ ખાતે યોજવામાં આવી છે. વધુ માહીતી માટે મો.૯૪૨૬૪ ૫૯૬૩૧ ઉપર અથવા સંસ્થાના કાર્યાલય, જી.ટી. પરિસર, નક્ષત્ર હાઈટસની સામે, રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે, ૧૫૦ ફુટ રીંગરોડ ખાતે રૂબરૂ સંપર્ક કરવા જણાવાયુ છે. (૧૬.૩)

# રણછોડદાસજીબાપુ હોસ્પિટલ દ્વારા એક વર્ષમાં આંખના મોતિયાના ૧,૦૩,૦૯૮ નિઃશુલ્ક ઓપરેશન કરાયા



રાજકોટ તા.૧૪ : પ.પૂ. શ્રી સદ્દગુરુદેવ ભગવાનશ્રી રણછોડદાસજીબાપુશ્રીએ નેત્રયજ્ઞ માટે કહયું કે, 'મૂજે ભૂલ જાના,પર નેત્રયજ્ઞ કો નહિ ભૂલના,તથા મરીજ મેરે ભગવાન હૈ', નાં તેમના દિવ્ય સિધ્ધાંતોને સાર્થક કરીને ગરીબ આંખના દર્દીઓને આંખોની રોશની મળે એ માટે તેઓની સારામાં સારી સેવા હોસ્પિટલ દ્વારા કરવામાં આવે છે.

ગુરૂદેવનાં અમૂલ્યો વચનોને સાર્થક કરીને તથા તેમના ભારતને મોતિયા વિહીન (કેટરેક ફ્રી) કરવાનાં સંકલ્પને સાર્થક કરવા ભારતભરમાં શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ દ્વારા નિઃશુલ્ક નેત્રયજ્ઞ કેમ્પોનું આયોજન કરીને ગરીબ અને જરૂરીયાતમંદ લોકોનાં મફત આખંના મોતિયાનાં ઓપરેશન કરીને આંખોની દિવ્યગુરૂદ્રષ્ટિ રૂપી આંખોની નવી રોશની આપવામાં આવે છે,જેમા શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ દ્વારા ભારતનાં મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન, ઓરીસ્સા, ઝારખંડ, છતીસગઢ જગ્યાએ નેત્રયજ્ઞો કેમ્પો કરીને તા. ૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧-૩-૨૦૨૪ એક વર્ષમાં ૧,૦૩,૦૯૮ ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાં ૯૨,૩૩૨ દર્દી ભગવાનને નિઃશુલ્ક ધાબળાઓનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

જેમા ૯૨,૩૩૨ દર્દી ભગવાન ને નિઃશુલ્ક ધાબળાઓનું વિતરણ કરવામાં આવ્ય હતું.

વર્ષ-૨૩/૨૪ વર્ષનાં ૧,૦૩,૦૯૮ ઓપરેશનથી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ તારચ અત્યાર સુધીમાં એટલે કે તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં ૨૧,૫૦,૦૭૪ (એકવીસ લાખ પચાસ હજાર ગીમોતેર) લોકોને દિવ્ય ગુરૂદષ્ટિરૂપી આંખની નવી રોશની આપી નવું જીવન આપ્યું છે. આ નેત્રયજ્ઞનાં અમૂલ્ય સેવાયજ્ઞમાં અમે દર્દી ને ભગવાન સમજીને જ તેઓની આગતા સ્વાગતા કરી દર્દી ભગવાન તથા સાથે આવેલ સાથીદારોને બે દિવસમાં છ વખત શ્રચા, નાસ્તો, ૪ વખત ગરમાગરમ જમવાનું, રહેવાનું, દવા, ટીપાં, કાળા ચશ્મા, શુધ્ધ ઘીનો શીરો, બે કિલો ચોખા, એક કિલો ઘઉંનો લોટ, મીઠી બુંદી, સાડી, ધાબળો, ૧૦૦ રૂપિયા દક્ષિણા આ બધુ જ મફત આપવામાં આવે છે.

દર્દી ભગવાનની સેવા સારી રીતે થાય અને બધી સેવા એક જ જગ્યાએ મળી એ માટે શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ દ્વારા અત્યાધુનિક અદ્યતન નવી હોસ્પિટલનું નિર્માણ કાર્ય ચાલુ છે જે રૂા.૯૦ થી ૧૦૦ કરોડનાં ખર્ચે ૧૦ માળની હોસ્પિટલ તૈયાર થઈ રહી છે. જે એશિયાની પ્રથમ નંબરની હોસ્પિટલ બનશે. જેમાં એક જ જગ્યાએથી આંખની તમામ સારવાર મળી રહેશે. તેમ હોસ્પિટલની એક યાદીમાં જણાવાયું છે. (૬.૨૭)




**વેન્ડર મીટ :** રમકડા ઉદ્યોગને ભારતના સૌથી આશાસ્પદ નિકાસકાર ઉદ્યોગ તરીકે જોવામાં આવે છે. ત્યારે આ ઉદ્યોગ સાથે સંકળાયેલા ધંધાર્થીઓની એક મીટીંગ તાજેતરમાં પ્લેવે સિસ્ટમ્સ પ્રા.લી. દ્વારા રાજકોટ ખાતે યોજવામાં આવી હતી. જેમાં વોકલ ફોર લોકલ પોલીસી રજુ કરવામાં આવી હતી. પ્લેવે સિસ્ટમના ડાયરેકટર જીગર વાઘેલાએ આ મીટીંગ સંબોધી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ. (૧૬.૩)

# ગવરીદળની એલએન્ડટી કંપનીના મેનેજર ચિરાગગીરી વિરૂધ્ધ ઉચાપતનો ગુનો

### ગ્રાહકો તરફથી આવેલી રકમ ૩૬૮૯૦ અંગત ઉપયોગમાં લઇ લીધાની કુવાડવા પોલીસમાં ફરિયાદ

રાજકોટ તા. ૧૪: ગવરીદળમાં આવેલી એલએન્ડટી કંપનીના મેનેજરે ગ્રાહકો તરફથી આવેલી રકમ કંપનીમાં જમા કરાવવાને બદલે અંગત ઉપયોગમાં વાપરી વિશ્વાસઘાત કરતાં ગુનો દાખલ થયો છે.

આ બનાવમાં કુવાડવા પોલીસે કોઠારીયા રોડ હુડકો ફાયર બ્રિગેડ પાછળ દિપ્તીનગર-૬માં રહેતાં અને એલએન્ડટી કંપનીની ગવરીદળ શાખામાં બ્રાંચ ઓપરેશન મેનેજર તરીકે નોકરી કરતાં અર્જુનભાઈ વજુભાઈ સબાડ (ઉ.વ.૨૬)ની ફરિયાદ પરથી હાલ જામનગર રોડ અમી હાઈટ્સ પાસે રત્નમ એલીગન્સ-૨૦૪માં રહેતાં મુળ જામજોધપુર માકડીયા શેરીના ચિરાગગીરી રાજેન્દ્રગીરી મેઘનાથી વિરૂધ્ધ આઈપીસી ૪૦૮ મુજબ ગ્રાહકોએ જમા કરાવેલા નાણા રૂા. ૩૬૮૯૦ કંપનીમાં જમા ન કરાવી અંગત ઉપયોગમાં વાપરી નાખ્યાનો ગુનો નોંધ્યો છે.

ફરિયાદમાં અર્જુનભાઈએ જણાવ્યું છે કે એલએન્ડટી કંપની વિવિધ પ્રકારના ધિરાણ કરે છે. ખેતીના ઓજારો પર લોન, હાઉસીંગ લોન, ટુવ્હીલર લોન, માઈક્રો લોન આપે છે. અમારી ગવરીદળ શાખામાં મેનેજર તરીકે ચિરાગગીરી મેઘનાથી નોકરી કરતો હોઈ તેણે ગ્રાહકો તરફથી આવેલી લોનના હપ્તાની રકમ કંપનીમાં જમા કરાવવાને બદલે અંગત ઉપયોગમાં વાપરી નાખ્યાનું જણાતાં ફરિયાદ નોંધાવાઈ હતી. કોઠારીયા સોલવન્ટના સલમાબેન યુસુફભાઈ ઠેબાના રૂા. ૧૧૩૧૨, શીરીનબેન મહમદશરીર ગાજણના રૂા. ૧૨૫૭૫ અને હીનાબેન આશીફભાઈ છબીબીના રૂા. ૧૨૫૭૫ મળી કુલ ૩૬૮૯૦ની રકમ મેનેજરે અંગત ઉપયોગમાં વાપરી વિશ્વાસઘાત કર્યાનો આરોપ મુકાતાં પીઆઈ વી.આર. રાઠોડે ગુનો દાખલ કરાવી તપાસ હાથ ધરી છે. (૧૪.૧૩)

# કાલે ૧૬ મે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસઃ મનપા દ્વારા વિવિધ જનજાગૃતી કાર્યક્રમ

### જુદા જુદા વોર્ડમાં જાહેર પ્રદર્શન, પપેટ શો, શેરી નાટક, રાત્રી સભાનું આયોજન

રાજકોટ, તા. ૧૪: મહાનગરપાલિકા - આરોગ્ય શાખા દ્વારા ૧૬ મે, ''રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'' અંતર્ગત જનજાગૃતિ અંગે જુદા-જુદા વોર્ડમાં જાહેર પ્રદર્શન, પપેટ શો, શેરી નાટક, રાત્રી સભા, રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

લોકોને આ કાર્યક્રમોનો લાભ લેવા તથા ડેન્ગ્યુ રોગ નિયંત્રણ માટે મચ્છર ઉત્પતિ અટકાવવા મહાનગરપાલિકાના પ્રયત્નોમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

આ અંગે મનપાની સતાવાર યાદીમાં જણાવાયા મુજબ દર વર્ષ ૧૬ મે ને ''રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ડેન્ગ્યુ રોગ વિશે જાગૃતિ ફેલાવવા તથા તેના નિયંત્રણ પગલાને સઘન બનાવવા માટે ૧૬ મે ને રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ તરીકે ઉજવાય છે.



આ વર્ષની થીમ છે ક્વ્ચાલો સૌ સાથે મળીને ડેન્ગ્યુ પર નિયંત્રણ મેળવીએક્ક એટલે કે ડેન્ગ્યુ રોગ નિયંત્રણ માટે તમામ કક્ષાએથી જનસમુદાયનો સહયોગ અત્યંત આવશ્યક છે અને જનસમુદાયની ભાગીદારી જરૂરી છે.

ડેન્ગ્યુ એ વાઈરસથી થતો તથા એડીસ મચ્છર દ્વારા ફેલાતો રોગ છે. એડીસ મચ્છર દિવસે કરડે છે. ડેન્ગ્યુના લક્ષણો તાવ, શરીર કળતર, ઉલ્ટી ઉબકા, માથુ દુખવું વગેરે છે. સામાન્ય રીતે ડેન્ગ્યુના લક્ષણો ૨ થી ૭ દિવસ રહે છે. ડેન્ગ્યુથી પ્રભાવિત મોટાભાગના લોકો લગભગ એક અઠવાડિયા પછી સ્વસ્થ થઈ જાય છે. પરંતુ જાતે દવા ન લેતા ડોકટરને બતાવવું હિતાવહ છે.

કમિશનર આનંદ પટેલ તથા માન. નાયબ કમિશનર સ્વપ્નિલ ખરે ના માર્ગદર્શન હેઠળ આરોગ્ય શાખા - મેલેરિયા વિભાગ દ્વારા લોકોને ડેન્ગ્યુ વિષયક માહિતી આપવા તથા ડેન્ગ્યુના મચ્છરની ઉત્પતિ અટકાયતી પગલાની સમજ આપવા માટે જુદા - જુદા માધ્યમથી આરોગ્ય શિક્ષણના કાર્યક્રમોનું આયોજન કરેલ છે. (૯.૨૮)

### ડેન્ગ્યુથી બચવા મચ્છર ઉત્પતિ અટકાવવા આટલું જરૂર કરીએ

બિનજરૂરી ડબ્બાડુબ્લી, ટાયર, ભંગારનો યોગ્ય સ્થળે નિકાલ કરીએ.

પશુઓને પાણી પીવાની કુંડી, અવેડા દર અઠવાડિયે નિયમિત ખાલી કરી ઘસીને સાફ કરીએ.

ફ્રિજની ટ્રે, માટલા, કુલર, ફુલદાની, પક્ષીકુંજ વગેરેનું પાણી નિયમિત ખાલી કરી, ઘસીને સાફ કરીએ.

પાણીની સિમેન્ટની ટાંકી, સિન્ટેક્ષની ટાંકી, બેરલ, કેરબા તથા અન્ય પાણી ભરેલ તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકીને રાખીએ. હવાચૂસ્ત ઢાંકણ ન હોય તો કપડાથી હવાચુસ્ત ઢાંકીને રાખીએ.

અગાશી, છજજામાં જમા રહેતા વરસાદી પાણીનો નિકાલ કરીએ. છોડના કુંડામાં જમા રહેતા વધારાનો પાણીનો નિકાલ કરીએ.

ડેન્ગ્યુ નિયંત્રણમાં મહાનગરપાલિકાના પ્રયત્નોમાં સહકાર આપો.

**'જયાં જયાં પાણી, ત્યાં ત્યાં પોરા, જયાં જયાં પોરા, ત્યાં ત્યાં મચ્છર, જયાં જયાં મચ્છર, ત્યાં ત્યાં ડેન્ગ્યુ'**

# વિધવા પુત્રવધુની મારકુટ- ગેંગરેપ અંગેની ફરિયાદઃ મહિલા આરોપીની ધરપકડ સામે સ્ટે


### કુલ સાત સાસરીયા સામે ફરિયાદ થયેલઃ નણદોયા દ્વારા ધાકધમકી આપી દુષ્કર્મ ગુજરવામાં આવેલ હતું?

રાજકોટ તા.૧૪: ધોરાજી પંથકની વિધવા કુળવધૂએ સાસરિયાએ પોતાને મિલકતમાં ભાગ આપવો ન પડે તે માટે માર મારીને ગેંગરેપની નોંધાવેલી ફરિયાદના કામે સાસુ, નણંદ, નણંદોયા સહિતની સાત આરોપીઓ પૈકી પાંચ મહિલાઓની ધરપકડ, તપાસ સામે હાઈકોર્ટે સ્ટે આપતો હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ, હાલ ધોરાજી પંથકમાં રહેતી વિધવાએ અગાઉ સાસરિયાંઓ વિરુદ્ધ લેખિત અરજી આપી હતી, પરંતુ પોલીસે ગુનો નહીં નોંધતા તેણે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ ક્રિમિનલ એપ્લિકેશન કરી હતી. ગુજરાત હાઈકોર્ટે તે અરજીમાં એવો હુકમ કર્યો હતો કે લેખિત અરજીમાં જો મેરીટસ હોય તો તેને આધારે તટસ્થ તપાસ કરી યોગ્ય કાર્યવાહી ચાર વીકમાં પૂરી કરવી. હાઈકોર્ટના આ હુકમ બાદ ધોરાજી તાલુકા પોલીસ દ્વારા ફરિયાદ લેવામાં આવી હતી.

જેમાં (બધા નામો બદલાવાયા છે) નણંદોયા રમેશભાઈ, મનસુખભાઈ, નણંદ ઈન્દુબેન, રમાબેન, પદ્માબેન અને સાસુ સરોજબેન વગેરે સાત સામે માર મારી ગેંગરેપ અને ધાક ધમકી આપ્યા અંગેની ફરિયાદ નોંધાવી હતી. પોલીસને ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે પરિણીતાના લગ્ન ધોરાજી પંથકના યુવાન પરેશ સાથે થયા હતા, બાદ લગ્નજીવન દરમિયાન સંતાનમાં પુત્રી અને પુત્રનો જન્મ થયો હતો. દંપતી ઉપલેટા પંથકમાં રહેતા હતા. તે દરમિયાન તા. ૫/ ૧૧/ ૨૦૨૧ના પતિનું અવસાન થતાં અંતિમવિધિ વતનમાં કરવામાં આવી હતી. દરમિયાન પતિના મરણના આઠ-૯ દિવસ બાદ રાત્રિના સમયે ચારેય નણંદ અને બે નણંદોયા તેમજ સાસુ બધા બેઠા હતા, ત્યાં ''કામ છે'' તેમ કહી વિધવાને બોલાવી રૂમનો દરવાજો બંધ કરી વિધવાને કહેલ કે ''તે પરેશનું મર્ડર કરી નાખ્યું છે અને પોસ્ટમોર્ટમ થવા દીધું નથી'' તેમ કહી સાસુ નણંદો અને નણંદોયાઓ વિધવાને બેફામ મારકૂટ કરીને ''તને મિલકતમાં કાંઈ ભાગ દેવાનો થતો નથી, તારા બિસ્તરા પોટલા બાંધી તારા માવતરે જતી રહે'' એમ કહી નણંદોયાઓએ બંને સંતાનોને મારી નાખવાની ધમકી આપી વિધવા ઉપર બે-બે વખત બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું.

આ ફરિયાદને પગલે સાસરિયા આરોપીઓએ એમના વકીલો મારફત હાઈકોર્ટ સમક્ષ ફરિયાદ રદ કરવા કવોશિંગ પિટિશન દાખલ કરી હતી, સદર કવોશિંગ પિટિશનના કામે તપાસ અધિકારીએ તપાસ રિપોર્ટ રજુ કરેલો હતો, તેમજ આરોપીઓના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલોમાં ફરિયાદીને તેમના પતિના અવસાન બાદ તમામ વસ્તુઓ, વીમા પોલિસીની રકમો, જમીન, દાગીના ઉપરાંત સાસુએ પણ તેમનો જમીન/મિલ્કતનો હિસ્સો ફરિયાદીના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે આપી દીધા અને ફરીયાદીને જમીન ૧૦ વિઘા જેવી આપેલ હતી. મિલ્કતની વહેંચણીની સમજુતી નોટરાઈઝ કરવામાં આવી હતી. કોઈ તકરાર ન હતી. તેમ છતાં સવા બે વર્ષ બાદ ફરિયાદીએ વધુ મિલ્કત, મકાન પડાવવા ખોટી ફરીયાદ કરી હોવાની વિગતવાર દલીલો કરીને ફરિયાદ સ્ટે કરવા રજુઆતો કરી હતી. જે રજૂઆતો અને દલીલો ધ્યાને લઈ હાઈકોર્ટે નણંદો અને સાસુ સહિત પાંચ મહિલા આરોપીઓ સામે તપાસ, ધરપકડ સામે સ્ટે ફરમાવતો ચુકાદો આપવામા આવેલો હતો. સદર ગુન્હાના કામે આરોપીઓ તરફે હાઈકોર્ટમાં એડવોકેટ અપૂર્વ જાની, આશીષ ડગલી, રાજકોટના અમિત ગડારા રોકાયા હતા.(૨.૧૭)











રોલેક્ષ રીંગ્સ લિમિટેડના શ્રી મનેષભાઈ માદેકાએ પોતાને 'આંખની સારવાર સેવાયજ્ઞ' માં નિમિત બનાવ્યા બદલ અકિલા કાર્યાલય ખાતે અકિલા પરિવારના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રા પ્રત્યે અહોભાવ વ્યકત કરી આશીર્વાદ મેળવ્યા હતાં. સદ્ગુરૂ સદન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી રાજુભાઈ પોબારૂ, ડો. નિશાંતભાઈ ચોટાઈ તથા શ્રી મનેષભાઈ માદેકાના અંગત મિત્ર અને જાણીતા રેવન્યુ એડવોકેટ શ્રી નિપૂણભાઈ દોશી પણ હાજર રહેલા દ્દશ્યમાન થાય છે. પ.પૂ. શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ ખાતે પૂ. ગુરૂદેવને આરતી સાથે ભાવપૂર્વક વંદન કરી આશીર્વાદ મેળવતા શ્રી મનેષભાઈ માદેકા, શ્રી નિપૂણભાઈ દોશી, ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ વસાણી, ટ્રસ્ટી શ્રી રાજુભાઈ પોબારૂ તથા નવનિર્મિત આંખની અત્યાધુનિક હોસ્પિટલના કો-ઓર્ડીનેટર અને કાયદેઆઝમ ડો. પરષોતમભાઈ પીપરીયા તસ્વીરમાં નજરે પડે છે. પૂ. ગુરૂદેવના આશ્રમ ખાતે શ્રી મનેષભાઈ માદેકાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું અને ડો. પરષોતમભાઈ પીપરીયા દ્વારા નવનિર્મિત આંખની હોસ્પિટલ સંદર્ભે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. (પ-૧૮)

આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે વિનામૂલ્યે સારવારઃ પૂ. ગુરૂદેવના આશિર્વાદ સાથે સો કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલ અત્યાધુનિક

# પૂ. રણછોડદાસજીબાપુ આંખની હોસ્પિટલને મનેષભાઇ માદેકા દ્વારા માતબર રકમનું દાન

રાજકોટ તા. ૧૪ :..

રાજકોટ ઉપર જેમની અપાર કૃપા છે એવા સંત શ્રી પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)ના આજીવન ઉપયોગી શબ્દો ''મુજે ભૂલના પર નેત્રયજ્ઞ મત ભૂલના'' ને અક્ષરસઃ સાર્થક કરતી આંખની હોસ્પિટલ 'પૂ. શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ' રાજકોટ દ્વારા હાલમાં દરરોજ અંદાજે ૩૦૦ થી પણ વધુ મોતીયાના ઓપરેશનો વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. સૌરાષ્ટ્રના ગામેગામથી લોકો મોતીયાના ઓપરેશન કરાવવા માટે આ હોસ્પિટલનો લાભ લે છે. પૂ. રણછોડદાસજીબાપુ આશ્રમ, કુવાડવા રોડ, રાજકોટ ખાતે આવેલ હોસ્પિટલમાં મોતીયાનું ઓપરેશન કરાવનાર દર્દીને અંદાજે ૨૦ હજાર રૂપિયાની કિંમતનો નેત્રમણી, રહેવાની સગવડ, ધાબળો, બે કિલો ચોખા, એક કિલો ઘઉંનો લોટ, ભોજન, ચોખ્ખા ઘીનો શીરો, પ્રસાદીરૂપે બુંદી, દક્ષિણા, જરૂરી દવાઓ, આંખના ટીપા, કાળા ચશ્મા સહિતની વસ્તુઓ વિનામૂલ્યે આપવામાં આવતી હોવાનું સંસ્થાના ટ્રસ્ટી શ્રી રાજુભાઈ પોબારૂએ જણાવ્યું હતું. પૂ. શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ, રાજકોટની સામેની બાજુ કુવાડવા મેઈન રોડ ટચ આશ્રમની વિશાળ જગ્યામાં આંખની નવી અદ્યતન હોસ્પિટલ આકાર લઈ રહી છે. અકિલા પરિવારના મોભી, સમાજશ્રેષ્ઠી શ્રી કિરીટભાઈ ગણાત્રાના સીધા માર્ગદર્શન અને વડપણ હેઠળ અંદાજે સો કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલ અત્યાધુનિક હોસ્પિટલનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. નવનિર્મિત ૯ માળની હોસ્પિટલ કદાચ એશિયાની સર્વપ્રથમ હોસ્પિટલ હશે કે જયાં અલ્ટ્રામોડર્ન ટેકનોલોજી સાથે આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે પૂ. ગુરૂદેવના આશીર્વાદ સાથે આંખને લગતી તમામ સારવાર એક જ સ્થળે નિષ્ણાંત તબીબો દ્વારા કરવામાં આવશે. આંખની સારવારના આ અજોડ સેવાયજ્ઞમાં સદ્ગુરૂ સદન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઈ વસાણી, ટ્રસ્ટીઓ શ્રી રાજુભાઈ પોબારૂ, ડો. નિશાંતભાઈ ચોટાઈ, ડો. ચેતનભાઈ હિન્ડોચા, નરેન્દ્રભાઈ નથવાણી, પરેશભાઈ ભગત (મુંબઈ) તથા નવનિર્મિત હોસ્પિટલના કો-ઓર્ડીનેટર અને કાયદેઆઝમ ડો. પરષોતમભાઈ પીપરીયા સતત કાર્યરત છે.

આ અનોખા, અજોડ, અસામાન્ય, સમાજોપયોગી સેવાયજ્ઞથી અભિભૂત થઈને રાજકોટની ખ્યાતનામ રોલેક્ષ રીંગ્સ લિમિટેડ કંપનીના શ્રી મનેષભાઈ દયાશંકરભાઈ માદેકાએ પૂ. શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ આંખની હોસ્પિટલને માતબર રકમનું દાન આપ્યું છે. દાનની રકમ અર્પણ કરતા શ્રી મનેષભાઈ માદેકાએ વિનમ્રતાપૂર્વક જણાવ્યું હતું કે ''અમારા સમગ્ર પરિવારના અહોભાગ્ય છે કે અમોને પૂ. ગુરૂદેવના આશીર્વાદ સાથે સમાજ સેવા કરવાનો અનન્ય લાભ મળ્યો, સમગ્ર માદેકા પરિવાર અકિલા પરિવારના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રાનો તથા તમામ ટ્રસ્ટીઓનો સદાય ઋણી રહેશે.''


★ પૂ. ગુરૂદેવના શબ્દો ''મુજે ભૂલના પર નેત્રયજ્ઞ મત ભૂલના'' ને અક્ષરસઃ સાર્થક કરતી પૂ. શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલમાં રોજ ૩૦૦ જેટલા મોતીયાના ઓપરેશનો વિનામૂલ્યે કરવામાં આવે છે

★ નવનિર્મિત ૯ માળની હોસ્પિટલ એશિયાની સર્વપ્રથમ હોસ્પિટલ હશે કે જયાં અલ્ટ્રામોડર્ન ટેકનોલોજી સાથે આંખને લગતી તમામ સારવાર એક જ સ્થળે ઉપલબ્ધ બનશે

★ આંખની સારવારના અજોડ સેવાયજ્ઞમાં શ્રી કિરીટભાઇ ગણાત્રાના વડપણ હેઠળ સદ્ગુરૂ સદન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પ્રવિણભાઇ વસાણી, રાજુભાઇ પોબારૂ, ડો. નિશાંતભાઇ ચોટાઇ, ડો. ચેતનભાઇ હિન્ડોચા, નરેન્દ્રભાઇ નથવાણી, પરેશભાઇ ભગત (મુંબઇ) તથા નવનિર્મિત હોસ્પિટલના કો-ઓર્ડીનેટર ડો. પરષોતમભાઇ પીપરીયા સતત કાર્યરત

રોલેક્ષ રીંગસના મનેષભાઇ માદેકા

## લેથ મશીનની કામગીરીથી વિશાળ લિમિટેડ કંપની સુધીની ચાર દાયકાની સફરઃ ૯૦ દેશોમાં એકસપોર્ટ-૩ હજારનો સ્ટાફ



'સંપ ત્યાં જંપ' કહેવત અનુસાર સાત ભાઈઓનો પરિવાર ધરાવતા શ્રી મનેષભાઈ દયાશંકરભાઈ માદેકા અંદાજે ૪૦ વર્ષો પહેલા બિહારથી રાજકોટ આવેલા અને લેથ મશીન ઉપર કામ શરૂ કર્યુ હતું. રાજકોટના મકકમ ચોક, ગોંડલ રોડ ખાતે બોલ બેરીંગની નાની દુકન પણ શરૂ કરી હતી. વ્યવસાયઅર્થે જુનાગઢ-સુરેન્દ્રનગર જીલ્લાના વિવિધ સ્થળોએ સ્કૂટર લઈને પણ સતત પ્રવાસ કર્યો હતો.

અથાગ-સતત પ્રયત્નો સાથે માદેકા પરિવારના સૌથી મોટાભાઈ રૂપેશભાઈ સહિતના તમામ ભાઈઓની સહિયારી મહેનતના ફળસ્વરૂપ રાજકોટના કોઠારીયા વિસ્તારમાં રોલેક્ષ રીંગ્સ લીમીટેડ કંપનીની સ્થાપના કરી. ત્રણ હજાર કર્મચારીઓના સ્ટાફને દરરોજ ભોજન સાથે યુરોપીયન દેશો સહિત ૯૦ જેટલા દેશોમાં રીંગ્સ-બેરીંગ એકસપોર્ટ કરતી રોલેક્ષ રીંગ્સ લિમિટેડ કંપનીએ સમગ્ર વિશ્વમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. પ્રખ્યાત કંપનીઓ ટેસ્લા, મર્સીડીસ, બી. એમ. ડબલ્યુ. વિગેરેમાં પોતાની પ્રોડકટસ સપ્લાય કરી રહ્યા છે. શ્રી મનેષભાઈના પિતાશ્રી અને માયાળું-સેવાભાવી સ્વભાવ ધરાવતા દયાશંકરભાઈએ બિહારમાં કોલસાની ખાણમાં પણ વ્યવસાય અર્થે કાર્ય કર્યુ હતું. હાલમાં માદેકા પરિવારના તમામ ભાઈઓ અને તેમના સંતાનો પણ (એક સાથે ત્રણ પેઢી) રોલેક્ષ રીંગ્સ લી.ના સંયુકત બિઝનેસમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે.

રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ અને શ્રી સદ્ગુરૂ સદન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી રાજુભાઈ પોબારૂ અને શ્રી મનેષભાઈ માદેકાની વર્ષો જૂની મિત્રતા 'આંખની સારવાર સેવાયજ્ઞ' માં નિમિત બની હતી.

થોડા સમય પહેલા એક સામાજીક-સેવાકીય સમારોહમાં શ્રી મનેષભાઈ માદેકા અને શ્રી રાજુભાઈ પોબારૂ મળ્યા હતા અને ત્યાં રાજુભાઈ પોબારૂએ પૂ. શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ આંખની અદ્યતન હોસ્પિટલ વિશે મનેષભાઈને વાત કરી હતી. બંનેની મિત્રતાના રંગરૂપે તૂરત જ શ્રી મનેષભાઈએ સમાજસેવા કરવાની અનન્ય તક ઝડપી લીધી હતી. (પ-૧૧)

રાજુભાઇ પોબારૂ સાથેની વર્ષો જુની મિત્રતા રંગ લાવીઃ 'આંખની સારવાર સેવાયજ્ઞ' માં પૂ.ગુરૂદેવે નિમિત્ત બનાવ્યા

સત્ય અને મૂલ્ય નિષ્ઠાના ભેખધારી રત્નાબાપાને શ્રધ્ધાંજલી અર્પતા રાજુભાઇ ધ્રુવ

## રત્નાબાપાએ તત્કાલીન સરકાર સામે સત્યાગ્રહ કરી ખેડૂતો પર લાદેલ કર નાબૂદ કરાવ્યો હતો

રાજકોટ, તા. ૧૪ : સૌરાષ્ટ્રની ધરા પરથી શતાયુ ઉમર પાર કરી ચૂકેલા પ્રખર રાષ્ટ્રવાદી મૂલ્યનિષ્ઠ રાજનીતિજ્ઞ, વયોવૃદ્ધ ભાજપ અગ્રણી,ખેડૂતોના મસિહા પૂર્વ ધારાસભ્ય એવા રત્નાભાઈ મનજીભાઈ ઠુંમરનું ૧૦૪ વર્ષની ઉંમરે દેહાવસાન થતાં ભારતિય જનતા પાર્ટીના અગ્રણી રાજુભાઈ ધ્રુવે ભાવાંજલિ અર્પણ કરતાં જણાવ્યુ હતું કે સૌરાષ્ટ્ર પ્રદેશે એક સનિષ્ઠ સત્યવાદી રાજનેતાની છત્રછાયા ગુમાવી છે,

અત્રે ઉલ્લેખનીય છે કે સોરઠ-સૌરાષ્ટ્ર પ્રદેશમાં વસવાટ કરતા મૂલ્ય નિષ્ઠ રાજનીતિજ્ઞોમાં પૈકી ના જૂની પેઢી ના આગેવાનો માંહે ના એક એવા શ્રી રત્નાબાપાએ લોકકલ્યાણ અર્થે જીવન પર્યંત સેવા ની ધૂણી ધખાવી હતી. હતી, સૌરાષ્ટ્ર ખેડૂત સમાજ નાં હૃદય સમ્રાટ રત્ના બાપા ઠુમરે સોરઠમાં ખેડૂતો પર અગાઉની સરકારોએ લાદેલી લેવી પ્રથા એટલે કે લેવીકરને નાબૂદ કરવા માટે લોકલડત ને અંજામ આપ્યો હતો અને ખેડુતો પર લડાયેલ લેવિકર નાબૂદ કરાવ્યો હતો. આવી જ એક લડત ઘરખેડ કાનૂન અંતર્ગત ઢેબરભાઈ ની સરકારના સમયે ખેડે તેની જમીન કાનૂનનો સખ્તાઈ થી અમલ કરાવી હજારો ખેડૂતોને ખાતેદાર બનાવ્યા એ રત્નાભાઈ ઠુંમર નું જમાપાસું રહ્યું છે.

પ્રખર રાષ્ટ્રવાદી, સત્યનિષ્ઠ રત્નાભાઈ ઠુંમર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ના પ્રીતિપાત્ર અંગત વર્તુળ પૈકીના વ્યક્તિ વિશેષ રહ્યા છે. રત્નાભાઈ ઠુમરે સરકારની તિજોરીમાંથી ક્યારેય એક પણ પૈસાનો ભથ્થાનો સ્વીકાર કર્યો નથી,ધારાસભ્ય પદે પોતાના કાર્યકાળ દરમિયાન તેઓએ સામાન્ય એસટી બસમાં જ ગાંધીનગર ખાતે જવા આવવાની નેમ રાખી હતી. આ જ રીતે રત્નાભાઈએ પોતાના માતૃશ્રી જીવીબા ના સ્મરણ અર્થે પોતાની પાસે એક અલગ આવકનો સોર્સ જાળવાઈ રહે તે માટે જમીન રાખી તેમાંથી ઉત્પાદિત ખેત ઉત્પાદનમાંથી થતી આવક ગામની વિધવા ત્યકતા બહેનોના કલ્યાણ અર્થે, ગરીબ બાળકોના શિક્ષણ અર્થે, ગામની ગૌશાળા ના દાન માટે, અને જરૂરીયાત મંદ પરિવારોને અન્ન વિતરણ થઈ શકે તે દિશામાં સત્કાર્ય કરતા રહ્યા છે. જ્યારે કોરોના



ના મહા ભયંકર કપરા સમયે તેઓએ પ્રધાનમંત્રીની હાકલને સાંભળીને કોરોના કાળે પ્રધાનમંત્રીના ફંડમાં પોતાના અલ્પ જીવન સર્વસ્વ માંથી એકાવન હજાર રૂપિયાની નિધિ અર્પણ કરી હતી. ભગવાન શ્રીરામના નીજ મંદિર ના નિર્માણ અર્થે ૨૫૦૦૦ રૂપિયાનું અનુદાન જોડયુ હતું.તો સૈનિક વેલ્ફેર કલ્યાણ ફંડમાં દિવંગત સૈનિકોના સ્મરણાર્થે પોતે ૫૧૦૦૦ની નિધિ લખાવીને સત્કાર્યમાં પોતાનો હિસ્સો જોડયો હતો.

જીવનની છેલ્લી પળો દરમ્યાન તેમનાં શબ્દો હતા દેશનું ભલું થાય તેવા કાર્યો કરજો, રાષ્ટ્ર હિત હૈયે રાખજો, આવી વાત કરી જીવન લીલા સંકેલી હતી, તેમના ચીરકાલીન કાર્યો આ સમાજને નવો રાહ ચિંધતા રહેશે અને તેમના પથ પર ચાલવા આજના યુવાનોને નવી પ્રેરણા મળતી રહેશે. ભગવાન દિવંગત રત્નબાપા ઠુંમરના આત્માને ચિર ગતી પ્રદાન કરે એવી પ્રાર્થના કરી રાજુભાઈ ધ્રુવે દિવંગત રત્ના બાપા નાં દિવ્ય આત્માને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. (૯.૧૯)

# વેદાંત હોસ્પિટલમાં ન્યુરો સર્જીકલ વિભાગનો પ્રારંભ

જાણીતા બ્રેઇન - સ્પાઇન સર્જન ડો. સિધ્ધાર્થ જોશીની સેવા : વેદાંત હોસ્પિટલમાં તબીબી સુવિધામાં વધારો થતાં દર્દીઓને લાભ


રાજકોટ તા. ૧૪ : શહેરની જાણીતી મોટી ટાંકી ચોકમાં આવેલ વેદાંત મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ તેની તબીબી સેવાથી ખૂબ જાણીતી છે. વેદાંત મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં અનેક તબીબી સેવા ઉપલબ્ધ છે. તેમાં ન્યુરો સર્જીકલ વિભાગનો ઉમેરો થયો છે. વેદાંત મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં એઈમ્સ દિલ્હીમાંથી તબીબી શિક્ષણ મેળવીને બહોળો અનુભવ ધરાવતા કન્સલ્ટન્ટ, બ્રેઈન અને સ્પાઈન સર્જન ડો. સિધ્ધાર્થ જોશીની સેવા ઉપલબ્ધ બની છે.

વેદાંત મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં લેવલ થ્રી આઈસીયુ, સીટી સ્કેન, એમઆરઆઈ, એક્સ-રે, સોનોગ્રાફી તેમજ ટુડી ઈકો, કલર ડોપલર, રેડિયોલોજી, પેથોલોજીકલ વિભાગ, ડાયાલિસીસ વિભાગ, સુપર સ્પેશ્યલ જનરલ રૂમ, ઈમ્બ્યુલન્સની સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે.

સૌરાષ્ટ્રની નામાંકિત વેદાંત હોસ્પિટલ મોટી ટાંકી ચોક, રાજકોટ જે તબીબી ક્ષેત્રે અતિ આધુનિક સાધનો ધરાવતી અને નિષ્ણાંત ડોક્ટરોની વિશાળ ટીમ ધરાવતી હોસ્પિટલ છે. વેદાંત હોસ્પિટલ સૌરાષ્ટ્ર - કચ્છના લોકોની ઉપર આર્થિક રીતે ભાર ન આવે અને આધુનિક સાધનો એમઆરઆઈ, સીટી સ્કેન, એકસ-રે, સોનોગ્રાફી, એન્ડોસ્કોપ (દૂરબીન), ટુડી ઈકો જેવા તમામ સાધનો ધરાવે છે.

વેદાંત હોસ્પિટલ પોતાની ઓળખમાં વધુ એક સફળ વિભાગની શરૂઆત કરવા જઈ રહ્યું છે. ન્યુરો સર્જીકલ વિભાગ કે જેમાં ડો. સિધ્ધાર્થ બી. જોશી ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન પોતાની સેવા આપશે. તેઓ એ અભ્યાસ એમબીબીએસ સી.યુ.શાહ મેડિકલ કોલેજથી કરેલ છે. જનરલ સર્જરી જી.જી.હોસ્પિટલ જામનગરથી કરેલ છે. ન્યુરો સર્જરી એમસીએચ ભારતની પ્રખ્યાત એઈમ્સ દિલ્હીથી કરેલ છે. તેઓ મગજ, મણકા તથા કરોડરજ્જુના તમામ પ્રકારના રોગોના નિષ્ણાંત છે. મગજની તકલીફો જેવી કે મગજની ઈજા, મગજમાં હેમરેજ, પક્ષઘાત, મગજની ગાંઠ, મગજમાં પાણી ભરાવું, આંચકી આવવી, ચહેરા ઉપર અસહ્ય દુખાવો, માથાનો દુખાવો, મગજની નસોમાં સોજો અથવા મોરલી જેના નિષ્ણાંત છે. કરોડરજ્જુની તકલીફ કરોડરજ્જુની ઈજા અથવા ગાંઠ, મણકાનો ઘસારો, ગાદી ખસી જવી, કમરનો દુખાવો, હાથ પગની નસોના દુખાવો, જન્મજાત કરોડરજ્જુની બીમારી હોવી વગેરે રોગોના તેઓ નિષ્ણાંત છે.

તેઓ વેદાંત હોસ્પિટલ ખાતે ઉપરના તમામ રોગોનું નિદાન - સારવાર માટે ૨૪×૭ ઉપલબ્ધ રહેશે. સૌરાષ્ટ્ર - કચ્છની જનતા વેદાંત હોસ્પિટલની આ સેવાનો લાભ લઈ શકશે.(૨૧.૨૩)



*રાજકોટ : અકિલાના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રા સાથે બ્રેઈન અને સ્પાઈન સર્જન ડો. સિધ્ધાર્થ જોશી અને વેદાંત હોસ્પિટલના એડમીન હેડ ડો. અનવર કોઠીયા નજરે પડે છે. (તસ્વીર : અશોક બગથરીયા)*

EDITORIAL

**અકિલા** તંત્રી સ્થાનેથી....

૧૪-૫-૨૦૨૪: મંગળવાર

# સત્તાનો અપચોઃ ગુજરાત ગરમ

## પોતાના પક્ષ ઉપર કાબૂ રાખી શકતો નથી, ગુજરાત પર કાબૂ કેળવવો તો દૂરની વાત ગણાય...

ગરમી બેફામ બની ગઈ છે. આટલા તાપમાં ખાવા-પીવામાં ખૂબ કાળજી રાખવી જરૂરી છે. પાચન તંત્ર નબળું પડી જતું હોય છે. અપચાના કારણે અનેક સમસ્યાઓ સર્જાતી હોય છે. જો કે તીવ્રત્તમ તાપમાં ગુજરાતમાં સૌથી અઘરો અપચો ભાજપને થયો છે.

ભાજપીઓની પાચનશકિત કરતા વધારે સત્તા મળી ગઇ છે. આને સત્તાનો અપચો કહેવાય, જેનો ઈલાજ મુશ્કેલ હોય છે. આ માટે હવે સર્જરી કરવી અનિવાર્ય બનશે.

ગુજરાતીઓએ ધારાસભાની ચૂંટણીમાં ઐતિહાસિક બહુમતી આપી છતાં ગુજરાતના ભાજપીઓએ લોકોના દિલ જીતીને પક્ષને વધારે મજબૂત કરવાને બદલે મજબૂતીના ટૂંકા માર્ગ અપનાવ્યા. હોજરીની ક્ષમતા કરતા વધારે ઓહિયા થઈ ગયું.

લોકસભાની ચૂંટણી પૂર્વેથી આંતરિક ધુંધવાટ હતો. ઈફકોની ચૂંટણી બાદ પક્ષની આંતરિક બઘડાટી સપાટી પર આવી ગઈ. હવે ક્રિભકોની ચૂંટણી ૨૧ મીએ આવી રહી છે. ત્યારે પણ નવાજૂની થવાની ચર્ચા છે. ભાજપના નેતાઓ અંદરો-અંદર ઢીસુમ-ઢીસુમ કરીને ગુજરાતને મનોરંજન પૂરું પાડી રહ્યા છે.

સૌરાષ્ટ્રમાં અમરેલીનું રાજકારણ સૌથી અઘરું ગણાતું હતું. આ વિસ્તારના નેતાને રાજકોટમાં ટિકિટ આપ્યા બાદ અઘરું રાજકારણ સૌરાષ્ટ્રભરમાં ફેલાઈ ગયું. આ માહોલ હવે પ્રદેશકક્ષાએ પણ અઘરો થઈ ગયો છે.

લોકોના કલ્યાણ માટે લડવાને બદલે ભાજપીઓ અંગત સ્વાર્થ માટે અંદરો-અંદર લડી રહ્યા છે. લાંબા સમયથી બઘડાટી ચાલે છે, છતાં રાષ્ટ્રીયસ્તરેથી કોઈ હલચલ દેખાતી નથી. આ બાબત ગુજરાત માટે ચિંતાજનક છે.

ભાજપમાં કોઈ નેતા ચૂંકેચાં કરી શકતા ન હતા, નબળી નેતાગીરીના કારણે અમરેલી, માણાવદર, જામનગર, કચ્છ અને ગુજરાતના ઘણાં વિસ્તારોમાં ભાજપ સામે ભાજપીઓ જ પડકાર બનીને સામે આવી ગયા છે. પક્ષમાં અંધાધૂંધીનો માહોલ સર્જાઇ ગયો છે. પક્ષના પ્રદેશ મોભીઓ લાચાર બનીને જોયા કરે છે. પ્રચંડ બહુમતી છતાં કોંગ્રેસને તોડીને ટિકિટ આપી દેવાની પ્રવૃત્તિ, લાયકાતને બદલે સેટિંગ પ્રમાણે હોદા ફાળવવાની પ્રવૃત્તિ, લોકોના કામ કરવાને બદલે લોકોને મામા બનાવીને મત ખંખેરવાની વૃત્તિ નડી રહી છે.

પક્ષમાં વર્ષોથી મહેનત કરનારાને તડકે મૂકીને કોંગ્રેસમાંથી આવેલા સામે ભાજપ મોભીઓ મુજરા કરતા રહ્યા. દબાવેલી સ્પ્રિંગ હવે છટકી છે. ગજબ બાબત તો એ છે કે, ઐતિહાસિક બહુમતી ધરાવતી ગુજરાત સરકાર પોતાની પાસે કોઈ પાવર જ ન હોય તેમ દર્શક બનીને બધું જોયા કરે છે.

રાષ્ટ્રીય મોવડીઓએ ગુજરાતમાં પક્ષને હાસ્યાસ્પદ બનતો અટકાવવા નિર્ણાયક સર્જરી કરવી પડશે. લોકોના ગુસ્સાની સ્પ્રિંગ છટકશે તો...(૫-૨)

# ટાટા મોટર્સમાં રોકાણકારોએ ૧ દિવસમાં ગુમાવ્યા ૩૦,૦૦૦ કરોડ રૂપિયા

## સપ્તાહના પ્રથમ દિવસે શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો : શેર ૮ ટકા ઘટીને રૂા. ૯૫૯.૭૫ પર બંધ થયો હતો



નવી દિલ્હી તા. ૧૪ : સોમવારે ટાટા મોટર્સના શેરમાં ૮ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. કંપનીના જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામો રોકાણકારોની અપેક્ષાઓ પર ખરા ઉતર્યા ન હોવાથી તેના શેરમાં ઘટાડો થયો છે. BSE પર કંપનીનો શેર ૮.૩૨ ટકા ઘટીને રૂ. ૯૫૯.૮૦ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન તે ૯.૪૪ ટકા ઘટીને રૂ. ૯૪૮ થયો હતો. NSE પર તે ૮.૩૩ ટકા ઘટીને રૂ. ૯૫૯.૪૦ પ્રતિ શેર થયો હતો. કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૨૯,૦૧૬.૨૩ કરોડ ઘટીને રૂ. ૩,૧૯,૦૧૨.૪૭ કરોડ થયું હતું.

BSE સેન્સેક્સ અને NSE નિફ્ટીમાં લિસ્ટેડ કંપનીઓમાં ટાટા મોટર્સના શેરને સૌથી વધુ નુકસાન થયું છે. સ્થાનિક શેરબજારો પ્રારંભિક ઘટાડામાંથી પુનઃપ્રાપ્ત થયા અને સોમવારે નફા સાથે બંધ થયા. બીએસઈનો ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૧૧.૬૬ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકાના વધારા સાથે ૭૨,૭૭૬.૧૩ પોઈન્ટ પર બંધ થયા છે. નેશનલ સ્ટોક એક્સચેન્જનો ઈન્ડેક્સ નિફ્ટી પણ ૪૮.૮૫ પોઈન્ટ અથવા ૦.૨૨ ટકાના વધારા સાથે ૨૨,૧૦૪.૦૫ પોઈન્ટ પર બંધ થયો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ચોથા ક્વાર્ટરમાં ટાટા મોટર્સનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ત્રણ ગણાથી વધુ વધીને રૂ. ૧૭,૫૨૮.૫૯ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના ચોથા ક્વાર્ટર (જાન્યુઆરી-માર્ચ)માં કંપનીનો ચોખ્ખો નફો ૫,૪૯૬.૦૪ કરોડ રૂપિયા હતો. ટાટા મોટર્સે શુક્રવારે શેરબજારને આપેલી માહિતીમાં જણાવ્યું હતું કે સમીક્ષા હેઠળના ક્વાર્ટરમાં કંપનીની ઓપરેટિંગ આવક રૂ. ૧,૧૯,૯૮૬.૩૧ કરોડ રહી હતી.

જયારે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં તે રૂ. ૧,૦૫,૯૩૨.૩૫ કરોડ હતી. કંપનીના જણાવ્યા અનુસાર, ત્રણેય ઓટોમોટિવ બિઝનેસે ચોથા ક્વાર્ટરમાં મજબૂત પ્રદર્શન કર્યું હતું. કંપનીના બ્રિટિશ યુનિટ જગુઆર લેન્ડ રોવરે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ચોથા ક્વાર્ટરમાં ફરી એકવાર રેકોર્ડ પ્રદર્શન કર્યું છે. આ ક્વાર્ટરમાં આવક ૭.૯ બિલિયન પાઉન્ડ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના ચોથા ક્વાર્ટર કરતાં ૧૧ ટકા વધુ છે.

સર્વેન્દ્ર શ્રીવાસ્તવે સીએનબીસી આવાઝ શોમાં જણાવ્યું કે હાલમાં શેરનો ટ્રેન્ડ બદલાતો હોય તેવું લાગતું નથી. જો આખા સપ્તાહ દરમિયાન સ્ટોક ઘટશે તો તે વધુ ઘટી શકે છે. જોકે, હાલમાં એવું લાગતું નથી. જો કોઈ હાલમાં શેર ધરાવે છે તો તેને ઉપલા સ્તરે નફો બુક કરવાની સલાહ આપવામાં આવે છે.

વિદેશી બ્રોકરેજ ફર્મ UBSએ આ સ્ટોક પર સેલ રેટિંગ આપ્યું છે. બ્રોકરેજ ફર્મે આ રેટિંગ પાછળ ત્રણ કારણો આપ્યા છે. પ્રથમ, જગુઆર લેન્ડ રોવરના નબળા ઉત્પાદન મિશ્રણને કારણે માર્જિનનું જોખમ વધ્યું છે. હાઈબ્રિડ વાહનોના વધતા જોખમને કારણે, પેસેન્જર વાહનો અને ઈલેક્ટ્રિક વાહનોના વ્યવસાયના બજાર હિસ્સામાં ઘટાડો થયો છે.(૨૧.૬)

# શાક માર્કેટમાં લાલ ટમેટાને જોઇ ગુસ્સે થયેલી મહિલાનો ફોટો થયો વાયરલ

## સોશિયલ મીડિયા પર વાયરલ મહિલાના આ પ્રકારે આપેલા રિએક્શન પર હજારો લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે



નવી દિલ્હી તા. ૧૪ : સોશિયલ મીડિયા પર આજે કોઈ પણ ફોટો કે વીડિયોને વાયરલ થવામાં વધારે સમય નથી લાગતો. ત્યારે બેંગ્લોરૂના શાકભાજી માર્કેટમાં એક મહિલાનો ફોટો ઈન્ટરનેટ પર ઘણી હેડલાઈન્સ બનાવી રહ્યો છે. મહિલાની આ પ્રતિક્રિયાએ હજારો લોકનું ધ્યાન પોતાની તરફ ખેચ્યું છે. આ ફોટોને જોઈને લોકો પોત-પોતાના અંદાજો લગાવી રહ્યા છે. કોઈ મહિલાની સરખામણી કંપનીના મેનેજર સાથે કરી રહ્યું છે. એવું કહેવાઈ રહ્યું છે કે જાણે કોઈએ મહિલાને નોકરી માટે પૂછ્યું હોય. તો કોઈ કહી રહ્યો છે કે, આ ફોટો જોયા પછી કોઈની પણ ઊંઘ ઉડી જાય.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા ફોટામાં મહિલાના હાવભાવે લોકોનું ધ્યાન પોતાની તરફ દોર્યું હતું. લોકોના મતે, સ્થાનિક શાકમાર્કેટમાં વિચિત્ર હાવભાવ સાથેના ફોટો સામાન્ય ફોટો નથી લાગી રહ્યો. લોકો આ ફોટોને એટલો ફની ગણી રહ્યા છે અને પૂછી રહ્યા છે કે કેવી રીતે કોઈનું ધ્યાન આ ફોટા તરફ નથી જઈ રહ્યું?

ઈન્ટરનેટ પર પોસ્ટ કરેલા આ ફોટો થોડા જ કલાકોમાં વાયરલ થઈ ગયો હતો. એક સોશિયલ મીડિયા યુઝરના જણાવ્યા મુજબ, આ ફોટ બેંગલુરુના એક શાકભાજીની દુકાનમાં એક મહિલાનો ફોટો લટકી રહ્યો છે. ફોટામાં જે મહિલાની આંખો ખુલ્લી છે તેને જોઈને લાગે છે કે મહિલા કાં તો ગુસ્સામાં છે અથવા તો આશ્ચર્યચકિત છે.

મહિલાના ફોટા પર લોકો વિવિધ કોમેન્ટ કરી રહ્યા છે. ફોટો જોઈને કોઈ કહી રહ્યું છે. લાલ ટામેટાં જોઈને મહિલા પણ ગુસ્સામાં લાલ થઈ રહી છે. કોઈ કહે છે કે, જાણે કોઈ મહિલા મેનેજર પાસે નોકરી કે પ્રમોશન માંગવા માટે આવ્યું હોય તે રીતે તેથી તેને ગુસ્સો આવ્યો હોય. તો બીજા યુઝરો કહ્યું કે, આ ફોટો જોયા પછી કોઈને કેવી રીતે ઊંઘ આવી શકે છે? તો હજુ એક યુઝરે મજાકમાં ઉમેર્યું કે, ફોટો જોયા પછી હવે ઉંઘ ન આવવાને કારણે હું ડોકટર પાસે જઈ રહ્યો છું.(૨૧.૬)

## આવતીકાલનું પંચાંગ

॥ ૐ ॥ વિક્રમ સંવત-૨૦૮૦
વીર સંવત ૨૫૫૦
શાલિવહન શક-૧૯૪૬
ઇસ્વીસન-૨૦૨૪
તા.૧૫-૫-૨૦૨૪ બુધવાર
વૈશાખ સુદ-૮
દુર્ગાષ્ટમી - બુધાષ્ટામ
અષ્ટમી વૃદ્ધિ તિથી છે
વ્યતિપાત મહાપાત ૯-૧૯ સુધી
ભદ્રા ૧૩-૫૧ સુધી

આજના ગ્રહો
સૂર્ય-વૃષભ
ચંદ્ર-કર્ક
મંગળ-મીન
બુધ-મેષ
ગુરૂ-વૃષભ
શુક્ર-મેષ
શનિ-કુંભ
રાહુ-મીન
કેતુ-કન્યા
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-મીન
પ્લુટો-મકર



કુમારભાઇ ગાંધી
મોબાઇલ
૯૩૭૪૮ ૧૬૯૭૭
કન્સલ્ટીંગ
એસ્ટ્રોલોજીસ્ટ

**સૂર્યોદય-૬-૦૯**
**સૂર્યાસ્ત-૭-૧૭**
**જૈન નવકારશી- ૬-૫૭**
**ચંદ્ર રાશિ- કર્ક (ડ. હ.)**
**૧૫-૨૫ થી સિંહ (મ.ટ.)**
**નક્ષત્ર-આશ્લેષા**
**રાહુ કાળઃ**
**૧૨-૪૩ થી ૧૪-૨૨ સુધી**

**માંગલિક કાર્યોનો શુભ સમય**

૬-૦૯ થી લાભ-અમૃત ૯-૨૬ સુધી
૧૧-૦૫ થી શુભ ૧૨-૪૩ સુધી
૧૬-૦૧ સુધી ચલ-લાભ ૧૯-૧૮ સુધી ૨૦-૪૦ થી શુભ-અમૃત -ચલ ૨૪-૪૩ સુધી

**શુભ હોરા**

૬-૦૯ થી ૮-૨૦ સુધી,
૯-૨૬ થી ૧૦-૩૨ સુધી,
૧૨-૪૩ થી ૧૬-૦૧ સુધી
૧૭-૦૭ થી ૧૮-૧૩ સુધી

**બ્રહ્માંડના સિતારા**

આવક નું પ્રમાણ વધારવા માટે શું કરવું જોઈએ અહીં વ્યકિતએ પોતાના નોકરી ધંધામાં એકાગ્રત કેળવવી જોઈએ. રોજ સવારે પોતાના ઈષ્ટદેવના જાપ કરવા ગ્રાહકો પોતાના પરિવારના સભ્યો છે. તેમ સમજવા - આળસવૃતિ ટાળવી પોતાના નોકરી ધંધામાં ચોકકસ સમયનો ઉપયોગ કરવો જોઈએ ઈશ્વરને પ્રાર્થના કરવી જરૂરીયાત વાળા વ્યકિતને મદદ કરવી લોકોને તમારા કાર્યથી સંતોષ થવો જોઈએ પક્ષીને ચણ નાખવું રોજ સવારે ગાયત્રી મંત્રના જાપ કરવા, ઓમ નમઃ શિવાયના જાપ પણ થઈ શકે. કોઈને છેતરવાની કોશીષ ન કરવી.(૫-૩)

## ચૂંટણી પ્રચારની વ્યસ્તતા વચ્ચે સોમવારે રાહુલ ગાંધી વાળંદની દુકાને પહોંચ્યા : તસ્વીરો જારી

# રાહુલ ગાંધીએ બાર્બર શોપ પર દાઢી સેટ કરાવી



નવી દિલ્હી તા. ૧૪ : દેશના ૧૦ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૬ બેઠકો પર ચોથા તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. હવે પાંચમા તબક્કાનું મતદાન ૨૦ મેના રોજ થશે. આ તબક્કામાં યુપીની રાયબરેલી અને અમેઠી બેઠકો પર પણ મતદાન થશે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે અને જોરદાર પ્રચાર કરી રહ્યા છે. ચૂંટણી પ્રચારની વ્યસ્તતા વચ્ચે સોમવારે રાહુલ ગાંધી વાળંદની દુકાને પહોંચ્યા અને દાઢી કરાવી. આ દરમ્યાનની તેમની તસવીરો પણ સામે આવી છે અને તે ઝડપથી વાયરલ થઈ રહી છે.

કોંગ્રેસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર રાહુલ ગાંધીની ત્રણ તસવીરો શેર કરી છે. બે તસવીરોમાં કોંગ્રેસના નેતા દાઢી રાખતા જોવા મળી રહ્યા છે. જયારે અન્ય એક તસવીરમાં તે દુકાનમાં કામ કરતા યુવક સાથે જોવા મળે છે. કોંગ્રેસે તસવીરો શેર કરીને ચૂંટણીનો સંદેશ આપ્યો છે. તેમાં લખવામાં આવ્યું છે કે, ચૂંટણીની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે, પરંતુ વાળ કાપવા પણ જરૂરી છે. અમે આવા કુશળ યુવાનોના અધિકારો માટે લડી રહ્યા છીએ. તેઓ દેશના વિકાસમાં પોતાનો હિસ્સો માંગી રહ્યા છે. આ પહેલીવાર નથી જયારે રાહુલ ગાંધી આ રીતે સામાન્ય લોકોમાં જોવા મળ્યા હોય. આ પહેલા પણ તેમની આવી ઘણી તસવીરો સામે આવી ચુકી છે.

ગયા વર્ષે રાહુલ ગાંધી જયારે આનંદ વિહાર રેલવે સ્ટેશન પહોંચ્યા ત્યારે તેમની અનોખી સ્ટાઈલ જોવા મળી હતી. તેમણે સ્ટેશન પર કામ કરતા કુલીઓ સાથે મુલાકાત કરી અને વાત કરી. આ દરમિયાન તે કુલીઓની જેમ લાલ શર્ટ પહેરેલા જોવા મળ્યા હતા. આ સાથે તેમના માથા પર બેગ પણ હતી.

એટલું જ નહીં, ભૂતકાળમાં રાહુલ ગાંધી ખેતરમાં ડાંગર રોપતા અને ટ્રેક્ટર ચલાવતા પણ જોવા મળ્યા હતા. ગયા વર્ષે જ તે અચાનક દિલ્હીના કરોલ બાગ માર્કેટમાં પહોંચી ગયા હતા. જયાં તેમણે બાઈક મિકેનિક સાથે વાત કરી. આ દરમિયાન તે બાઈકના નટ અને બોલ્ટને સ્ક્રુડ્રાઈવર વડે ફીટ કરતા જોવા મળ્યા હતા. રાહુલ ગાંધી આવા પ્રયાસો દ્વારા સતત પોતાની જાતને જનતા સાથે જોડતા જોવા મળી રહ્યા છે.(૨૧.૫)

## ઉચ્ચ મહેનતાણુ પેકેજ અને આરોગ્ય સંભાળ લાભો વિદેશમાં ઉપલબ્ધ છે

# દેશમાં નર્સોની ભારે અછત : ભારતીય નર્સો વિદેશમાં તકો શોધી રહી છે

## મોટાભાગની નર્સો મહિલાઓ છે પરંતુ હવે પુરૂષ નર્સોની સંખ્યા પણ વધી રહી છે



મુંબઈ તા. ૧૪ : ભારતમાં નર્સોની અછત છે, પરંતુ મોટી સંખ્યામાં પ્રશિક્ષિત નર્સો વિદેશમાં તકો શોધી રહી છે. NLB સર્વિસે પોતાના રિપોર્ટમાં આ વાત કહી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં કુશળ નર્સોની માંગ સતત વધી રહી છે, જે ૨૦૨૭ સુધીમાં ૧૭-૧૮ ટકા વધવાનો અંદાજ છે.

મોટાભાગની નર્સો મહિલાઓ છે, પરંતુ હવે પુરૂષ નર્સોની સંખ્યા પણ વધી રહી છે. દેશમાં દર ૧૦૦૦ વ્યક્તિએ ત્રણને બદલે બે નર્સો ઓછી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિદેશમાં ભારતીય નર્સોની માંગ સતત વધી રહી છે. છ-સાત વર્ષમાં તેમાં લગભગ ૧૦૦ ટકાનો વધારો થવાની ધારણા છે.

છેલ્લા ત્રણ વર્ષમાં વૈશ્વિક સ્તરે નર્સોની માંગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ભારતીય નર્સો વધેલા મહેનતાણાના પેકેજ, હેલ્થ કેર બેનિફિટ્સ, અનુકૂળ ફેમિલી વિઝા પ્રોગ્રામ અને અન્ય પ્રોત્સાહનોને કારણે વિદેશમાં કામ કરવા માંગે છે.(૨૧.૫)

## યુનેસ્કોએ નૈતિક અને માનવીય મૂલ્યો દર્શાવતા ભારતીય ગ્રંથોનું મહત્વ સ્વીકાર્યું

# ગોસ્વામી તુલસીદાસ લિખિત રામચરિત માનસ અને પંચતંત્રને યુનેસ્કોના 'મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટર'માં સ્થાન મળ્યું



નવી દિલ્હી તા. ૧૪ : ગોસ્વામી તુલસીદાસ લિખિત શ્રીરામ ચરિત માનસ અને પંડિત વિષ્ણુ શર્મા લિખિત પ્રસિદ્ધ પંચતંત્ર સાથે સહૃદયલોક-લોકનને યુનેસ્કોના મેમોરી ઓફ વર્લ્ડ રિજનલ રજિસ્ટરમાં સ્થાન મળ્યું છે. ૭ થી ૮ મે દરમિયાન મંગોલિયાની રાજધાની ઉલાનબાતારમાં યોજાયેલી એશિયા એન્ડ ધ પેસિફિકની મેમરીની ૧૦મી સામાન્ય સભામાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

દેશના પ્રખ્યાત અને પ્રાચીન હિંદુ ગ્રંથ શ્રી રામચરિતમાનસની સચિત્ર હસ્તપ્રતો અને પંચતંત્રની દંતકથાઓની ૧૫મી સદીની હસ્તપ્રત એશિયા-પેસિફિકની ૨૦ વસ્તુઓમાંથી ૨૦૨૪ની આવૃત્તિ માટે યુનેસ્કોના 'મેમરી ઓફ ધ વર્લ્ડ રિજનલ રજિસ્ટર'માં સામેલ છે. ગોસ્વામી તુલસીદાસના કાર્યો, રામ ચરિત માનસ અને પંચતંત્ર, તેમજ હરદયલોક લોકન, એ એવા મહાન કાર્યો છે જે માત્ર ભારતીય સમાજમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં નૈતિકતા, સંસ્કૃતિ, ભાઈચારાના માનવીય મૂલ્યોને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. અને સમગ્ર સમાજને આદર્શો અને પ્રેમના બંધન સાથે જોડવામાં મદદ કરે છે. હવે યુનેસ્કોએ પણ આ વાત સ્વીકારી લીધી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે તુલસીદાસના રામચરિતમાનસની સચિત્ર હસ્તપ્રતો, સહૃદયલોક-લોકનની હસ્તપ્રત: ભારતીય કવિતાનો મૂળભૂત લખાણ અને પંચતંત્રની દંતકથાઓની ૧૫મી સદીની હસ્તપ્રતનો યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૦મી સામાન્ય સભાનું આયોજન મોંગોલિયાના સંસ્કૃતિ મંત્રાલય, યુનેસ્કો માટેના મોંગોલિયન નેશનલ કમિશન અને બેંગકોકમાં યુનેસ્કો પ્રાદેશિક કાર્યાલય દ્વારા કરવામાં આવ્યું હતું, વિશ્વ સંસ્થાએ ૮ મેના રોજ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ વર્ષે MOWCAP પ્રાદેશિક રજિસ્ટર 'માનવ સંશોધન, નવીનતા અને કલ્પનાને પ્રકાશિત કરે છે,' તે જણાવે છે.

ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસના આર્ટ ફંડ વિભાગના ડીન (વહીવટ) અને વિભાગના વડા રમેશ ચંદ્ર ગૌર બેઠકમાં હાજર હતા. IGNCAના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ પગલું, 'મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટર'માં અમારા ગ્રંથોનો સમાવેશ એ ભારત માટે ગર્વની ક્ષણ છે, જે દેશના સમૃદ્ધ સાહિત્યિક વારસા અને સાંસ્કૃતિક વારસાની પુનઃ પુષ્ટિ કરે છે. તે વૈશ્વિક સાંસ્કૃતિક જાળવણીના પ્રયાસોમાં એક ડગલું આગળ ચિહ્નિત કરે છે જે વિવિધ વર્ણનોને ઓળખવા અને તેનું રક્ષણ કરવાના મહત્વને પ્રકાશિત કરે છે.(૨૧.૭)



**આજના શુભ દિવસે...**

વિનુભાઇ જગડા • ઈન્દુબેન જગડા
મો. ૯૮૭૯૫ ૭૯૩૪૧

વાંચો ઓછુ, અભ્યાસ ઓછો કરો, પણ વિચાર વધુ કરો, તમારા શિક્ષકો પાસેથી જે પુસ્તકો તમે વાંચો છો તેમાંથી, તમારે ખરેખર જેની જરૂર છે અને તમે ખરેખર જે જાણવા ઈચ્છો છો તેવી જ બાબતો શીખો

## હાલમાં સ્થિતિ તંગ : સતત ચોથા દિવસે પણ અથડામણ ચાલુ

# PoKમાં હોબાળાના કારણે પાકિસ્તાન સરકાર ઘૂંટણિયે : ૪ દિવસમાં ૨૩ અબજ રૂપિયાનું ફંડ જાહેર : ૩ના મોત અને ૧૦૦થી વધુને ઇજા

નવી દિલ્હી તા. ૧૪ : પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં વધતી જતી મોંઘવારી અંગે લોકોમાં ગુસ્સો ચરમસીમાએ છે. ત્યાંના હિંસક દેખાવોએ પાકિસ્તાન સરકારને ઘૂંટણિયે લાવી દીધી છે. શેહબાઝ શરીફ સરકારે પીઓકે માટે તાત્કાલિક અસરથી ૨૩ અબજ રૂપિયાનું બજેટ મંજૂર કર્યું છે. સ્થાનિક સરકારે વીજળીના દર અને બ્રેડના ભાવમાં પણ ઘટાડો કરવાની જાહેરાત કરી છે. પીઓકેમાં હાલમાં પણ સ્થિતિ તંગ છે. આ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન જોવા મળી રહ્યા છે. સતત ચોથા દિવસે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. મૃત્યુઆંક ત્રણ પર પહોંચ્યો છે. જેમાં બે વિરોધીઓ અને એક એસઆઈનો સમાવેશ થાય છે. અથડામણમાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

વાસ્તવમાં, છેલ્લા ચાર દિવસથી, PoKમાં સામાજિક કાર્યકરો, વેપારીઓ અને વકીલો દ્વારા રચાયેલી સંયુક્ત અવામી એક્શન કમિટીએ આવશ્યક ચીજવસ્તુઓની વધતી કિંમતો અને ટેક્સમાં વધારા સામે રાજધાની મુઝફ્ફરાબાદ સુધી કૂચનું આહ્વાન કર્યું છે. સોમવારે પણ લાખો વિરોધીઓએ મુઝફ્ફરાબાદ તરફ તેમની લોંગ માર્ચ ચાલુ રાખી હતી. કૂચને રોકવા માટે પોલીસે બળપ્રયોગ કર્યો, જેના કારણે પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું. રવિવારે ભીડમાંથી કોઈએ પોલીસ એસઆઈ અદનાન કુરેશીની ગોળી મારીને હત્યા કરી હતી. આ અથડામણમાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. જેમાં મોટાભાગના પોલીસકર્મીઓ હતા. અત્યાર સુધીમાં બે વિરોધીઓના પણ મોત થયા છે.

ભીમ્બરથી શરૂ થયેલો દેખાવકારોનો કાફલો દિરકોટથી મુઝફ્ફરાબાદમાં પ્રવેશ્યો હતો. આ પ્રદર્શનકારીઓ મુઝફ્ફરાબાદમાં વિધાનસભાનો ઘેરાવ કરશે. પીઓકેમાં ચોથા દિવસે પણ ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાઓ બંધ રહી હતી. આ દરમિયાન પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ પણ પ્રદર્શનકારીઓને શાંત કરવા સક્રિય બન્યા છે. શાહબાઝે સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. સોમવારે વિરોધીઓ અને સ્થાનિક સરકાર સાથેની વાતચીત બાદ તેમણે પીઓકે માટે તાત્કાલિક અસરથી રૂ. ૨૩ અબજનું બજેટ મંજૂર કર્યું હતું.

અણધાર્યા વિરોધ અને તેની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, વડા પ્રધાન શરીફે એક વિશેષ બેઠકની અધ્યક્ષતા કરી, જેમાં પીઓકેના વડા પ્રધાન ચૌધરી અનવારુલ હક, સ્થાનિક પ્રધાનો અને ટોચના નેતૃત્વએ હાજરી આપી હતી, વડા પ્રધાન કાર્યાલયએ એક નિવેદનમાં જણાવ્યું હતું. તેમાં કહેવામાં આવ્યું છે કે પીઓકેના લોકોની સમસ્યાઓના ઉકેલ માટે વડાપ્રધાન શરીફે ૨૩ અબજ રૂપિયાના બજેટને મંજૂરી આપી છે. આ બેઠકમાં ગઠબંધન પક્ષોના મંત્રીઓ અને નેતાઓએ પણ ભાગ લીધો હતો અને સ્થિતિની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. પીએમઓએ કહ્યું કે કાશ્મીરના નેતાઓ અને બેઠકમાં સામેલ લોકોએ શહેબાઝના નિર્ણયની પ્રશંસા કરી.

અહીં, શાહબાઝ શરીફ સાથેની બેઠક પૂરી થયા પછી તરત જ પીઓકેના વડા પ્રધાન હકે વીજળીના દરમાં ઘટાડો કરવાની જાહેરાત કરી. હકે કહ્યું, સ્થાનિક રહેવાસીઓ છેલ્લા કેટલાક દિવસોથી સસ્તી વીજળી અને લોટ પર સબસિડીની માંગ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, કોઈ સુલભ વીજળી અને સસ્તા લોટની જરૂરિયાતને અવગણી શકે નહીં. તેમણે બ્રેડના ભાવમાં પણ ઘટાડો કરવાની જાહેરાત કરી હતી.(૨૧.૧૮)

## ભારતીય ક્રિકેટ બોર્ડ નવા હેડ કોચની શોધમાં : સોશ્યલ મીડિયામાં જાહેરાત બહાર પાડી

# ૬૦ વર્ષથી ઓછી ઉંમર, ૫૦ વન-ડેનો અનુભવ : નવા હેડ કોચ માટે BCCIની શરતો

## નવા હેડ કોચનો કાર્યકાળ ૧ જુલાઇ ૨૦૨૪થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૭ સુધીનો રહેશે : ટીમના વિકાસની મુખ્ય જવાબદારી

નવી દિલ્હી તા. ૧૪ : ટી-૨૦ વર્લ્ડકપમાં અનુભવી રાહુલ દ્રવિડ મુખ્ય કોચ તરીકે જોવા મળશે. જો કે, આ પછી દ્રવિડ ફરીથી ટીમ ઈન્ડિયા સાથે જોવા મળશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે કારણ કે તેનો કાર્યકાળ માત્ર ટી-૨૦ વર્લ્ડ કપ સુધીનો છે.

બીસીસીઆઈએ નવા કોચની અરજી માટે ૧૩મી મેના રોજ નોટિસ પણ જારી કરી છે અને આ માટે ૨૭મી મેના રોજ સાંજે ૬ વાગ્યા સુધી અરજી કરી શકાય છે. વર્લ્ડ કપ પછી તરત જ નવા કોચની શોધમાં રહેલી ટીમ ઈન્ડિયાએ તેના સોશિયલ મીડિયા પર આ પોસ્ટ માટે એક જાહેરાત બહાર પાડી છે. જ્યાં કહેવામાં આવ્યું છે કે નવા મુખ્ય કોચની જવાબદારી ભારતીય ક્રિકેટ ટીમનો વિકાસ કરવાની રહેશે.

નવા મુખ્ય કોચનો કાર્યકાળ ૧ જુલાઈ ૨૦૨૪ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૭ સુધીનો રહેશે. એટલે કે બીસીસીઆઈએ ત્રણ વર્ષ માટે પોતાની યોજના બનાવી છે. જેમાં ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫, ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ અને ODI વર્લ્ડ કપ ૨૦૨૭ જેવી મોટી ટૂર્નામેન્ટ સામેલ હશે. જેમાં ઉમેદવારે મુખ્ય કોચની ભૂમિકા ભજવવાની રહેશે.

બીસીસીઆઈ એ જાહેરાતમાં કેટલીક શરતોનો ઉલ્લેખ કર્યો છે, જે અનુસાર મુખ્ય કોચ બનવા માટે ઓછામાં ઓછી ૩૦ ટેસ્ટ અથવા ૫૦ વનડે મેચ રમવાનો અનુભવ હોવો જોઈએ અથવા ઓછામાં ઓછા ૨ વર્ષ સુધી ફૂલ મેમ્બર ટેસ્ટ પ્લેઇંગ નેશનલ ટીમના મુખ્ય કોચ રહ્યા હોય. આ સિવાય એસોસિએટ મેમ્બર ઓછામાં ઓછા ૩ વર્ષ સુધી ટીમ/આઈપીએલ ટીમ અથવા આવી કોઈ મોટી લીગ અથવા ફર્સ્ટ ક્લાસ ટીમ અથવા નેશનલ A ટીમનો કોચ હોવો જોઈએ. ઉમેદવારની ઉંમર ૬૦ વર્ષથી ઓછી હોવી જોઈએ.(૨૧.૧૪)

**INVITING APPLICANTS**

A HELPFUL LADY BELOW 40 YEARS OF AGE OF UPPER CAST AND CULTURE TO STAY AND RESIDE WITH A SENIOR LITERATE GENTLEMAN WHO IS RESIDING PERIODICALLY AT MUMBAI AND MOSTLY AT GUJARAT-CALL 4 to 6 PM

98254 51606

# રાજકોટમાં મુંબઇવાળી નહીં થાય ને ? હોર્ડીંગ્સની પુનઃ ચકાસણી કરવા મનપાની તાકીદ

## નિયમ મુજબ કેટલા હોર્ડીંગ્સ શહેરમાં છે ? મોટી દુર્ઘટના ઘટે તો જવાબદાર કોણ ? ચર્ચાનો વિષય બન્યો : ગઇકાલે વાવાઝોડામાં ૪ વૃક્ષો ધરાશાયી : બેન્ક સહીતના બે બોર્ડ ઉખડયા

રાજકોટ, તા.૧૪: મુંબઈમાં ગઈકાલે વાવાઝોડામાં મહાકાય હોર્ડીંગ બોર્ડ ધરાશાયી થતા એક ડઝનથી વધુના મોત નિપજયા છે જયારે અનેક લોકો ઘાયલ થયા છે ત્યારે રાજકોટમાં પણ ગઈકાલે




ભારે પવન સાથે ૪ વૃક્ષો અને બેન્ક સહીત બે મિલ્કતના નામના બોર્ડ ધરાશાયી થવાની ઘટનાથી મનપા એકશનમાં આવ્યું છે.

મનપા દ્વારા મુંબઈવાળી ન થાય તે માટે તાબડતોબ શહેરના તમામ હોર્ડીંગ્સ બોર્ડના સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટની મુદત પૂર્ણ થઈ ગઈ હોય તો નવેસરથી સર્ટીફીકેટ રજુ કરવા તાકીદ કરી દેવામાં આવી છે.

શહેરમાં હાલ ૩૩૪ ખાનગી અને ૨૧૮ મનપાની હોર્ડીંગ્સ સાઈટો આવેલી છે. જે તમામની પુનઃચકાસણી કરી લેવા પણ આદેશો આપવામાં આવ્યા છે. ઉપરાંત પ્રિ-મોનસુન પ્લાન હેઠળ એસ્ટેટ બ્રાન્ચ દ્વારા આવતીકાલથી હોર્ડીંગ્સ સાઈટોને નોટીસો પણ આપવામાં આવશેનું મનપાની સત્તાવાર માહિતીમાં જણાવાયું છે.

ઉપરાંત ગઈકાલે ફૂંકાયેલ જોરદાર પવનથી નાના મૌવા રોડ, રાષ્ટ્રીય શાળા વિસ્તાર, વર્ધમાનનગર તથા આરટીઓ પાછળ એમ કુલ ૪ જગ્યાઓએ ઝાડ પડી ગયાની ફરીયાદો મનપામાં નોંધાઈ હતી. સાથે જ બેન્ક અને અન્ય એક કોમશીયલ પેઢીના નામના બોર્ડ પણ ઉખડી જવાની ઘટના ઘટી હતી.

મનપા દ્વારા મુંબઈની ઘટનાને ગંભીરતાથી લઈને રૂડા વિસ્તારમાં પણ રૂડા દ્વારા કામગીરી કરવામાં આવનાર છે. ત્યારે શહેરમાં નિયમ મુજબ કેટલા હોર્ડીંગ્સ છે ? અને મોટી દુર્ઘટના ઘટે તો જવાબદારી કોની ? તે ચર્ચાનો વિષય બન્યો છે. (૨૩.૨૨)

**જોઇએ છે**

કોમ્પ્યુટરમાં બીલીંગ માટે તથા પરચુરણ કામ માટે ફેકટરીમાં રહી શકે તેવા પગાર ૧૫૦૦૦ વર્કીંગ ટાઈમ ૮ થી ૧૨, ૧ થી ૯ સુધી ગામ: પડવલા, શાપર વેરાવળ રોડ.

૯૮૨૪૫ ૧૧૫૯૦

**ફલેટ વેચવાનો છે**

4 BHK લકઝરી

શ્રોફ રોડ વિસ્તારમા, ગર્વમેન્ટ પ્રેસ રોડ એક માળે એક ફલેટ, વેલ ફર્નિશ્ડ અલ્ટ્રા મોર્ડન, ફુલ હવા ઉજાસવાળો 2175 ફુટનો લકઝરી ફલેટ વેચવાનો છે.

M. 77779 23167

**સાધારણસભા એજન્ડા**

**શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિ મંડળ-રાજકોટ**

આથી સર્વે મહાદાતા સભ્યશ્રીઓ, દાતા સભ્યશ્રીઓ, સભ્યશ્રીઓ, સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે તારીખ ૨૬-૦૫-૨૦૨૪ રવિવારના રોજ સુર્યનગર ખાતે સંસ્થાની જનરલ બોર્ડની મીટીંગ બોલાવેલ છે. જેમાં આપ સર્વોને હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ. સમય રાત્રે ૮-૦૦ કલાકે

લી. પ્રમુખશ્રી
**વી. એન. ભરડવા**
શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિ મંડળ-રાજકોટ.

**વેચવાના છે**

૨૦૪ વાર જગ્યા
૧૭-પંચનાથ પ્લોટ

નવું બાંધકામ • 3BHK
૪ ફ્લેટ • ગ્રાઉન્ડ ફ્લોર
૪૦૦ ફુટ કોર્મીશયલ જગ્યા

કોર્મશીયલ ઉપયોગ થઈ શકે તેવું • મોબાઈલ, હોટલ, મેડીકલ માટે અનુકુળ જગ્યા

બ્રોકર ભાઈઓ આવકાર્ય
94290 47834

મનપા દ્વારા શિવમ ઇન્ડ. એરીયા, સોમનાથ ઇન્ડ. એરીયા, નવરંગપરા, વાવડી તથા ડીલક્ષ ચોક ખાતે દરોડો

# બરફના ૫ ઉત્પાદકોને ત્યાં ફુડ શાખા ત્રાટકી: પાણીના રિપોર્ટ નિયમિત આપવા નોટીસ

## રામનાથપરા મેઇન રોડ અને ગોવિંદબાગ શાક માર્કેટ વિસ્તારમાં ખાણીપીણીના ૩૭ ધંધાર્થીઓને ત્યાં ચકાસણી : ૧૯ને લાઇસન્સ અંગે સૂચના

રાજકોટ, તા.૧૪: કાળઝાળ ઉનાળો ચાલી રહ્યો છે ત્યારે કોલ્ડ વસ્તુઓનું વેચાણ વધ્યું છે. જેને ધ્યાનમાં રાખી મનપાની ફુડ શાખા દ્વારા બરફનું ઉત્પાદન કરતાં એકમોની તપાસ કરી, લાયસન્સ તથા હાઈજેનિક કન્ડિશન તેમજ યોગ્ય જાળવણી અંગે કુલ -૦૫ પેઢીને નોટિસ આપવામાં આવી હતી જેમાં • લાભ આઈસ ફેક્ટરી (શિવમ્ ઈન્ડ. એરીયા, ગોંડલ રોડ ચોકડી પાછળ, કોઠારીયા રીંગ રોડ, • મહાદેવ આઈસ (સોમનાથ ઈન્ડ. એરીયા, કોઠારીયા, ગોંડલ, રાજકોટ) • નવદુર્ગા આઈસ ફેક્ટરી (મહાલક્ષ્મી મીલ પાસે, વાવડી, ગોંડલ રોડ • ક્રિષ્ના ફ્રીઝીંગ આઈસ ફેક્ટરી (નવરંગપરા, લક્ષ્મીનગર મેઈન રોડ તથા • નૂતન સૌરાષ્ટ્ર આઈસ ફેક્ટરી (ડીલક્ષ ચોક, કુવાડવા રોડને હાઈજેનિક કન્ડિશન તેમજ નિયમિત પાણીના રોપોર્ટ કરવા બાબતે નોટિસ આપવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના રામનાથપરા મેઈન રોડ તથા આર્યનગર - ગોવિંદબાગ શાકમાર્કેટ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૭ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૯ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્યચીજોના કુલ ૨૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

### ૧૯ને લાઇસન્સ અંગે નોટીસ

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના રામનાથપરા મેઈન રોડ તથા આર્યનગર -ગોવિંદબાગ શાકમાર્કેટ વિસ્તારમાં આવેલ, ખોડિયાર હોટલ -ખોડિયાર ગાંઠિયા, ખોડિયાર દાળપકવાન, ચામુંડા દાળપકવાન, બાલાજી દાળપકવાન, ચામુંડા ફરસાણ, વિજય ભજીયા, માં ફરસાણ હાઉસ, રાજબાઈ સેલ્સ એજન્સી, રાજ ભેળ, રાજ એજન્સી, શિવ કોલ્ડ્રિક્સ & આઈસ્ક્રીમ જોકર કોલ્ડ્રિક્સ, રાંદલ સોડા સેન્ટર, ભારત પાન & કોલ્ડ્રિક્સ, લીંબુ સોડા શોપ, જય યોગેશ્વર ડેરી ફાર્મ, નીલકંઠ ડેરી ફાર્મ, ત્રિલોક ખમણને લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ. (૨૩.૨૦)

**દુકાન વેચવાની છે**

વિદ્યાનગર મેઇન રોડ
હીરા કોમ્પ્લેક્ષ ગ્રાઉન્ડ ફલોર
૯૭૭૩૦ ૧૭૫૫૩
૯૬૩૮૯ ૪૧૦૯૪
RAC-NAYAN

**Required**

(Fresher / Experienced)

- Diploma Civil (M)
- B.E. Civil (M)
- I.T.I. Civil Draftsman (M/F)
- Any Graduate with Civil Technical knowledge (M/F)
- Basic Knowledge of MS Office (M/F)

Call/WhatsApp : 87340 44444



જલારામ બાપાની અસીમ કૃપાથી
અમારા માનવંતા ગ્રાહકોની સેવાના
31 વર્ષ પુર્ણ કરી
જલારામ પબ્લીસીટી
Since 1993
32માં વર્ષમાં મંગલ પ્રવેશ
કોઇપણ દૈનિક ન્યુઝ પેપરની નાની/ મોટી ટચુકડી જાહેરખબર માટે મળો
તથા ટી.વી. ચેનલ, રેડિયો, રિક્ષા બેનર, હોર્ડિંગ્સ બેનરની નાની/ મોટી જાહેરખબર માટે મળો
જનકભાઇ ગોવાણી - 98245 88070
રાહુલ જે. ગોવાણી - 97148 48487
306, મણી કોમ્પ્લેક્ષ, હોટલ ઇમ્પીરીચલ પેલેસની સામે, જનકપુરી હોલ પાસે, યાજ્ઞિક રોડ, રાજકોટ.
jalaram.publicity@gmail.com

**+ નેચરલ હેલ્થ +**

ન્યુટ્રીશન અને લાઇફ સ્ટાઇલ આધારીત સારવાર માટે (દવા વગરની સારવાર)

- ન્યુટ્રીશન અને લાઇફ સ્ટાઇલ આધારીત સારવાર (દવા વગરની સારવાર)
- ખોરાક કયા પ્રકારનો, કયા સમયે અને કેટલા પ્રમાણમાં લેવો તેની સંપૂર્ણ જાણકારી અને સમજણ
- ફુડસાયન્સ-લાઇફસ્ટાઇલ મેડીસીન-પ્રીવેન્ટીવ એન્ડ પ્રમોટીવ હેલ્થકેર-વેલનેસ પ્રોગ્રામ જેવી સારવાર પદ્ધતિઓના ક્વોલીફાઇડ અને અનુભવી નિષ્ણાંત દ્વારા સારવાર

મુકેશ બ્રોકર્સ ઓફીસ
૭૦૫, ધી સ્પાયર, ૧૫૦ ફુટ રીંગ રોડ (North) શીતલ પાર્ક બસ સ્ટોપ
બુધ અને શુક્રવારે (સવારે ૧૧થી ૧)
(એપોઇન્ટમેન્ટ લઇને આવવુ)

પંચનાથ હોસ્પિટલ
પ્રથમ માળ, લીમડા ચોક પાસે, રાજકોટ
સોમથી શનિ
(સાંજે ૪થી ૫)

ડો. મારૂ (મો. ૮૮૬૬૧ ૫૯૫૯૩/૯૪૨૮૮ ૯૪૭૯૪)

**માણસ જોઇએ છે**

રીટેઇલ મેડીકલ સ્ટોર માટે અનુભવી લેડીઝ/જેન્ટસ
૯૭૭૩૦ ૧૭૫૫૩
૯૬૩૮૯ ૪૧૦૯૪
RAC-NAYAN

**લોંગ લીઝથી શોરૂમ લાયક જગ્યા ભાડે આપવાની છે**

ડબલ ફલોર
૧૦૦૦+૧૦૦૦ સ્કવેર ફીટ
★ શોરૂમ લાયક
★ રેસ્ટોરન્ટ લાયક
★ બેન્ક લાયક
ઉમિયા ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ
મો. ૯૯૭૮૪ ૮૦૪૫૨

**રેસકોર્ષ રીંગ રોડ થી તદ્દન નજીક**

Neminath 2&3 BHK PREMIUM FLATS

ટાઇટલ કલીયર લોનેબલ

રેડી પઝેશન



- ૨૪ કલાક પાણી
- પાણીનો બોર
- વોટર અને ઇલેક્ટ્રીક સોલાર
- લીફ્ટ
- પાર્કીંગ
- સિક્યોરીટી કેબીન
- એન્ટ્રી ગેઇટ-પાર્કીંગ
- એલીવેશનમાં LED લાઇટ ફિટીંગ
- એન્ટ્રી ગેઇટ આકર્ષક એન્ટ્રી

ન્યુ ફલેટ ન્યુ ફર્નીચર

"RERA Certified"

૪-સખીયાનગર, જૈન ઉપાશ્રય વાળી શેરી, એરપોર્ટ રોડ, રાજકોટ.
98243 29898

**હોસ્ટેલ માટે**

5 ફલોર નું બીલ્ડીંગ ભાડે આપવાનુ છે
યુનીવર્સીટી રોડ
11 BHK Luxurious Bungalow ભાડે આપવાનો છે
98242 12436

**ભાડે આપવાનું છે**

પારસ સોસાયટીમાં સ્વતંત્ર એક રૂમ-રસોડુ-બાથરૂમ સંડાસ-ગ્રાઉન્ડ ફ્લોર પર
M. 96646 91406

**મશીનીંગ કામ આપવાનું છે**

ટર્નિંગ, શેપીંગ, પ્લાનીંગ
CNC / VMC ગ્રાઉન્ડીંગ કામ
સંપર્ક : 82006 51735

• વેચવાનો છે •

**મોકાનો પ્લોટ**

શો-રૂમ, ગોડાઉન, હોલસેલ બિઝનેશને લાયક

| કોમર્શિયલ વિસ્તાર | 234 વાર | સાઇઝ 33 X 64 ફુટ |
| --- | --- | --- |

રઘુવિરપરા શેરી નં. ૨/૩, પરા બજાર, રાજકોટ
સંપર્ક ૭૬૦૦૫ ૯૩૦૦૧

**Raymond શુટ** રૂ. ૩૫૦૦

કાપડ+સિલાઇ સાથે સફારી શુટ રૂ. ૧૫૫૦

વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે ફક્ત રૂ. ૩૦૦૦ શુટ કોટ પેન્ટ

વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે બ્રાન્ડેડ જોડી રૂ. ૧૧૦૦

રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂ. ૧૨૫૦

ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન

વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

ભાડે મળશે શુટ સેરવાની ઇન્ડો વેસ્ટર્ન

Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1978

રેસિપી હોય દાદીની... કે નાનીની... કે મમ્મીની...

સિંગતેલ તો રાણીનું જ!

બારેમાસ બેમિસાલ અસ્સલ અથાણાં બનાવવાં આજે જ તમારા ઘરે લઈ આવો.

RANI® GOLD સિંગતેલ




કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- ગોકુલ ધામ : 0281-2333499, 2360201 જવાહર રોડ : 0281-2222700/800
રૈયા રોડ : 97125 72000, 97125 73000 • શાપર : 97273 83000/84000/85000
• અમદાવાદ સીટી :- ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

**Std.10 Board Result - 2024**

TAPASVI SCHOOL — 100% Result

- RAYJA BHOOMI 99.64 PR
- JOSHI PARV 99.21 PR
- CHANDARANA ANGEL 99.07 PR
- ARAB FATEMAH 98.65 PR
- TANNA DHRUMIL 98.27 PR
- LATHIGARA MISRI 97.73 PR
- KOTHARI RATNIKA 97.63 PR
- KAMDAR SHREY 97.63 PR
- JOSHI MANASVI 97.51 PR
- KARIA MAULI 97.4 PR
- HINDUJA PRACHI 96.23 PR
- DOSHI SIDDHI 96.23 PR
- VORA JIYA 95.67 PR
- KAVA VYUH 95.53 PR
- RAIJADA PURV 94.29 PR
- CHANGI ZAHABIYA 94.12 PR
- DAVE RUDRADUTT 94.12 PR
- POPAT SONULIA 93.79 PR
- SHETH TAVAN 92.58 PR
- BHARMAL FATEMA 92.4 PR
- SOHALA TEJAL 92.22 PR
- BHANDERI HIYA 91.68 PR
- NARIYAPARA RAXIT 90.34 PR

**Std.12 Board Result - 2024**

100% Result

- KAMANI SAUMYA 98.5 PR
- MEHTA MAHEK 96.32 PR
- GOHEL RONIL 94.68 PR
- BADIYANI DIYA 92.64 PR
- CHAUHAN YASHRAJSINH 92.27 PR
- LEHRU VANDAN 91.31 PR
- SANGANI NIKITA 90.48 PR
- GANDHI JEMIL 89.63 PR
- PREMANI KARAN 88.54 PR
- BHALANI DEEP 87.83 PR

ADMISSION OPEN | PLAY GROUP to Std.12 | GSEB - CBSE BOARD

TIS TAPASVI INTERNATIONAL SCHOOL
CBSE CAMPUS : Raiya Road, Vajdi Gadh, M.99048 05821
GSEB CAMPUS : 2-Jalaram Plot, Uni. Road, M.99048 05810